
# जैनी सप्तपदार्थी।



न्यायकाव्यतीर्थ मुनिश्रीहिमांशुविजयः।

# जैनी सप्तपदार्थी

श्रीविजयधर्मसूरिजैनग्रन्थमालापुष्पाङ्कः १९.

# जैनी सप्तपदार्थी ।

श्रीयशस्वत्सागररचिता ।

सा च

न्याय–काव्यतीर्थपरीक्षोत्तीर्णेन तर्कालङ्कारपदयुक्तेन

मुनिहिमांशुविजयेन

टिप्पणीपरिशिष्टादिभिरलङ्कृत्य संपादिता ।

महावीरनिर्वाणसंवत् २४६०

प्रथमावृत्तिः ।

धर्मनिर्वाणसंवत् १३

પ્રકાશકઃ-
**દીપચંદ બાંઠીયા.**
મંત્રીઃ-શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા.
છોટા સરાફા **ઉજ્જૈન** ( માલવા )

**પુસ્તક પ્રાપ્તિસ્થાન**

૧ શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા, **ઉજ્જૈન.**

૨ 'જ્યોતિ કાર્યાલય'
નગરશેઠ મારકીટ, રતનપોળ-**અમદાવાદ.**

મુદ્રકઃ-
શ્રીયુત ગુલાબચંદ લલ્લુભાઇ જૈન.
શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ દાણાપીઠ-**ભાવનગર** ( કાઠીયાવાડ )

શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રન્થમાલા પુષ્પ ૧૯.

# જૈની સપ્તપદાર્થી

( જૈન ન્યાયનો પ્રવેશક ગ્રંથ )

સંશોધક અને પરિશિષ્ટકાર,

ન્યાય-કાવ્ય તીર્થ.

મુનિ હિમાંશુવિજયજી

( અનેકાન્તી )

વીર સં. ૨૪૬૦. આવૃત્તિ પહેલી ૧૦૦૦. ધર્મ સં. ૧૩.

ઇસ્વીસન્ ૧૯૩૪. પાંચઆના. વિક્રમ સં. ૧૯૯૦

# ધન્યવાદ.

આ ગ્રન્થના ખર્ચમાં નીચેના સદ્‌ગૃહસ્થોએ આર્થિક મદદ આપી છે:—

**પાડીવ ( સીરોહી સ્ટેટ મારવાડ ) ના**

શેઠ તારાચંદજી સાંકળચંદજી તથા તેમનાં ધર્મપત્ની શ્રાવિકા બાઇ બગુ.

શેઠ લુંબાજી ઉમાજી તથા તેમની પુત્રી બાઈ પૂરી.

તથા

સરસપુર ( અમદાવાદ ) વાળા વિદ્યાપ્રેમી શ્રીયુત કેશવલાલ મનસુખરામ ગાંધી.

આ બધાં મહાશયોનો આભાર માનીએ છીએ.

પ્રકાશક.

# પ્ર....સ્તા....વ....ના.

આર્યસિદ્ધાન્તોથી કહો કે ડારવીન (Darwin) ના નવીન વિકાસવાદની દૃષ્ટિએ કહો પણ 'મનુષ્ય'માં મનુષ્યલોકનાં બીજા પ્રાણીઓ કરતાં વિચાર–બુદ્ધિશક્તિનો વધુ વિકાસ થવા પામ્યો છે એમાં હું ધારું છું ત્યાં સુધી કોઇનોય મતભેદ નથી.

**મનુષ્ય અને પશુની વિચાર-શક્તિમાં ભેદ.**

જો કે કેટલીક બાબતોમાં મનુષ્યેતર–પશુ–પક્ષીઓમાં મનુષ્ય કરતાં વધુ વિકાસ થયો જણાય છે. જેમ કે, ગીધઆદિમાં દૂર દૂરથી જોવાનો, કુતરાં વિગેરેમાં ઝડપથી દૂરના અવાજને સાંભળવાનો તથા સુંઘવાનો, કીડીઓ આદિમાં ભવિષ્યમાં થનાર વર્ષાદના જ્ઞાનનો, પણ તેમનો આ વિકાસ અમુક અમુક ક્ષેત્રોમાં જ હોઈ પરિમિત છે. ફક્ત વાર્ત્તમાનિક અને ભૌતિક જીવનને જ નભાવવા પૂરતો અને સ્વાર્થને સાધવા જેટલો સંકુચિત છે. જ્યારે મનુષ્યની વિચારશક્તિનો વિકાસ પોતાની અને પરની, ભૌતિક અને આધ્યાત્મિકની, વર્તમાનની અને ભવિષ્યની ( લાખો ભવો સુદ્ધાંની ) જીવનયાત્રાને સફળ બનાવવા જેટલો, તેની આવશ્યકતાઓની પૂર્ત્તિ કરવા જેવડો વ્યાપક અને બળવાન્ છે. એજ મનુષ્યની વિશિષ્ટતા છે. મનુષ્યેતર પ્રાણીઓમાં તેવો વિકાસ કોઈમાં ન જ થાય એમ મારું કહેવું નથી. શક્તિનો કોઇએ ઇજારો લીધો નથી એકાન્ત રીતે અમુક ન થાય એવો આગ્રહ કરવામાં તત્ત્વદૃષ્ટિએ અન્યાય થાય. મેં તો અત્યાર સુધીની દૃષ્ટિએ કહ્યું છે. બીજાઓ ભવિષ્યમાં આગળ વધુ વિકાસ કરે તો હું તો રાજીજ થઈશ. અસ્તુ.

**જૂના ભારતના તત્ત્વજ્ઞોના ઉપદેશો.**

**આ**પણા ભારતમાં માનવની વિચારશક્તિનો વિકાસ બહુ જ લાંબા કાળથી થયો છે. ભારતનો જુગ જૂનો ઇતિહાસ તેવા વિકાસના અનેક દાખલાઓ આપણી આગળ રજુ કરે છે. એ વિકાસના કારણે જ તો આપણા દેશમાં સર્વજ્ઞ અને વિશેષજ્ઞ પુરુષોએ ભૌતિક અને આધ્યાત્મિક શ્રેય સાધવાના અનેક માર્ગો–સિદ્ધાન્તો જગત્‌ને દેખાડ્યા છે. તે સિદ્ધાન્તોની ગણતરી કરીએ તો હજારો ઉપર થઈ જાય. પણ એ સિદ્ધાન્તોની બહુલતાથી ગભરાવાનું નથી. એ તો આપણા જૂના તત્ત્વજ્ઞોના માનસની સ્વતન્ત્રતા અને મોટી ઉદારતા સૂચવે છે કે તેઓએ જૂદા જૂદા દેશકાળના મનુષ્યોને તેમની લાયકાતને પારખી જૂદા જૂદા સિદ્ધાન્તો બતાવ્યા છે. બાળક માટે જે ઔષધ જોઇએ તે જ વૃદ્ધને માટે પણ જોઇએ એવો આગ્રહ રાખવો સારો નથી. પાત્ર ભેદથી સાધક ભેદથી સાધનો પણ જૂદાં જૂદાં થાય એ જ ઉત્તમ પદ્ધતિ છે. જે કાળની સંસ્કૃતિની હું શ્લાઘાત્મક નહિ પણ યથાર્થ વાત લખી રહ્યો છું તે કાળ ઇસુની પૂર્વેનો છે. કે જે સમયે ધર્મો કે દર્શનોમાં ખેંચાતાણ નહોતી ઉત્પન્ન થઈ. તત્ત્વદૃષ્ટિ ને આત્મ-ધર્મને જ મુખ્ય સ્થાન હતું. પંથ કે મઝહબનું ઝેર અસ્તિત્વમાં પણ નહોતું આવ્યું. તે વખતના વિચારક તત્ત્વજ્ઞ પુરુષોની દૃષ્ટિ અને તેમનું આચરણ શરદ્ ઋતુના જળ, વાદળાં અને ચન્દ્રમા જેવાં નિર્મળ શાંત અને તેજસ્વી હતાં. એ વાતની સાક્ષી આજે પણ તેમના ગ્રંથો પૂરે છે. આપણા જેવા અર્ધદગ્ધ લેખકો કે પામરવિ-દગ્ધો તેવા વિશેષજ્ઞ પવિત્ર ઉપદેશકોને અનુદાર મૂર્ખ કે અયોગ્ય કહેવાની જો ધૃષ્ટતા કરે તો તે મોટામાં મોટું પાતક છે. નરી જડતા છે. અનેરું બાલિશપણું છે.

**એ** વિચારસ્વાતન્ત્ર્યથી બહુ જૂના ( વિક્રમ પૂર્વેના ) કાળમાં આપણા ભારતના અનેક સ્ત્રી–પુરુષોએ સ્વવિકાસ સાધી જગત્‌ને

**પ્રાચીન ભારતીય સિદ્ધાન્તોની અસર.** પણ વિકાસપંથે દોર્યું હતું. તેથી જ ભારતમાં અનેક દર્શનો; નવી કલ્પનાઓ ઉન્નત વિચારોનો જન્મ થવા પામ્યો હતો. કહેવાની જરૂર નથી કે ભારતના તેજસ્વી વિચારકોની વિચાર-ગંગાએ સહુ પહેલા જગત્માં વહીને જગત્ને પાવન કર્યું છે અને જગત્ની શિષ્ટસંસ્કૃતિ ઘડવામાં અનોખો ફાળો આપ્યો છે. એ માન આપણા આ ભારતદેશને મળ્યું છે. અત્યારે આપણે જડ કમજોર, અને પરાધીન દશામાં સપડાએલા **છીએ** એટલે કદાચ આપણને એ સાચી વાત પણ સાચી ન લાગે તો જરા પણ નવાઇ જેવું નથી.

**જે**મ આજકાલ આપણી સરકારી પ્રાઇવેટ નિશાળો કે યુનિવર્સિટીઓમાં ભૂગોળ ભૂમિતિ વિગેરેના વિષયો ફરજીયાત ભણાવાય છે તેમ ઇસ્વી૦ પૂર્વેની ભારતીય **શિક્ષણસંસ્થાઓમાં હેતુ દર્શનશાસ્ત્ર** અને **અધ્યાત્મવિદ્યાનો** પણ અભ્યાસ ફરજીયાત કરાવાતો. આ વિષયના શિક્ષકો તથા પાઠ્ય ગ્રંથો પણ જોઇએ તેવા જ તે સમયે હયાત હતા; તેથી છાત્રો આવા વિષયોમાં રસ પૂર્વક અધ્યયન કરી અઠંગ અને ઉદાર વિદ્વાન્ થતા. આમ દર્શન અને અધ્યાત્મ વિષયનો અવિચ્છિન્ન પ્રવાહ ઇસુની દશમી સદી સુધી વહેતો રહ્યો. સાતમી સદીમાં ભારતની યાત્રાએ આવેલ **ચીની યાત્રી 'હુએનસાંગે'** પણ આ વાતનો ઉલ્લેખ પોતાના ગ્રંથમાં કર્યો છે.

**એ**વા વિચારકોના વિચારથી ભરેલા સેંકડો નહિ પણ લાખો ગ્રંથો બન્યા છે. એ વિચારકો અને તેમના વિચારોનો ઇતિહાસ ઘણો બહોળો અઘરો પણ રમુજ ઉત્પન્ન કરનારો છે. પ્રસ્તુત ગ્રંથ દાર્શનિક ( **જૈન**દર્શનનો ) છે પણ તે પ્રમાણમાં નહાનો તેમ જ પ્રક્રિયા ગ્રંથ હોઈ કરી તેની ટૂંકી પ્રસ્તાવનામાં તે વિચારકો અને વિચારોનો ઇતિહાસ આલેખી શકાય નહિ. અહીં તો ફક્ત પ્રસ્તુત ગ્રંથ પરત્વે જ લખવું ઉચિત કહેવાય. માટે અત્રે સદરહુ ગ્રન્થનું સ્વરૂપ, તેનું નામ, તેની શૈલી, તેના કર્ત્તા અને ગ્રન્થના સંપાદન વિષે જ ટૂંકાણમાં હું લખીશ.

# મૂળ ગ્રંથની આલોચના

**ગ્રંથનો વિષય.**

**ગ્ર**ન્થના સ્વરૂપ વિષે કહેતાં ગ્રન્થ ગત વિષય-વસ્તુના સંબંધમાં ખાસ કહેવું જોઇએ. આ ગ્રન્થનો પ્રતિપાદ્ય વિષય **ન્યાયની પદ્ધતિએ જૈનસિદ્ધાન્ત છે.** એટલે કે આમાં જૈનપ્રમેય ( પદાથ ) અને જૈન પ્રમાણોનો ટૂંક પરિચય બહુ સરળતાથી ન્યાયની પદ્ધતિ પ્રમાણે કરાવ્યો છે. જૈનન્યાયસિદ્ધાન્તના મોટા ગ્રંથો વાંચવામાં પ્રવેશક ગ્રંથ તરીકે આ ગ્રંથ બહુ સહાયક નિવડી શકે તેમ છે.

**ત**ત્ત્વજ્ઞાન મેળવવા અને બૌદ્ધિક વિકાસ સાધવા માટે ન્યાય ( દર્શનશાસ્ત્ર ) એક સુંદરમાં સુંદર સાધન છે. ઘણા લોકો ' **આ વિષય ઘણો અઘરો છે** ' એમ માની ન્યાયથી ભડકી એના અધ્યયનથી વંચિત રહે છે પણ તેમનો આ ભય ખોટો છે. ન્યાય તો એક રસિક અને જરૂરનો વિષય છે, ' ઉદ્યમી અને બુદ્ધિશાળી માટે જગતમાં કોઈ પણ વસ્તુ કઠિન છે જ નહિ. યુક્તિ અને પ્રમાણો દ્વારા જેનાથી પદાર્થોનું ભાન ( જ્ઞાન ) થાય તેનું નામ **ન્યાય** છે.

**ગ્રંથનું સ્વરૂપ.**

**જૈ**ની સપ્તપદાર્થી નામના આ ગ્રન્થમાં જૈનોના જીવ, અજીવ વિગેરે સાતે પદાર્થોનો ટૂંકમાં બહુ સહેલાઈથી પરિચય કરાવી પછી પ્રમાણ, નય, તેના ભેદો, સપ્તભંગી વિગેરે પ્રમાણ વિષયોનું દિગ્દર્શન કરાવ્યું છે. બીજા પણ ન્યાયોપયોગી કેટલાક વિષયોનો સંક્ષેપમાં વિચાર આમાં કર્યો છે. જે ૨૬ મા પેજમાં આપેલી વિષયાનુક્રમણિકામાંથી પાઠકો જોઈ શકશે. પ્રમાણોનું અને પ્રમેયનું વર્ણન, તેનાં લક્ષણ, તેના ભેદો વિગેરેમાં શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી સુધી જે જૈનમાન્યતા હતી તે જ માન્યતા આમાં છે. અર્થ તરીકે કાંઈ નવીન નથી.

કાળ વિષે તેના અસંખ્યાત પ્રદેશનો ઉલ્લેખ જો કે શ્વેતામ્બરોની પ્રચલિત માન્યતા કરતાં જૂદો જણાય છે; પણ શ્રી-સિદ્ધસેન ગણિ ( શ્વે૦ ) ની ટીકા ( પૃષ્ઠ ૪૩૪ ) વિગેરે જોવાથી જણાય છે કે કાળને પણ પર્યાયનયની દૃષ્ટિએ સ્વતંત્ર દ્રવ્ય માની તેના પ્રદેશો પર્યાયો માનવામાં બાધ નથી. આ ગ્રંથમાં જીવ વિગેરે પદાર્થોનું વર્ણન નવતત્ત્વ, કર્મગ્રન્થ દંડક અને તત્ત્વાર્થ-સૂત્રના આધારે કર્યું હોય તેમ આ ગ્રંથમાં આવતાં વાક્યો, શબ્દો અને ઉતારાઓ ઉપરથી જણાય છે. એના પ્રમાણવિષયક લખાણમાં મુખ્યતયા પ્રમાણનયતત્ત્વાલોકનો આધાર લેવામાં આવ્યો છે. પ્રમાણવિષયમાં કોઈ કોઈ સ્થળે તત્ત્વાર્થસૂત્ર અને તર્ક-સંગ્રહની પણ અસર જણાય છે. જીવવિચાર અને નવતત્ત્વના વિષયોને પણ આ ગ્રન્થમાં ન્યાયની ભાષામાં તેનાં ટૂંકાં લક્ષણો બાંધી રસિક બનાવ્યા છે, જેથી જૂની પદ્ધતિથી ભણવામાં કંટાળેલાને પણ આ ગ્રન્થ ભણવામાં ઉત્સાહ અને આનંદ ઉત્પન્ન થઇ શકે. પ્રત્યક્ષ અનુમાનાદિ પ્રમાણ, સપ્તભંગી જેવા કઠિન વિષયોને સહેલા અને ટૂંકા કરી આમાં સમજાવ્યા છે. મતલબ કે પ્રમાણ અને પ્રમેયનું આ એક જ પુસ્તકમાં દિગ્દર્શન કરાવવા ગ્રન્થકારે જૂની અને નવી અથવા આગમિક અને તાર્કિક એ બન્ને પદ્ધતિઓનો વચલો માર્ગ લઈ આ ગ્રન્થને સર્વોપયોગી બનાવ્યો છે.

આ ગ્રન્થ સહેલો અને નહાનો છે. વાક્યો સુંદર છે. લક્ષણો સારાં છે. જૈનપ્રમાણની સાથે આમાં જૈનપ્રમેયની પણ પ્રક્રિયા છે. એ જોતાં ‘ જૈન ન્યાય ’ ના પ્રાંથમિક અભ્યાસ માટે આ ગ્રન્થ બહુ કામનો છે. **જેમ નૈયાયિક વૈશેષિક દર્શન માટે** પ્રાથમિક ગ્રન્થ તરીકે **‘ તર્કસંગ્રહ ’** છે; તેમ **જૈનદર્શન** માટે આ **‘ સપ્તપદાર્થી ’** કહી શકાય. તર્કસંગ્રહ સૂત્રબદ્ધ છે; જ્યારે આ વાક્યબદ્ધ—ગદ્યબદ્ધ છે. આના કર્તાએ તર્કસંગ્રહ જેવો સહેલો જૈનગ્રંથ નથી એટલે તેના અનુકરણમાં આ ગ્રન્થ રચ્યો છે. તથા ‘ મુક્તાવળી ’ ને ઠેકાણે

'**સ્યાદ્**વાદમુક્તાવળી' બનાવી છે. ગ્રન્થકાર બન્ને ગ્રંથોની રચનામાં સંપૂર્ણ સફળ થયા હોય તેમ જણાતું નથી; છતાં તેમની ભાષા સરળતા અને પદાર્થોને ગોઠવવાની કળાની વિશેષતા સ્પષ્ટ રીતે તરી આવે છે. છાત્રોપયોગી સરલ ગ્રન્થ બનાવવા માટે ગ્રંથકારને ઓછું અભિનંદન નથી.

**પ્ર**માણ નયતત્ત્વાલોકથી લઇ ઠેઠ **સ**ન્મતિતર્ક સુધીના જૈન ગ્રંથો બધાએ પ્રમાણ વિષયની અને તે પણ વાદ વિવાદની પદ્ધતિથી ચર્ચા કરે છે પણ જેને જૈન પ્રક્રિયાનું આછું પણ જ્ઞાન ન હોય તેને તે ગ્રન્થો બહુજ અઘરા અને શુષ્ક લાગે એ સ્વાભાવિક છે. વર્તમાનમાં અત્યારસુધી '**તર્ક સંગ્રહ**' જેવો જૈન ન્યાયનો ગ્રંથ પ્રસિદ્ધ ન હતો એટલે આપણા સાધુઓ અને જૈન ગૃહસ્થોને પણ **તર્ક સંગ્રહ** ભણવો પડતો **કે જેમાં જૈનતત્ત્વનું વર્ણન નથી પણ નૈયાયિક ને વૈશેષિકનું છે. દરેક જૈન સાધુ તથા ગૃહસ્થો આ ગ્રંથથી પોતાની જિજ્ઞાસા પૂરી કરી શકે આવી ભાવનાથીજ આ ન્હાના સરલ પણ ઉપયોગી ગ્રંથને સંપાદિત કરવાનું મેં કામ હાથ ધર્યું છે.** હું આશા રાખું છું કે દરેક જૈન મુનિઓ તથા ગૃહસ્થો આ ગ્રંથને ભણી ભણાવી ગ્રંથકાર અને ગ્રંથ સંપાદકની ભાવનાને ફળવતી બનાવશે.

**ગ્રન્થનું નામ.**

**આ** ગ્રન્થનુ નામ '**જૈન સપ્તપદાર્થી**' છે. પ્રાણી માત્રમાં બીજાનું અનુકરણ કરવાની ટેવ હોય છે. વ્યાજબી કે ગેરવ્યાજબી થોડા ઘણા અંશે દરેક જીવો પોતાને યોગ્ય અન્યનું અનુકરણ કરે છે એ આપણે મનુષ્ય પશુ અને પક્ષીઓના વ્યવહારમાં નજરે જોઇએ છીએ.

**વ્ય**વહારની જેમ સાહિત્યકળા અને ધર્માનુષ્ઠાનમાં પણ તેના આકાર પ્રકાર નામ વિગેરેનું અનુકરણ અનુભવાય છે. અમુક ગ્રંથકારે અમુક ગ્રન્થનું એક નામ પાડયું એટલે તે સારું લાગતાં વર્ત્તમાન

અને ભવિષ્યના ગ્રન્થકારો પોતાનાં પુસ્તકોનાં નામ પાડવામાં તે ગ્રન્થના તે નામનું સંપૂર્ણ કે અંશતઃ અનુકરણ કરે છે, દાખલા તરીકે કાલિદાસના ' મેઘદૂત કાવ્ય ' ના નામનું અનુકરણ અનેક દેશ ધર્મ અને સમાજના ગ્રન્થકારોએ કર્યું છે. તેના ફળ સ્વરૂપ બે ડઝનથી વધારે **દૂત** કાવ્યો બન્યાં છે×. તેવીજ રીતે ' શ્રી **ભ**ગવદ્ ગીતા ' નું નામ લોકપ્રિય થતાં કે સારું લાગતાં **ગણેશ** ગીતા, **બુદ્ધ**ગીતા, **રાષ્ટ્ર**ગીતા વિગેરે અનેક ગીતાઓ બની. શ્રી **રવીન્દ્ર**નાથ ઠાકુરે પોતાના સુંદરતમ ગ્રન્થનું નામ **ગી**તાંજલિ રાખી અંશથી અનુકરણ કર્યું. તેનાં પણ અનુકરણો **ધર્મ**ગીતાંજલિ વિગેરેમાં થયાં. આવા અનુકરણોના સેંકડો દાખલા છે. તેમાં બુદ્ધિનો ઉપયોગ કરી અનુકરણ કરાય તો કલંકને બદલે શોભા રૂપ થાય છે.

**પ્ર**સ્તુત ગ્રન્થના નામમાં પણ તેના પૂર્વવર્તી નામની અસર પડી છે, એટલે કે આ ગ્રન્થની પહેલા ' **सप्तपदार्थी** ' નામનો ગ્રંથ બન્યો હતો§. તે સિવાય '**सप्तभंगीतरंगिणी**' '**सप्तसंधान**' વિગેરે **सप्त** શબ્દથી શરૂ થતાં નામવાળા પણ ગ્રંથો હતા. તેનું અનુકરણ આનું

---

× ઉદાહરણ તરીકે **જૈન** મેઘદૂત, **રાષ્ટ્ર**મેઘદૂત, **ચે**તોદૂત, **મ**નોદૂત, **પ**વનદૂત, **ચન્દ્ર**દૂત, **શી**લદૂત વિગેરે.

§ **જૈન** ગ્રંથાવળીમાં આના કર્ત્તા **जिनवर्धन** લખ્યા છે. **જૈન** સા. સં. ઇતિહાસમાં **सप्तपदार्थी**ના કર્તા **शिवादित्य** લખી **જિનવર્ધનને** ટીકાકાર લખ્યા છે. ' **આબૂ** ' વિગેરે ઐતિહાસિક ગ્રન્થોના લેખક વિદ્વાન્ મુનિરાજ શ્રી **જયં**તવિજયજી મહારાજ એક પત્રમાં જણાવે છેઃ—" **સ**પ્તપદાર્થી ઉપર શ્રી **બા**લચન્દ્રે વૃત્તિ બનાવી છે. **सप्तपदार्थी** તે મૂળ ગ્રંથ અજૈનકૃત છે. આની હસ્ત લિખિત પ્રતિ **રા**ધનપુરના શ્રી **વીર**વિજયજીના ભંડારમાં છે. તેના ૧૨ પેજ છે ".

નામ પાડવામાં થયું હોય એ શક્ય છે. **જૈન** દર્શન વિષયનો આ ગ્રંથ હોઇ કરી '**જૈની**' શબ્દ એની આગળ લગાડી આનું પૂરું નામ '**जैनी सप्तपदार्थी**' રાખ્યું છે.

**આ** અનુકરણ બુદ્ધિપૂર્વક હોઇકરી યથાર્થ અને શોભાસ્પદ છે, કારણ કેઃ—સદરહુ ( **જૈની**સપ્તપદાર્થી ) ગ્રંથમાં **જૈન**આગમો અને **ત**ત્વાર્થસૂત્ર વિગેરે ગ્રંથોમાં ઉલ્લિખિત જીવ, અજીવ, આશ્રવ, બન્ધ, સંવર, નિર્જરા, અને મોક્ષ એ સાત પદાર્થોનું ( તત્ત્વોનું ) પ્રતિપાદન છે. '**ન**વતત્વ' વિગેરેમાં પુણ્ય અને પાપને ઉપર લખેલ સાત તત્ત્વોથી જુદાં ગણી નવ તત્ત્વો માન્યાં છે. જ્યારે સદરહુ ગ્રંથમાં પુણ્ય અને પાપ એ આશ્રવનાજ પ્રકારો હોઇ કરી "**पुण्यपाप-द्वयमाश्रवान्तर्गतमेव**" (**पेज ३–११**) પુણ્ય પાપ આશ્રવના અંદરજ આવી જાય છે" એમ કહી તે બેને જુદાં તત્ત્વ તરીકે નહિ ગણતાં સાત જ તત્ત્વો વર્ણવ્યાં છે. એટલે કે તત્ત્વદૃષ્ટિએ સાત કે નવ એ બન્ને કલ્પનાઓમાં કશો તફાવત નથી.

**ગ્રંથની શૈલી.**

**શૈ**લીના સંબંધની ઘણીખરી બાબતો ઉપર સ્વરૂપમાં લખાઇ ગઇ છે. **જૈન** સિદ્ધાન્તના ગ્રંથો બે પદ્ધતિના છે. જેમાં એક તો '**આ**ગમ પદ્ધતિ' અને બીજી '**ન્યા**યપદ્ધતિ અર્થાત્ તર્ક પદ્ધતિ' છે પહેલી પદ્ધતિના ગ્રંથોમાં **ભ**ગવતી સૂત્ર, **સૂ**ત્ર કૃતાંગ વિગેરે આગમો તથા **વિ**શેષાવશ્યક ભાષ્ય, **નં**દિસૂત્ર, **જી**વવિચાર, **ન**વતત્ત્વ, **ક**ર્મગ્રંથ વિગેરે પ્રકરણાદિગ્રન્થોનો સમાવેશ કરી શકાય છે. બીજી પદ્ધતિના ગ્રંથોમાં **ન્યા**યાવતાર, **સ્યા**દ્વાદમંજરી, **પ્ર**માણમીમાંસા, **અ**નેકાન્તજયપતાકા, **સ્યા**દ્વાદ રત્નાકર, **સ**ન્મતિ તર્ક વગેરેનો અન્તર્ભાવ થઇ શકે છે. બીજી પદ્ધતિ એટલે કે **ન્યા**ય પદ્ધતિના ગ્રંથોમાં મોટે ભાગે **પ્ર**માણ નય વિષયના તથા તેમાં પણ વાદક 'વાદવિવાદના' ગ્રંથોજ **જૈ**નોમાં

વધારે બન્યા છે. નવા અને નાના જિજ્ઞાસુઓને ટૂંકમાં ન્યાયમાં પ્રવેશ થાય, તેઓ તેનો આસ્વાદ થોડી મહેનતે લઇ શકે તેવા **ત**ર્ક-સંગ્રહ, **સાં**ખ્યતત્ત્વકૌમુદી, **વે**દાન્તસાર વિગેરે જેવા જૈન તત્ત્વોના પ્રક્રિયાગ્રંથો ઘણા જ ઓછા બન્યા છે અને પ્રસિદ્ધિમાં તેથીયે ઓછા આવ્યા છે. તેથીજ તો જ્યારે હું ઇન્દોર કાવ્ય તીર્થની પરીક્ષા આપવા ગયો ત્યારે ત્યાંના પ્રિંસિપલ; **ન્યાય મી**માંસાદિ તીર્થ; મારામિત્ર શ્રીયુત **શ્રીપાદ શાસ્ત્રીજીએ ત**ર્કસંગ્રહ શૈલિનો **જૈન** ગ્રન્થ જો હોય તો તેને; અને ન હોય તો નવો બનાવી પ્રકાશિત કરવાની મને ભલામણ કરી હતી. આ 'જૈની સપ્તપદાર્થી' જૈનતત્ત્વોનો પ્રક્રિયા ગ્રંથ છે. આમાં જૈન પ્રમાણ અને પ્રમેય બન્નેનું નિરૂપણ છે. આની ભાષા સરલ સંસ્કૃત છે. શૈલી સારી છે. **ત**ર્કસંગ્રહ, સૂત્રબદ્ધ છે. **સાં**ખ્ય કારિકા પદ્યબદ્ધ છે. જ્યારે આ ગ્રંથ **ન્યા**ય દીપિકાની જેમ ગદ્ય બદ્ધ છે જેથી છાત્રોને વધુ સહેલો પડે. **ન્યા**યદીપિકા ( શ્રી ધર્મભૂષણની ) સારી છે પણ તે ફક્ત પ્રમાણ વિષયનું જ નિરૂપણ કરે છે એટલે પ્રમેયનું જ્ઞાન તેમાંથી થતું નથી, એમ મને જણાયાથી આ ગ્રંથ લોકો સમક્ષ મૂકવાનો મેં યત્ન કર્યો છે.

**બી**જી વિશેષતા આમાં એ છે કે:-ગ્રન્થકાર શ્વેતામ્બર સાધુ હોવા છતાં **શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી દરેક જૈનને સંમત હોય તેવાં તત્ત્વોનું જ આમાં તેમણે નિરૂપણ કર્યું** છે. કોઇને સાંપ્રદાયિક વાંધો આવે તેવી બાબત આમાં ગ્રંથકારે નાખી નથી, તેમ **અજૈન દર્શન કે કોઇ પણ તેમના સિદ્ધાન્તનું ખંડન આમાં કર્યું નથી** એ દૃષ્ટિએ આવા જમનામાં આવો ગ્રન્થ એક આશીર્વાદ રૂપ ગણી શકાય કે જેને સહેલાઇથી કોઇ પણ **જૈન કે અજૈન,** બાલક કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ થોડા ટાઇમમાં પ્રેમથી ભણી તત્ત્વ મેળવી શકે.

**દોષ દર્શન.**

**જ્યાં** સુધી માણસ અપૂર્ણ છે ત્યાં સુધી તેની કૃતિમાં પણ દોષ અનિવાર્ય છે. તેમાં કોઇએ આશ્ચર્ય કે ખોટું માનવાની જરૂર નથી. આ ગ્રન્થના ગુણદર્શન વિષે કહ્યા પછી દોષદર્શન વિષે ન કહેવાય તો આ આલોચના અધુરી રહે. તે માટે તે તરફ પણ દષ્ટિપાત કરી જોઇએ.

**ગ્રં**થની શરૂઆતમાં પ્રયોજન બતાવ્યા પછી જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ ( પૃષ્ઠ ૩–૧૦ માં ) એમ સાત પદાર્થોનો **ત**ત્ત્વાર્થસૂત્ર ( ત૦ ૧–૪ ) ના ક્રમથી ઉદ્દેશ ( નામ નિર્દેશ ) કર્યો છે. જ્યારે તેનાં લક્ષણો વિગેરે લખતાં અનુક્રમે જીવ, પુદ્ગલ ( અજીવ ), આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષનું નિરૂપણ **ન**વતત્ત્વના ક્રમથી કર્યું છે. એટલે કે પહેલાં ઉદ્દેશ કરતાં **'બંધ'** ને સંવરની પૂર્વે ચોથે નંબરે મૂકયો છે. જ્યારે વિવેચન કરતાં **'બંધ'** ને છઠ્ઠે નંબરે એટલે કે નિર્જરા પછી મૂકયો છે. કાયદો તો એવો છે કે જે ક્રમથી ઉદ્દેશ કર્યો હોય ( નામો લખ્યાં હોય ) તેજ ક્રમથી લક્ષણાદિ કરવાં જોઇએ છતાં અહીં ક્રમ ભંગનો દોષ ગ્રન્થકારે શા માટે કર્યો હશે ? તે સમજાતું નથી.

**આ** ગ્રંથમાં કેટલાંક વાકયો જૈન દૃષ્ટિએ અપૂર્ણ જેવાં પણ જણાય છે. તે સંબંધી મેં કોઇ કોઇની નોટોમાં આલોચના કરી છે. પ્રમાણ પ્રકરણમાં ગ્રંથકારે બહુજ ટૂંકાણમાં વિચાર કર્યો છે, તેમ આવશ્યક સ્થલે પણ **'यथा'** વિગેરે શબ્દો લખવામાં સંકોચ કર્યો છે. પ્રવેશક ગ્રન્થમાં તેવો સંકોચ કરવો યોગ્ય કહેવાય નહિ.

**પ્ર**સ્તુત ગ્રંથમાં જ્યાં જ્યાં **'પ્ર**માણનયતત્ત્વાલોક' વિગેરે બીજા ગ્રંથોનાં સૂત્રો વાકયો કે શ્લોકો લીધાં છે ત્યાં નથી લખ્યું તે ગ્રંથનું નામ કે, નથી લખ્યું તેના કર્તાનું નામ, **'यदुक्तं'** કે **'तथा चोक्तं'**

વિગેરે જેવા કૅાટેશન—અવતરણ સૂચક શબ્દો પણ મૂકયા નથી. આમાં આવતાં ઘણાખરાં સૂત્રો, વાકયો અને પદ્યોનો મારાથી બનતી મહેનતે પત્તો લગાડી મેં આ મૂળ ગ્રંથમાં અને એના બીજા (B) પરિશિષ્ટમાં તે તે ગ્રંથોનાં નામો વિગેરે આપી દીધાં છે. આમાં છેલ્લા બે દોષો તો ગ્રંથને સરલ અને અતિ નહાનો બનાવવાના ઉદ્દેશથી ગ્રન્થકારે જાણીને વહોર્યાં હશે. તે સિવાય એકાદ દોષ હોય તો પણ તે અનેક ગુણો અને ઘણી યોગ્યતાની અંદર “ **एको हि दोषो गुणसन्निपाते निमज्जतीन्दोः किरणेष्विवाङ्कः** ” સૂકિતથી, ઢંકાઇ જાય છે. એનાથી ગ્રંથ અને ગ્રંથકારનું મૂલ્ય ઓછું થવાનું નથી.

**ગ્રંથની રચના.**

**જો** કે આ ગ્રન્થની પ્રશસ્તિના શ્લોકમાં ( પૃ ૩૧ માં ) ‘ **सभूपान्दे** ’ નો અર્થ સાફ જણાતો નથી. પણ બીજા ગ્રંથો જોતાં ૧૭૫૭ વિક્રમસંવત્ હશે એવો અર્થ તે શ્લોકમાંથી નિકળે છે એટલે કે વિક્રમ સં. ૧૭૫૭ ની સુદિ એકમના દિવસે આ ગ્રંથ પૂરો થયો છે. આ શુક્લ પ્રતિપદા ( એકમ ) કયા મહિનાની છે તે વિષે આ ગ્રંથમાં કાંઇ ઉલ્લેખ નથી.

**આ**ગરાના શ્રી **વિજયધર્મ**લક્ષ્મીજ્ઞાનમંદિરમાં એક ૧૧ પાનાઓની પ્રતિ છે તેમાં લખ્યું છે કેઃ—“ **ત**પગચ્છના શ્રી**યશ**ઃસાગરના શિષ્ય પં. **યશસ્વત્**સાગરગણીએ વિક્રમ ૧૭૫૮ વર્ષે **સમુ**દ્રયપુરમાં **જયસિંહ** રાજાના રાજ્યમાં આ ગ્રંથ પૂરો કર્યો છે.” ( આનો મૂળપાઠ પૃ. ૩૧ માં છે ). આ પ્રતિના પાઠમાં એક વર્ષનો ફરક છે. સંભવ છે કે નકલ કરનારની ભૂલ હશે.

**ગ્રં**થકારે વિ. ૧૭૨૧થી ગ્રન્થો લખવાની પ્રવૃત્તિ શરુ કરી હતી તેથી એમ કહેવું અનુચિત નથી કે આ ગ્રન્થ તેમણે પ્રૌઢાવસ્થામાં બનાવ્યો છે.

# ગ્રન્થકર્ત્તા શ્રીયશસ્વત્સાગરગણિ.

**સ**દરહુ **'જૈની સપ્તપદાર્થી'** ગ્રન્થના બનાવનાર શ્રીમાન્ **'યશસ્વત્સાગરગણિ'** છે. ઘણાખરા નિઃસ્પૃહી જૈન સાધુઓની જેમ તેમણે પોતાનાં જન્મ, દેશ, સમય માતા પિતાનાં નામ, અવસ્થા વિગેરે સંબંધી લખવામાં ઉપેક્ષા કરી છે. ત્યાગની દષ્ટિએ જોકે આ પદ્ધતિ કીમતી અને વખાણવા જેવી છે, પણ ઇતિહાસકારોને માટે દુઃખકર જેવી અને મૂંઝવનારી લાગે છે. આ ગ્રંથની **પ્ર**શસ્તિના છેલ્લા ( પૃ. ૩૧ માં ) શ્લોકથી જણાય છે કેઃ–તેઓ **શ્રીયશઃ સાગરગણિ**ના શિષ્ય હતા. **ત**પાગચ્છની **વિ**જય, **વિ**મળ, **ચ**ન્દ્ર, **ર**ત્ન, **સુ**ન્દર, **સો**મ અને **સા**ગર વિગેરે અનેક શાખાઓ પૈકીની એક **સા**ગર શાખાના તેઓ જૈન સાધુ હતા. શ્રી **ય**શસ્વત્સાગર **स्याद्वादमुक्तावली**ની પ્રશસ્તિમાં તેમના પૂર્વ પૂજ્ય ગુરૂઓ તરીકે અનુક્રમે **શ્રીવિજયપ્રભસૂરિ**, **શ્રીકલ્યાણસાગર** અને **શ્રીયશઃસાગરનો** ઉલ્લેખ કરે છે.*

**શ્રીચારિત્રસાગર.**

**શ્રી**યશસ્વત્ સાગર પોતાની **સ્યા**દ્વાદમુક્તાવળીના દરેક સ્તબકના ( ચારેના ) અંતમાં શ્રી **ચા**રિત્રસાગરનો બહુ માનપૂર્વક ઉલ્લેખ કરે છે. કોઇ સ્થલે તેમને ગુરૂ કહે છે. કોઇ સ્થલે મહાન્ વિદ્વાન્ જણાવે છે. તો કોઇ સ્થલે રત્નત્રયી ( જ્ઞાન દર્શન ચારિત્ર ) ના દેનાર આલેખે છે. એનાથી એમ તર્ક થાય છે કે કાંતો તેઓ આપણા ગ્રન્થકારના વિદ્યાગુરૂ હશે ? કાં દાદા ગુરૂ અથવા સહુ પહેલા ધર્મમાં જોડનાર કે મોટા ઉપકારી હશે. એ તો નક્કી છે કે ગ્રંથકારના વખતમાં **ચા**રિત્રસાગરજી હયાત હતા અને તેમના દીક્ષાગુરૂ **ય**શઃ-સાગર ઉપર તેમનો જે સ્નેહ હતો તે કરતાં ઘણો વધારે સ્નેહ

*જૂઓ **સ્યા**દ્વાદ મુક્તાવળીના ચારે સ્તબકના છેડે.

ચારિત્રસાગર ઉપર શ્રી યશસ્વત્સાગરનો હતો. સ્યા. મુ. ના ચોથા સ્તબકના ૪૨ મા શ્લોકથી જણાય છે કેઃ—ચારિત્રસાગર જબ્બર વિદ્વાન્ હતા. આપણા ચરિત્ર નાયકનો ઘણોખરો અભ્યાસ એમની પાસે થયો હશે એમ લાગે છે.

**ગ્રન્થકારની વિદ્વત્તા અને કૃતિઓ.**

શ્રી યશસ્વત્સાગરને ભણવાની ઘણી ધગશ હતી. ન્યાય-દર્શન તર્કશાસ્ત્ર ઉપર તેમનો પ્રેમ અધિક હતો. તેમણે દર્શનના અનેક ગ્રંથો વાંચ્યા હતા જેના દોહન-રૂપે તેઓએ તે વિષયના અનેક ગ્રંથો લખ્યા છે. જેવા જૂના ગ્રંથો છે તેવા મહોટા અને કઠિન ગ્રંથો લખવાનો તેમણે મોહ ન રાખ્યો, પણ જેની જરૂરત હતી, બધાને ઉપયોગમાં આવી શકે તેવા સરલ નાના અને સર્વ ઉપયોગી ગ્રંથોજ તેઓએ બનાવ્યા છે. જૈનોમાં મુક્તાવળી અને તર્કસંગ્રહની ખોટ જણાતી હતી એટલે 'સ્યાદ્વાદ મુક્તાવળી' 'જૈની સપ્ત-પદાર્થી' અને 'જૈન તર્ક ભાષા' જેવા ગ્રંથો તેમણે બનાવ્યા. તેઓએ ન્યાયના ગ્રંથો બનાવવામાં શ્રી *વાદિદેવસૂરિના પ્રમાણ-નયતત્ત્વાલોક અને તેની ટીકાઓનો • ઘણો આધાર લીધો છે એ વાતનો તેઓએ પોતે પણ અનેક સ્થળે ઉલ્લેખ કર્યો છે. ન્યાય સિવાય કાવ્ય અને જ્યોતિષના પણ તેઓ વેત્તા હતા. ન્યાય જેવા વિષ-યને જૂદા જૂદા છન્દોના પદ્યોમાં આલેખવો એ કાવ્ય બનાવવાના દૃઢ અભ્યાસ વગર કેમ બની શકે ? તેમની સ્યાદ્વાદ મુક્તાવલી આખીય પદ્ય (છન્દઃ) માં બનેલી છે.

---

*स्याद्वादसुखबोधाय प्रक्रियेयं प्रतिष्ठिता ।
विचाराम्बुधिबोधाय **देवसूरि**वचोऽनुगा ॥

સ્યાદ્વાદ મુક્તાવળી. ૪-૪૪

• अर्हं बीजं भावतश्चाभिवन्द्य, सम्यग्विद्यासद्गुरुं मद्गुरुं च ।
श्री**मद्देवाचार्य**वर्योक्तियुक्त्या स्याद्वादस्य प्रक्रियां वावदामि ॥

હસ્તલિખિત જૈન તર્ક ભાષા શ્લોક. ૧

તેઓ પ્રકાંડ વિદ્વાન્ કદાચ ન હોય છતાં તેમણે શાસ્ત્રીય દરેક વિષયોનો પરિચય મેળવ્યો હતો. તેઓ દિગંબર શ્વેતાંબર વિગેરે જૈનોના પેટા ભેદો, તથા બીજા દર્શનો વિષે પણ ઉદાર હતા આ વાતની સાક્ષી આ ગ્રન્થ તથા તેમના બીજા ગ્રંથો પૂરે છે. તેઓ અઢારમી સદીમાં, થયા છે. કે જે સદીમાં શ્રી યશોવિજયજી, વિનય-વિજયજી અને મેઘવિજયજી ઉપાધ્યાય જેવા જ્યોતિર્ધરો પ્રકાશી રહ્યા હતા. તપાસ કરતાં તેમના ચૌદ ગ્રંથો જણાયા છે.

## તેમના ગ્રન્થો.

| ગ્રંથ નામ. | વિક્રમ સંવત. | ગ્રંથ નામ. | વિક્રમ સંવત. |
|---|---|---|---|
| ૧ ×વિચાર ષટ્ત્રિંશિકાવચૂરિ | ૧૭૨૧ | ૮ સ્યાદ્વાદ મુક્તાવળી* | |
| ૨ ભાવસપ્તતિકા | ૧૭૪૦ | ૯ માનમંજરી | |
| ૩ જૈની સપ્તપદાર્થી | ૧૭૫૭ | ૧૦ સમાસ શોભા | |
| ૪ શબ્દાર્થ સંબંધ | ૧૭૫૮ | ૧૧ ગૃહલાઘવ વાર્તિક | ૧૭૬૦ |
| ૫ પ્રમાણ વાદાર્થ | ૧૭૫૯ | ૧૨ યશોરાજ પદ્ધતિ | ૧૭૬૨ |
| ૬ જૈન તર્કભાષા | | ૧૩ વાદાર્થ નિરૂપણ | |
| ૭ વાદસંખ્યા | | ૧૪ સ્તવનરત્ન | |

×આમાં ૧, ૨, ૧૨, ૧૩ તથા ૧૪ નંબરના ગ્રંથો ઉદયપુરના એક જતિ મોતિવિજયજીના ઉપાશ્રયના ભંડારમાં છે. અને તે સિવાયના બધા ગ્રન્થોની હસ્તલિખિત એક કે તેથી વધારે પ્રતિઓ ગુરુદેવ શ્રી વિજયધર્મસૂરિ મહારાજના પુસ્તકોથી બનેલ આગરાના **શ્રીવિજયધર્મલક્ષ્મી જ્ઞાન મંદિર**માં મોજૂદ છે.

*સ્યાદ્વાદ મુક્તાવળીને વિક્રમ સં. ૧૯૬૫ માં ભજન સાહિત્યના સુંદર લેખક ઉદાર આચાર્ય શ્રીમાન્ બુદ્ધિસાગરસૂરિજીએ પ્રકાશિત કરી હતી, પણ તેનું સંશોધન અને સંપાદન નવી પદ્ધતિએ જોઇએ તેવું નથી થયું. ફરી એકવાર તે સંશોધન માંગે છે. આની મુદ્રિત પ્રતિ શ્રીમાન્ હેમેન્દ્ર-સાગરજી મહારાજે મને પૂરી પાડી છે તે બદલ તેમનો આભાર માનું છું.

# ગ્રન્થનું સંપાદન.

**પૂર્વવૃત્ત.**

લગભગ પાંચ વર્ષ પહેલાંની વાત છે. આ **જૈની સપ્તપદાર્થી** ગ્રંથની હસ્તલિખિત ત્રણ પ્રતિ મારા ન્યાયના સહાધ્યાયી **ન્યાયતીર્થ તર્કભૂષણ** ભાઇ રતિલાલ ડી.° દેસાઇએ **શિવપુરીમાં** મને આપી આ ગ્રન્થને સંપાદિત કરવાની પ્રેરણા કરી હતી. આ ત્રણે પ્રતો શ્રી **વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિરમાંથી** તેમણે મેળવી હતી. તે વખતે સ્વનામધન્ય ગુરૂદેવશ્રી **વિજયધર્મસૂરિમહારાજના** સમાધિમંદિરની પવિત્ર અને શીતલ છાયામાં આવેલ જૈન ગુરુકુલ **શ્રી વીરતત્ત્વ-પ્રકાશક મંડળ** શિવપુરીમાં અધ્યયન અધ્યાપનના કાર્યમાં હું પરોવાએલો રહેતો એટલે મેં આના સંપાદન તરફ ઉપેક્ષા કરી.

શિવપુરી છોડયા **પછી** કોઇ સમયે અધ્યાપનના ભારે, કોઇ વખતે ગ્રન્થાન્તરના સંપાદન કાર્યે, તો કોઇ વાર માંદગી દેવીએ મને આ ગ્રન્થના સંપાદનમાં મોડો કર્યો. આ વખતે આનો ઉદયકાળ આવ્યો તેથી આને સંપાદિત કરવા મેં દૃઢ નિશ્ચય કરી કામ શરૂ કર્યું. પૂજ્ય **મહારાજજીશ્રીની** આજ્ઞા લઇ મેટરને પ્રેસમાં મોકલ્યું.

ઉપર લખી ગયો છું તેમ આ ગ્રન્થની ત્રણ પ્રતો મને મળી હતી. તે ત્રણેનાં પાના અને સંજ્ઞા આ પ્રમાણે છે.

| **પાનાં.** | **સંજ્ઞા.** |
|---|---|
| ૧૦ | આના ઉપરથી મૂલ ગ્રન્થની નકલ કરી આ ગ્રંથ છપાવ્યો છે. |
| ૧૧ | આની સંજ્ઞા ( નામ ) **क** રાખી છે. |
| ૧૪ | આનું નામ **प्रत्यन्तर** રાખ્યું છે. |

**આ** ત્રણ પ્રતિઓ પૈકી પહેલાંની બેનાં અક્ષરો સારાં છે. બહુ અશુદ્ધ નથી. તેમ બન્નેમાં ઘણી સમાનતા છે. ત્રીજી (૧૪ પેજની) પ્રતિના પાઠો બે કરતાં કોઇ સ્થલે તદ્દન જૂદાં તેમજ ઘણાં વધારે છે. કોઇ કોઇ સ્થલે તો જાણે જૂદોજ ગ્રંથ હોય તેવું પણ ભાસે છે તેથી મેં પહેલાંની બે પ્રતોનો આમાં બહુ ઉપયોગ કર્યો છે. **क** સંજ્ઞાની પ્રતિના પાઠાન્તરો લીધાં છે. તેમ દસ પેજની પ્રતિના જ્યાં સાવ અશુદ્ધ પાઠો લાગ્યા તેને **क** અને ત્રીજી–**प्रत्यन्तर** સંજ્ઞાની પ્રતિથી શુદ્ધ પણ કર્યાં છે. બાકી **प्रत्यन्तर** સંજ્ઞાવાળી ૧૪ પેજની પ્રતિના બધા પાઠાન્તરો ન લેતાં જ્યાં પહેલી બે પ્રતિઓના પાઠો સંદિગ્ધ વિપરીત કે અનધ્યવસિત લાગ્યા ત્યાં ત્રીજી પ્રતિના પાઠાન્તરોની મારે મદદ લેવી પડી છે. જ્યાં મૂળનો સાવ અશુદ્ધ પાઠ જણાયો ત્યાં ત્રીજી પ્રતિના પાઠને લઈ તે તે સ્થલે ટિપ્પણીમાં **प्रत्यन्तर** કે **पुस्तकान्तर** ના નામથી મેં તેના પાઠાન્તરો આપ્યાં છે જેમ ૨૪ મા પેજમાં.

**સંપાદન પદ્ધતિ.**

**મૂ**ળમાં જે જે પાઠો મને શંકાવાળા કે સાવ ઉલટા જણાયા ત્યાં મેં વચ્ચે ( ? ) આવાં શંકાચિહ્નો કર્યાં છે. કોઇ સ્થલે અશુદ્ધ પાઠને બદલે તેની પાસે ( ) આવાં ચિહ્નો કરી તેમાં મારી બુદ્ધિએ નિશ્ચિત કરેલા શુદ્ધ પાઠો મેં મૂકયા છે. કેટલાક ઠીક નહિ જણાતા પાઠોની આલોચના મેં મારી ગુજરાતી નોટોમાં પણ કરી છે; જેમ સામાન્યવિશેષ અને ઉપાધિહેત્વાભાસ વિગેરેની. કેટલાક અશુદ્ધ પાઠો હોવા છતાં ત્રણે પ્રતિઓમાં એક જ સરખા પાઠ હોવાથી તે પાઠોને તેમના તેમ જ રહેવા દીધા છે; જેમઃ–પૃ. ૪–૧માં “ **०श्रवान्तर्गतमेवम्** ” પૃ. ૭–૧૯ માં “ **द्रष्ट्वा** ” વિગેરે. ઘણા ખરા પાઠો વ્યાકરણાદિની દૃષ્ટિએ સાવ અનુચિત લાગતાં તેમાં મેં ઘટતો સુધારો કર્યો છે. તેમાં કેટલાક અહીં પાઠકોની જાણ માટે આપું છું:—

| પેજ–પંક્તિ. | અશુદ્ધપાઠ. | શુદ્ધ કર્યો. |
|---|---|---|
| ૭—૬ | **स्वदेहपरिणामः ।** | **स्वदेहपरिमाणः ।** |
| ૮—૬ | **युयुक्तं ।** | **युक्तियुक्तम् ।** |
| ૮—૨૦ | **तद्वस्थ्यमेव ।** | **तादवस्थ्यमेव ।** |
| ૧૭—૯ | **अलक्षे ।** | **अलक्ष्ये ।** |
| ૧૭—૧૦ | **लक्षणगमव्याप्तिः ।** | **लक्षणगमनमव्याप्तिः ।** |
| ૧૮—૬ | **इदमप्यौचारिकं ।** | **इदमप्यौपचारिकं ।** |
| ૨૬—૪ | **०भाजौ ।** | **०भाजो ।** |
| ૨૬—૬ | **तिर्यगूता० ।** | **तिर्यगूर्ध्वता० ।** |

**સા**ધારણ લોકોની સગવડની ખાતર મેં ઘણે સ્થલે કઠિન **સં**ધિઓને છૂટી પાડી છે. મૂળ ગ્રંથની **ટિ**પ્પણીના વિભાગ કરતાં **પા**ઠાન્તરોનો વિભાગ જૂદો પાડી તેને જૂદા ખાનામાં મૂકયો છે. તથા બન્ને વિભાગની ટિપ્પણીના નંબરમાં ગોટાળો ન થવા પામે એટલા માટે **પા**ઠાન્તરોના નંબર ઇંગ્લીશ ફીગરમાં આપ્યા છે. વિષયોનાં મથાળાં હસ્તલિખિત પ્રતોમાં ન હતાં, તે મેં નવાં જ પાડ્યાં છે. મૂળ ગ્રંથમાં જે જે બીજા ગ્રન્થોનાં કૉટેશનો–અવતરણો મને લાગ્યાં તે મેં ચાલુ ટાઇપ કરતાં જરીક નાનાં ટાઇપમાં છપાવરાવ્યાં છે. તેની બન્ને તરફ મેં " " આવાં કોમાં ચિહ્ન કર્યાં છે તે એટલા માટે કે પાઠક જલ્દી સમજી શકે. એના સ્થાન વિગેરેનો નિર્દેશ મૂળ ગ્રન્થમાં અને પરિશિષ્ટમાં કર્યો છે.

**આ** મૂળ ગ્રંથ વિષે ગ્રંથની પાછલ નોટો વિગેરે ચાર પરિશિષ્ટો ગુજરાતીમાં જ લખ્યાં છે, તેનું કારણ એ છે કે ગુજરાતમાં સંસ્કૃત ભાષાનું બહુ જ ઓછું જ્ઞાન છે. પૂર્વદેશનો કોઇ પંડિત અહીં આવી આપણા ગુજરાતમાં **ગી**ર્વાણભાષાની તરફ લોકોની બેદરકારી અને મંદતા જૂએ તો તે ખરેખર આંસુ જ સારે. આ ગ્રંથ ન્યાય વિષયનો છે. આ વિષયનો થોડો રસાસ્વાદ ગુજરાતના લોકો પણ લેતાં શીખે એવા ઉદ્દેશ્યથી સંસ્કૃતગ્રન્થ હોવા છતાં અહીં નોટો વિગેરે ગુજરાતીમાં જ બધું લખાયું છે.

**પ્રા**રંભિક અભ્યાસીઓ માટે આ મૂળ ગ્રંથ છે એટલે મેં આની નોટો તદ્દન સહેલી જ લખી છે. મહત્ત્વનું લખવાની ઘણીયે ઇચ્છા થતી પરન્તુ ગ્રંથના અધિકારીઓ તરફ દૃષ્ટિ જતાં તે ઇચ્છાને મેં રોકી છે. મૂળ ગ્રંથ સંબંધી નોટો છે એટલે મૂળ કરતાં અવશિષ્ટ કે નવું જ લખવું જોઇએ તેથી મૂળ સિવાય તેને લગતું મેં લખ્યું છે એટલે વાચકો એક વિષયની તમામ વસ્તુ મારી આ નોટોમાં કદાચ નહિ જોઇ શકે એ સ્વાભાવિક વાત છે. એ માટે મને ક્ષમા આપશે. જેને તાત્ત્વિક જ્ઞાન હશે તેને આ નોટો કઠિન ન લાગશે એમ હું માનું છું. મૂળ કે નોટોને સમજવા માટે કેવળ બુદ્ધિનો જ ભરોસો ન રાખતાં પરિશ્રમ પણ કરવા માટે છાત્રોને હું વિનવું છું.

**આ** ગ્રંથના સંપાદન અને નોટો વિગેરેમાં મેં જે ગ્રંથ અને ગ્રન્થકારોની સહાયતા લીધી છે તેમનો હું આભારી છું. તેમ જ હસ્તલિખિત એક પ્રતિની નકલ કરી આપવા બદલ ભાઈ રતિલાલ ડી. ને પણ ધન્યવાદ આપ્યા વગર રહી શકતો નથી.


**સં**સ્થાના સંચાલકો આ ગ્રંથને **તર્કસંગ્રહ**ને બદલે જૈનશિક્ષણ સંસ્થાઓના પાઠ્યક્રમમાં દાખલ કરશે, શિક્ષકો સારી પેઠે વાંચી છાત્રોને પ્રેમ અને વિવેચન પૂર્વક ભણાવશે, વિદ્યાર્થીઓ આનું મનનપૂર્વક અધ્યયન કરી તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરશે અને વિશેષજ્ઞ પુરૂષો સ્ખલના કાઢી સૂચના કરશે, તો આ સંપાદક પોતાના નાના પ્રયત્નને આભાર પૂર્વક સફળ માનશે એટલું કહી રજા લઉં છું.

**ग्रन्थेऽत्र बुद्धिदोषाद्वा दृष्टिदोषात् त्वरात्वतः ।**
**स्खलितं दृश्यते यत् चेत् तच्छोध्यं धीधनैर्जनैः ॥**

**સાઠંબા**
જેઠ સુદિ ૧૫
ધર્મ સંવત ૧૨.

નિવેદક.
**હિમાંશુવિજય**
( અનેકાન્તી ).

# जगत्पूज्यश्री विजयधर्मसूरिजी.



सत्पाथोजविकासवासरकरो गाम्भीर्यरत्नाकरो,
धर्मोद्धारिसमाजदेशसुखदः प्रानन्दकन्दाम्बुदः ।
श्रद्धाज्ञानचरित्रनिर्मलबलः कुन्देन्दुकीर्त्त्योज्वलः,
सूरिः श्रीविजयादिधर्ममुनिपः स्याद् भूयसे श्रेयसे ॥

—धर्मवियोगमाला. ३०.

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.

# जैनी सप्तपदार्थी।

श्रीयशस्वत्सागरविनिर्मिता—

# जैनी सप्तपदार्थी ।

## नमो[1] गुरवे ।

स्वस्ति स्याद्वादवादाय समरूपप्ररूपिणे ।
अनेकान्तस्वरूपाय तस्मै नित्यं नमोनमः ॥ १ ॥

अपारसंसारसमुद्रसेतुं विज्ञानसारस्वविधानहेतुम् ।
सत्तर्क्यतर्काम्बुधिपारमेतुं स्तुवे जिनेन्द्रं वृषभैककेतुम् ॥२॥

अज्ञानतिमिरोच्छेद–भास्वद्भास्करसन्निभाम् ।
भाग्यसम्भारलभ्यार्थां जैनीं वाचमुपास्महे ॥ ३ ॥

## आदिवाक्यम् ।

प्रमाणनयप्रतीतार्थपदार्थसार्थप्ररूपणार्थमिदमुपक्रमः [१] । जीवाऽजीवाऽऽश्रव–बन्ध–संवर–निर्जरा–मोक्षास्तत्त्वानि सप्तैव पदार्थाः । पुण्यपापद्वयमाश्रवाऽ-

1 " श्रीगुरुभ्यो नमः " इति क–पाठः ।

न्तर्गतमेवम् [ ०मेव ? ]। यथोक्तं—कैरवाकरकौमुद्याम्—

" शम्भुः सप्तपदार्थभङ्गिघटनामासूत्रयन् जृम्भते " इति।

तत्र जीवाजीवौ द्वावेव सकलप्रामाणिकप्रतीतावेव सभेदौ, यथा—जीवस्त्वेकविधः। अजीवः पञ्चप्रकारः, पुद्गल-धर्माऽधर्माऽऽकाश-कालभेदात्। एतानि षडेव द्रव्याणि। पञ्चास्तिकायाः। कालस्याऽस्तिकायता नैव, अखण्डत्वाद् निरंशत्वाच्च। द्रव्य—गुण—पर्याय—सामान्य—विशेषभावाऽभावास्तत्सङ्गता एव।

## द्रव्यनिरूपणम्।

द्रव्यं सतत्त्वं यथा— गुण—पर्यायवदुत्पाद—व्यय—ध्रौव्ययुक्तं सदिति। यथोक्तम्—

" द्रवत्यदुद्रुवद् द्रोष्यत्येवं त्रैकालिकं हि यत्।
ताँस्ताँस्तथैव पर्यायान् तद् द्रव्यं जिनशासने ॥१॥

卐द्रव्यं पर्यायवियुतं पर्याया द्रव्यवर्जिताः।
क कदा केन किंरूपा दृष्टा मानेन केन वा ? ॥२॥ "

---

卐 एतत्सादृश्यं **सन्मतितर्के** दृश्यते यथा—
दव्वं पज्जवविउयं दव्वविउत्ता य पज्जवा णत्थि ॥१—१२॥ इति।

## गुणनिरूपणम् ।

अथ गुणाः । अन्वयिनः सहजा निर्गुणा गुणाः । व्यतिरेकिणः क्रमभाविनः पर्यायाः । पर्येत्युत्पादनाशौ चेति पर्यायाः । ध्रौव्यं द्रव्यगतो धर्मः । यथा—जीवपुद्गलयोरविष्वग्भावसम्बन्धसम्बन्धित्वेन पर्यायेषु सक्रियत्वम् । अतोऽन्ये पुद्गलद्रव्यं विना सर्वाणि पञ्च द्रव्याणि निःक्रियाणि । गुणा द्विविधाः, सामान्य-विशेषाभ्याम् । सामान्यगुणा अस्तित्वादयः सर्वेषां साधारणाः । विशेषगुणाः षण्णां भेदभिन्नाः । यथाऽऽत्मनो ज्ञान-दर्शन-सुख-वीर्यादयस्त्वनन्ता एव । पुद्गलद्रव्यविशेषगुणा विंशतिसंख्याः स्पर्श-रस-गन्ध-वर्णाऽऽख्याः । स्पर्शस्याष्टौ । रसाः पञ्च । गन्धौ द्वौ । वर्णाः पञ्चेति । धर्मद्रव्यस्य विशेषगुणो गतिहेतुत्वम् । अधर्मद्रव्यस्य स्थितिहेतुत्वम् । आकाशस्यावकाशदानहेतुत्वम् । कालस्य नवजीर्णवर्त्तनाहेतुलक्षण इति पृथग् विशेषगुणाः । जीवस्य स्वलक्षणं चेतनत्वम् । पुद्गलस्य मूर्त्तत्वमचेतनत्वम् । जीवपुद्गलयोगे कथंचिन्मूर्त्तत्वम् । शेषाणाममूर्त्तत्वमचेतनत्वम् ।

## पर्यायनिरूपणम् ।

पर्यायाः स्वभावविभावाभ्यां द्वेधा । विभाव-

द्रव्यपर्याया गत्याश्रिताः । विभावगुणपर्याया मत्यादयः । स्वभावद्रव्यपर्यायाः सिद्धत्वपर्यायाः । स्वभावगुणपर्याया अनन्तचतुष्टयरूपाः । इति पर्यायाः ।

## भावनिरूपणम् ।

अथ द्रव्याणां भावाः । अस्ति-नास्ति-नित्यानित्यैकानेकभेदाभेदभव्याभव्यपरापरस्वभावत्वान्येकादश[1] सामान्यस्वभावाः । चेतनाचेतनमूर्त्तामूर्त्तप्रदेशाप्रदेशस्वभावविभावशुद्धाशुद्धोपचरित्वानि विशेषभावा भावानां भव्याः[2] । विस्तारस्त्वन्यतो महाग्रन्थतोऽवसेयः । यथोक्तम्—

“ एकविंशतिभावाःस्युर्जीवपुद्गलयोर्मताः ।
धर्मादीनां षोडश स्युः काले पञ्चदश स्मृताः ॥१॥ ”

स्वभावविभावचेतनमूर्त्ताशुद्धत्वानि पञ्च भावाः । धर्माऽधर्माऽऽकाशानां त्रयाणामेते पञ्च भावा न भवन्ति । प्रदेशित्वभावं विना पञ्चदश काले भवन्ति । भावा इति सर्वद्रव्यसङ्गता गुणपर्यायभावा ज्ञातव्याः ।

---

1 अपरस्मिन् आदर्शपुस्तके “ परमस्वभावत्वान्येकादश ” इति पाठो वर्त्तते, तेनैकादशसंख्या संघटते ।

2 “ भाव्याः ” इति क—पाठः ।

# जीवनिरूपणम् ।

अथ जीवद्रव्यस्वरूपम् । चेतनालक्षणो जीव इति । सा च ज्ञानादिभेदादनेकधा, यथोपयोगलक्षणा द्वादशप्रभेदभिन्नाः [?] । जीवो द्विविधः, संसार्यसंसारिभेदात् । तत्र संसारी जीवः प्राणधारणात् चैतन्यस्वरूपः, परिणामी, कर्ता, भोक्ता, स्वदेहपरिमाणः, प्रतिक्षेत्रं भिन्नः, पौद्गलिकाऽदृष्टवाँश्चायम्§ ।

गुणा द्विविधाः शुद्धाऽशुद्धाः । अशुद्धा मत्यादयः । शुद्धाः क्षायिकादयश्च । पर्याया अपि द्वेधा—शुद्धाऽशुद्धाः । अशुद्धा गत्याश्रिताः । शुद्धाः सिद्धिमुपागताः । उत्पादव्ययध्रौव्यत्रयं यथा—पूर्वपर्यायपरित्यागो व्ययः । अनागतपर्यायस्योत्पाद उत्पादः । उत्पादो द्विविधः, स्वनिमित्तः परप्रत्ययश्च । व्ययोऽपि तथा । ध्रौव्यं तु द्रव्यगतं शाश्वतो धर्मश्चेतनात्मको ज्ञातृत्वस्वभावः, सर्वदैव ताद्रूप्यावस्थानात् । अवस्थाभेदेऽवस्थावतोऽपि भेदः । जीवति—प्राणान् द्रव्यभावभेदान् धारयतीति जीवः—चतुःप्राणादारभ्य दशप्राणपर्यन्तं प्राणी । तथा पञ्चेन्द्रियाणि त्रिविधं बलमितिवचनात् । द्रष्टा [?] स्वदेहपरिमाणश्चासङ्ख्यात-

---

§ **प्रमाणनयतत्त्वालोक**सूत्रमेतद्, अस्मत्सम्पादिताऽऽवृत्तौ पृ० १६६ दृष्टव्यम्, अत्र केवलं " साक्षात् " शब्दो न्यूनोऽस्ति ।

प्रदेशी । लोकाऽऽकाशप्रदेशप्रमितो द्रव्यगुणापेक्षया नित्यः । पर्यायापेक्षया पुनरनित्यः । स्वद्रव्यादिचतुष्टयेन भावरूपस्तथा परद्रव्यादिचतुष्टयापेक्षयाऽभावाद् अभावरूपोऽत एवानेकान्तात्मकत्वम् । तथा परे प्रतिपादयन्ति एकस्मिन् वस्तुनि विरुद्धधर्माध्यासत्वं कथं सञ्जाघटीति ? । नैतद् युक्तियुक्तं; यथैकस्मिन्नरि पितृत्वं पुत्रत्वमुभयमप्यपेक्षाकृद्भवत्येव । स्वपित्रपेक्षया पुत्रत्वं; पुत्रापेक्षया पितृत्वमित्युभयमपि तात्त्विकं सर्वजनप्रतीतम् । सामान्यविशेषादिकमप्यनुवृत्तिव्यतिवृत्तिप्रत्ययप्रतीतमेव सुकरं सुस्थिरम् । तथा पौद्गलिकादृष्टवान् व्यवहारनयप्रतीत्या, परद्वीपोत्पन्नवस्तुभोक्ता तद्बलेन बोध्यम् । इति संसारी जीवः ।

## सिद्धत्वनिरूपणम् ।

अथ सिद्धो द्रव्यं; गुणाः शुद्धत्वस्वरूपेण त एवाष्टकर्मक्षयजन्या अनन्ताष्टकरूपाः क्षायिकादयो [1]भावप्रमाणा ज्ञानादयस्त एवोपयोगाः शुद्धस्वभावगुणव्यञ्जनपर्यायाश्चरमशरीरात् किञ्चिन्न्यूनदेहधराः सिद्धपर्यायाः । व्ययः सांसारिकपर्यायस्य, सिद्धपर्यायोत्पादः, ध्रौव्यं तु तादवस्थ्यमेव । सांसारिका-

1 "भावप्राणाः" इति क-पाठः ।

वस्थाया उत्पादव्ययौ तज्ज्ञानावभासकत्वेन तावेव। यथोक्तम्—

"अशरीरा जीवघना ज्ञानदर्शनशालिनः ।
साकारेण निराकारेणोपयोगेन लक्षिताः ॥"

यथोक्तम्—"जिणअजिण..." इति व्यक्तम्, इति पञ्चदश भेदा लोकाग्रवासिनोऽस्पृष्टलोकान्ताः । इति सिद्धस्वरूपम् ।

## पुद्गलस्वरूपम् ।

अथ पुद्गलद्रव्यम्। मूर्तिमन्तः पुद्गलाः स्पर्श-वर्ण-रस-गन्धवन्तश्चेति। स्पर्शोऽष्टविधः—[१]मृदु—[२]कठिन—[३]गुरु—[४]लघु-[५]शीत—[६]उष्ण—[७]स्निग्ध—[८]रूक्षभेदतः। रसः पञ्चधा—[१]तिक्त—[२]आम्ल—[३]कटुक—[४]मधुर—[५]कषायभेदतः । गन्धो द्वेधा-[१]सुरभिः[२]दुरभिश्च। वर्णाः पञ्च-[१]कृष्ण—[२]नील—[३]पीत—[४]रक्त—[५]शुक्लभेदात्। एते विंशतिमूलभेदाः। शुद्धाऽशुद्धाः पर्याया द्वेधा—शुद्धाः परमाणुरूपा अशुद्धा द्व्यणुकाद्याः स्कन्धदेशप्रदेशाः। ततः पृथिव्यातप—तमो-ज्योत्स्ना—छाया—शब्दाः पर्यायवाच्याः। एतेषां विस्तारोऽन्यतो ज्ञेयः। मूर्तिमद् अत एव सक्रियं पुद्गलद्रव्यम् । तथाऽष्टविधकर्मरूपत्वात् सङ्ख्याताऽसङ्ख्याताऽनन्तप्रदेशात्मकम् । तथाऽस्योत्पादव्ययौ तु

प्रतीतावेव, साक्षादेव दरीदृश्यमानत्वात् । सामान्यविशेषावपि तत्प्रत्ययसाध्यावेव । इति पुद्गलद्रव्यसङ्कोचनः[1] ।

## धर्मास्तिकायनिरूपणम् ।

अथ धर्मद्रव्यम् । चलनस्वभावो धर्मस्तथा गत्युपग्रहो गुणो गतिसाहाय्यदायी, यथा पयो मत्स्यानाम् । स त्रिभेदः—स्कन्ध—देश—प्रदेशभेदात् । अमूर्त्तो निःक्रियश्च । पर्यायो लोकाऽऽकाशप्रमाणोऽसङ्ख्यातप्रदेशात्मको जीवपुद्गलयोर्मिथोमिल[०लि०?] तयोरपि गमनक्रियावतोः सहकारी । मुख्यगौणवृत्त्या व्ययोत्पादावेव गतिसाहाय्यदानतः पूर्वापरविभागजन्याविति । ध्रौव्यं द्रव्यसङ्गतमेव । सामान्यविशेषौ प्रत्ययसंवेद्यौ । इति धर्मद्रव्यम् ।

## अधर्मास्तिकायनिरूपणम् ।

अथाऽधर्मद्रव्यम् । स्थित्युपग्रहलक्षणोऽमूर्त्तो निःक्रियः, तथा गुणः स्थितिसाहाय्यदायी स्कन्ध—देश—प्रदेश—त्रिभेदभाक् । पर्यायो लोकाऽऽकाशप्रमाणोऽसङ्ख्यातप्रदेशात्मकः । अस्तिकायता च स्थित्युपष्टम्भसाहाय्यदानेन जीवपुद्गलयोस्तथा पूर्वोक्तयोः

---

1 “०सङ्कोचः” इति क—पाठः ।

स्थितिसहकारी, यथा छाया पथिकानाम् । मुख्यगौणवृत्त्या स्थितिसहकारिपूर्वापरभागजातौ व्ययोत्पादौ । सामान्यविशेषावपि यथाऽऽम्नायं वेदितव्यौ । ध्रौव्यं द्रव्यगतमेव । इति अधर्मद्रव्यम् ।

## आकाशनिरूपणम् ।

अथाकाशः–अवगाहदानलक्षणः । अवकाशदानं गुणोऽनन्तप्रदेशात्मको लोकालोकप्रमाणोऽमूर्त्तो निःक्रियो ध्रुवः । शुद्धपर्यायो लोकालोकप्रमाणः । अशुद्धपर्यायो घटाऽऽकाशमठाऽऽकाशकुटाऽऽकाशादिकः प्रतीत एव । पर्यायसङ्गतावेवोत्पादव्ययौ सामान्यविशेषौ च । [1]स्कन्ध–[2]देश–[3]प्रदेशाः त्रयो भेदा मुख्यगौणवृत्त्या स्वसमयानुसारिणो विदुः। इति आकाशद्रव्यम् ।

## कालनिरूपणम् ।

अथ कालः पदार्थो वर्तनालक्षणो नवजीर्णतादिको गुणोऽखण्डत्वादस्तिकायता नैव, निरंशत्वादमूर्त्तो निःक्रियश्च । नित्यश्च लोकाऽऽकाशप्रमाणोऽसङ्ख्यातप्रदेशकः । व्यवहारतः समयाऽऽवलीमुहूर्त्तादिकः । तथोपचारादुत्पादव्ययौ, सामान्यविशेषावपि । इति कालद्रव्यम् ।

सङ्क्षेपतस्तु षड्द्रव्यविवरणं शास्त्रोक्तरीत्या लिखितमिति ।

## आश्रवनिरूपणम् ।

**अथ तृतीय आश्रवः। अभिनवकर्माऽऽदानहेतुराश्रवः। जीवपुद्गलयोगजन्यत्रैविध्यक्रियायोगादात्मप्रदेशपरिस्पन्द आश्रवः। स च द्वेधा—पुण्याऽऽश्रवः पापाऽऽश्रवः। शुभोऽशुभश्च। द्विचत्वारिंशद्भेदभिन्नः पौर्वः। अपरस्तु द्व्यशीतिप्रकृतिप्रभिन्नः। ताः प्रतीताः। तथेन्द्रिय–कषाय–अव्रत–योगैः। जीवपुद्गलसंयोगजन्याः पञ्च क्रियाः। तथोक्तम्—×"** काइयअहिगरणीआ..." **इत्यादिवचनान्[1]। उत्तरतः पञ्चविंशतिरूपा क्रिया। एषां योगे यातो[2] द्विचत्वारिंशद्भेदभिन्न आश्रवः। आश्रवो भवहेतुः स्याद् इत्याप्तवाक्यम्। इति आश्रवः।**

## संवरनिरूपणम् ।

**अथ संवरः। आश्रवनिरोधः संवरः। स द्वेधा-द्रव्यभावाभ्याम्। संसारनिरोधे तत्पूर्वकर्म्मपुद्गला-**

---

1 "इतिवचनात्" इति **क**-पुस्तकपाठः।

2 "जातः" इति **क**—पाठः।

---

× काइय अहिगरणीआ पाउसिआ पारितावणी किरिया।
पाणाइवायारंभिअ परिग्गहिआ मायवत्तीअ॥

**नवतत्त्व**गाथा २२।

ऽऽदानविच्छेदो द्रव्यसंवरः । संसारनिमित्तक्रियानिर्वृ- [०वृ० ?]त्तिर्भावसंवरः । यथा-"+समई [समई ?] गुत्ति परीसह....." इतिगाथोक्तसप्तपञ्चाशत्सङ्ख्याकः संवरो भवति । यथेर्यादयः समितयः पञ्च, मनोगुप्त्यादयो गुप्तयस्तिस्रः, क्षुत्पिपासाऽऽदयो द्वाविंशतिपरीषहाः, दशविधो यतिधर्मः क्षान्त्यादिकः, भावना द्वादशविधाः, चारित्राणि [पञ्च ?], इति विज्ञेयः । अप्रमादपरित्यागेनाऽऽश्रवनिरोधः संवरश्चतुर्थः ।

## निर्जरानिरूपणम् ।

अथ निर्जरा । [1]यया बीजभूतानि कर्माणि जन्मिनां शीर्यते [?] सा निर्जरा । सा द्विभेदा-सकामाऽकामाभ्याम् । ज्ञानपूर्विका यमिनां सकामा, अपरेषामकामा । सा द्वादशभेदभिन्ना तपोभेदात् । षड्विधं बाह्यं षड्विधमाभ्यन्तरश्चेति । यमिनामेवानन्त-

---

1 क-पुस्तकेऽयं श्लोकोऽधिको दृश्यते—

"बीजभूतानि कर्माणि शीर्यते जन्मिनां यथा ।
सा निर्जरा द्विधा प्रोक्ता सकामाऽकामभेदत ॥ १ ॥"

---

+ समिई गुत्ति परीसह जइधम्मो भावणा चरित्ताणि ।
पण-ति-दुवीस-दस-बार-पंचभेएहिं सगवन्ना ॥

नवतत्त्वगाथा २५ ।

फलरूपा निर्जरा सर्वदैव । यथोक्तम्—“ जं अन्नाणी कम्मं....” इतिवचनाद् । इति निर्जरापदार्थः ।

## बन्धनिरूपणम् ।

अथ बन्धः । +अभिनवकर्मग्रहणं बन्धः । स चतुर्धा‡—प्रकृति–स्थिति–अनुभाव[1]–रस० [०प्रदेश०] बन्धप्रभेदभिन्नः । यथोक्तम्—*“पईसहावा वुत्ता [?]” इतिगाथोक्तः । बन्धोदयोदीरणा–सत्ताचतुर्भेदैरिति । यथा बन्धे सविंशशतं १२० प्रकृतीनाम्, तथोदयोदीरणयो†र्द्वाविंशत्यधिकं शतं १२२ प्रकृतीनाम् । सत्तायां §साष्टचत्वारिंशच्छतं १४८ प्रकृतीनाम् । ×“ मिच्छे सासण...” इति गाथोक्तचतुर्दशगुणस्थानकेषु प्रकृतीनां चयक्षयोदया [?] उदयव्यवहारः कर्मग्रन्थतो विज्ञेयः । सप्तत्रिभङ्गीरचना सितपटपक्षाऽऽचार्य-

---

1. “ ०अनुभाग० ” इति क–पाठः ।

---

+ द्वितीयकर्मग्रन्थगाथा ३ ।

‡ प्रकृतिस्थित्यनुभावप्रदेशास्तद्विधयः । तत्त्वार्थ० ८–४ ।

* पयइ सहावो वुत्तो, ठिई कालावहारणं ।
अणुभागो रसो णेओ, पएसो दलसंचओ ॥ नवतत्त्वगाथा ३७

† द्वितीयकर्मग्रन्थगाथा १३ ।

§ ” २५ ।

× ” २ ।

निर्मिता विज्ञेया । बन्धहेतवः सप्तपञ्चाशत्सङ्ख्याकाः । यथा—मिथ्यात्वपञ्चकम्, अविरतिद्वादशकम्, कषायपञ्चविंशतिकम्, योगाः पञ्चदशसङ्ख्याकाः, सर्वे सङ्कलिताः कर्मबन्धहेतवो ५७ भवन्ति । इति बन्धपदार्थः।

## मोक्षनिरूपणम् ।

**अथ मोक्षपदार्थः** । तत्स्वरूपं + " संतपयपरूपणया [०वणया ?] " इतिवचनाद् **नवभेदप्रभिन्नः** । तथा [१]सत्पदप्ररूपणा—[२]द्रव्य—[३]क्षेत्र—[४]काल—[५]भाव—[६]स्पर्शना—[७]अन्तर—[८]भाग—[९]अल्पबहुत्वानिप्ररूपणाभेदेन नवधा । सत्पदप्ररूपणा यथा—एकपदवाच्यं नामतो यथा घटपटस्तम्भकुम्भादिशब्दवाच्यम्, द्विपदवाच्यं यथा शशशृङ्गं गगनाऽम्भोरुहमित्यादि । यत्र भवति भवति च द्विपदवाच्यमेव । कृत्स्नकर्मविप्रमोक्षो मोक्षः । पुरोक्तः पञ्चदशभेदभिन्नः । श्रद्धानरूपेण सम्यक्त्वपञ्चकेन यः श्रद्धाति स मोक्षमवाप्नोति । ×सम्यक्त्वं स्वसमयप्रतीतम् । इति **सप्तपदार्थप्ररूपणासङ्क्षेपः** ।

---

+ **नवतत्त्वगाथा** ४३ । संपूर्णगाथा त्वियम्—

संतपयपरूवणया दव्वपमाणं च खित्त फुसणा य ।
कालो अ अंतर भाग भाव अप्पाबहु चेव ॥ ४३ ॥

× "तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्" **तत्त्वार्थसूत्रम्** १–२ ।

## अथ प्रमाणनयप्ररूपणार्थे क्रमोऽयमुपक्रम्यते।

### प्रमाणप्ररूपणम्।

तत्र प्रमाणं यथा–*" स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम् "। तद् द्विधा–प्रत्यक्षं परोक्षं चेति। स्पष्टावभासं प्रत्यक्षम्। विशदप्रतिभासि ज्ञानं साक्षात्कारि ज्ञानम्। व्यवसायात्मकं तस्मिन् तदध्यवसायो व्यवसायस्तथा याथार्थ्यापरपर्यायश्च, प्रमाणार्पिता प्रतीतिरनुभवः स एव व्यवसायः। परे "याथार्थ्यानुभवः प्रमा" इति। तथाऽप्रमा समारोपः। स त्रिप्रकारः संशय–विपर्ययानध्यवसायभेदात्। अतत्प्रकारे तत्प्रकारः समारोपः। अनिश्चितानेककोटिसंस्पर्शि ज्ञानं संशयः, स्थाणुर्वा पुरुषो वेति। §" विपरीतैककोटिनिष्टङ्कनं विपर्ययः " शुक्तिकायां रजतमिति। किमित्यालोचनप्रायमनध्यवसायो गच्छतस्तृणस्पर्शि ज्ञानम्। इदं त्रितयमपि समारोपरूपमिति व्यवसायरूपं न भवति। प्रमाणनयविवेचनं तु लक्षणलक्षितमेव।

---

* प्रमाणनयतत्त्वालोकः १–२।

§ प्रमाणनयतत्त्वालोकः १–११।

[1]तथोद्देश–लक्षण–परीक्षा चेति [–परीक्षाश्चेति ?]। विविक्तव्यनाममात्रकथनमुद्देशः । व्यतिकीर्णवस्तु-व्यावृत्तिहेतुर्लक्षणम् । तत्कथनं लक्षणनिर्देशः । युक्तायुक्तयुक्तियुक्तप्रवर्तमानविचारः परीक्षा । प्रमाणपदकरणसाधनं प्रमितिक्रियां प्रति प्रमाणफलं प्रमितिः, सा चाऽज्ञाननिवृत्तिरूपा ।

लक्षणे तान्येव पदानि देयानि यैरतिव्याप्तिरव्याप्तिरसम्भवाऽऽख्यश्चेतिदोषा निराकर्त्तुं शक्यन्ते । अलक्ष्ये लक्षणगमनमतिव्याप्तिः । लक्ष्यैकदेशे लक्षणगमनमव्याप्तिः । कुत्राप्यवर्तनमसम्भवः । साधकतमं करणमिति करणमपि त्रिविधम्, उपादान–सहकार्यपेक्षाभेदात् । साधारणासाधारणोपादानकारणानि । पूर्वाकारत्यागोत्तर[2]धृताकारकरणं, पूर्वाकारपरित्यागोत्तराकारपरिणामः कार्यत्वं; यथाऽज्ञाननिवृत्तौ सम्यग्ज्ञानप्राप्तिः । प्रामाण्यावबोधः कार्यकारणभावः । प्रमाणं [प्रामाण्यं ?] तूत्पत्तौ परतः, ज्ञप्तौ + स्वतोऽत एव स्वपरव्यवसायित्वम् ।

---

1 " उद्देशलक्षणनिर्देशपरीक्षा चेति " इति पाठान्तरम् ।

2 " ०धृताकारः कारणं " इति **क–**पुस्तकपाठः ।

---

+ ज्ञप्तौ अभ्यासदशापन्ने स्वतो भवति । अनभ्यासदशापन्ने तु परत एव प्रामाण्यम्, संवादकज्ञानस्यापेक्षकत्वात् ।

प्रमाणं द्विप्रभेदं गौणं मुख्यं च। गौणं सांव्यवहारिकं लौकिकम्। मुख्यं पारमार्थिकतात्त्विकं चेति। तथा विकलं सकलं च। तत्राऽऽद्यं गौणमिन्द्रियाऽनिन्द्रियनिबन्धनमुपचारतः। साक्षात्कारि षड्विधं–स्पार्शनं १, रासनं २, घ्राणं ३, चाक्षुषं ४, श्रावणं ५, मानसं ६ चेति; इदमप्यौपचारिकं प्रत्यक्षं, तत्त्वतः परोक्षमेव, आद्ये[1]–मतिश्रुती परोक्षे सूत्रणात्। विकलं त्रिभेदं मतिज्ञानमथदेशतः प्रत्यक्षम्; अवधिज्ञानं मनःपर्यवज्ञानं चेति।

तत्राऽऽद्यं चतुर्भेदमवग्रहेहावायधारणाऽऽख्येतिभेदात्। यथा इन्द्रियार्थसमुद्भूतसत्तामात्रमवग्रहः, सामान्यव्यवसायिप्रत्यय एकवस्तुज्ञानविशेषितो; यथाऽयं पुरुषो हस्तपाणिशिरःकूर्चादिलक्षणः। गृहीतार्थसंशयात्ययलक्षण [ ० णा ? ] ईहा; पुरुषोऽयं दाक्षिणात्यो; भाषाद्यशेषलक्षणविज्ञानात्। याथात्म्यादवगमाद् अवायो; दाक्षिणात्य एवायम्। कालान्तरस्मृतियोग्या धारणा; प्राचीनधारणया निश्चित एवायं दाक्षिणात्यो न मारवीयः। एतच्चतुष्टय-

1 "आद्ये परोक्षमिति" इति पाठान्तरम्। अयमेव पाठो वरीयान् प्रतिभाति, "आद्ये परोक्षम्" ( १–११ ) इति **तत्त्वार्थसूत्रत्वात्**। प्रत्यक्षपरोक्षादिविषये विशेषं जिज्ञासुभिरस्मल्लिखिता **प्रमाणनयतत्त्वालोकप्रस्तावना** द्रष्टव्या।

मैन्द्रियिकमौपचारिकमेव मतिज्ञानमष्टाविंशतिभेद-भिन्नमर्थ–व्यञ्जनावग्रहयोर्योगे। तथोत्तरभेदानां षड्-त्रिंशदधिकत्रिशतं ३३६ भेदा भवन्ति। द्वितीयं देशप्रत्यक्षमवधिज्ञानम्। तद् द्विभेदं भव–गुणप्रत्यया-भ्याम्। तथाऽस्योत्तरभेदा यथोक्तम्—卐 "अणु-गामिवड्ढमाणय..." गाथोक्ता ज्ञेयाः। [1]षड्विधमेव भवप्रत्ययोऽवधिर्देव–नारकाणाम्। [2]गुणप्रत्ययोऽवधि-श्चारित्रशुद्धिसञ्जातो यतिनामेव रूपिद्रव्यगोचरः। तृतीयं मनःपर्यवाख्यं ज्ञानम्। तदपि द्विभेदं ऋजु–विपुल–मतिभ्याम्।

द्वितीयं प्रत्यक्षं समस्ताऽऽवरणविलयात् त्रैका-लिकद्रव्यगुणपर्यायावलम्बि समस्तवस्तुविज्ञानं सकलं केवलज्ञानम्। तद्वान् भगवान् सर्वज्ञोऽष्टादशदोष-रहितोऽबाध्यसिद्धान्तस्त्रैलोक्यमहितोऽनन्तचतुष्टयवि-राजमानो देवः। इति **साक्षात्कारिप्रत्यक्षं** सभेद-मुपात्तमिति।

---

1 "षड्विभेदं भवप्रत्ययं" इति पाठान्तरम्।

2 "गुणप्रत्ययं चारित्रशुद्धिसञ्जातं यमिनां रूपिद्रव्यगोचरम्" इत्यपि पाठः।

---

卐 **कर्मविपाक**नामप्रथम**कर्मग्रन्थ**गाथा ८। षड्भेदाश्चेमे—आनुगामिकं १, अनानुगामिकं, २, हीयमानं ३, वर्धमानं ४, अनवस्थितं ५, अवस्थितं ६ चेति **तत्त्वार्थभाष्ये**।

# परोक्षप्रमाणनिरूपणम्।

अथ परोक्षं सभेदमाह—अस्पष्टावभासित्वं लक्षणम्। तद् द्विभेदमनुमानं १ आगमश्च २। अनुमानं द्विभेदं गौणं मुख्यं च। तत्राऽऽद्यं त्रिभेदं स्मरणं १, प्रत्यभिज्ञानं २, तर्कश्च ३। मुख्यमपि द्विभेदं स्वार्थं १, परार्थं २ चेति। स्मरणं यथा–संस्कारप्रबोधसम्भूतमनुभूतार्थविषयं तदित्याकारकसंवेदनं स्मरणम्; तत्तीर्थंकरबिम्बमिति। अनुभवस्मृतिहेतुकं सामान्याऽऽदिगोचरं संकलनाऽऽत्मकं प्रत्यभिज्ञानम्, यथा तज्जातीय एवायं; गोसदृशो गवयः; स एवायं जिनदत्तः, तथा वैसादृश्याद् महिषो गोविलक्षण इति दृष्टान्तत्रितयम्। तर्कः। व्याप्तिग्रहस्तर्कः। प्रमाणमात्रसम्भूतसाध्यसाधनसम्बन्धाद्यालम्बनमन्वयव्यतिरेकाभ्यामित्याकारसंवेदनं तर्क ऊहाऽपरनामा।

सति सद्भावोऽन्वयः। तदभावे तदभावो व्यतिरेकः। तस्मिन् सत्येव भवतीत्यन्वयः। तस्मिन्नसत्यसौ न भवत्येव व्यतिरेकः। यथोदाहरणम्—यत्र धूमस्तत्राग्निर्यथा महानसं, यत्र धूमो नास्ति तत्र नैवाग्निर्यथा ह्रदः।

## स्वार्थानुमाननिरूपणम् ।

अथानुमानं द्विभेदं स्वार्थं परार्थं चेति। स्वार्थानुमाने कारणत्रयम्, हेतुग्रहणं व्याप्तिस्मरणं परामर्शश्चेति । यथा हेतुग्रहणसम्बन्धस्मरणकारणकं साध्यविज्ञानलक्षणं स्वार्थानुमानम् । हेतुर्यथा–“ निश्चितान्यथाऽनुपपत्त्येकलक्षणो हेतुः ” ( प्र० न० त० ३–११) इति । अन्यथाऽनुपपत्तिश्चात्र हेतुक्रमात् साध्यधर्मेणैव सार्द्धं ग्राह्या । व्याप्तिर्यथा–नित्यसम्बन्धसम्बन्धित्वमविनाभावित्वम्, अविनाभावो व्याप्तिः। इति प्रतिज्ञा–हेतुवचनाऽऽत्मकं स्वार्थानुमानम् ।

## परार्थानुमाननिरूपणम् ।

अथ परार्थानुमानम् ।

“ परोपदेशसापेक्षं साधनात् साध्यवेदनम् ।
श्रोतुर्यज्जायते सा हि परार्थानुमितिर्मता ॥ १ ॥”

परस्मै प्रतिपाद्योऽर्थः परार्थानुमानं पञ्चोपायरूपम् । प्रतिज्ञा[1]–हेतु[2]–दृष्टान्त[3]–उपनय[4]–निगमनानि[5] । धर्मधार्मिसमुदायरूपस्य पक्षस्य वचनं प्रतिज्ञा । साध्याऽविनाभाविसाधनवचनं हेतुः । “ * प्रतिबन्धप्रतिपत्तेरास्पदं दृष्टान्तः ”। प्रतिबन्धो व्याप्तिरविनाभावः।

---

* प्रमाणनयतत्त्वालोकः ३–४३, पृ० ५२ ।

"× हेतोः साध्यधर्मिण्युपसंहरणमुपनयः"। 卐 साध्यधर्मिण्युपसंहरणं निगमनम्। बुद्धीनामवयवसंज्ञा [?] विज्ञेया। मन्दमतीन् व्युत्पादयितुं दृष्टान्तोपनयनिगमनानि, यथा पञ्चावयववाक्यम्। यत्र धूमस्तत्राग्निरितिनिश्चित्य; महानसाऽऽदौ वाक्यं गृहीत्वा वने गतस्तत्र पर्वतेऽभ्रंलिहां धूमलेखां पर्वतवर्त्तिनीं पश्यन् व्याप्तिं स्मरति। 'पर्वतोऽयं वह्निमान्' इति प्रतिज्ञा। 'धूमवत्त्वाद्' इति हेतुः। 'यो यो धूमवान् सोऽग्निमान्' इत्युदाहरणम्। ‡ 'तथा चायम्' इत्युपनयः। 'तस्मात् तथा' इति निगमनम्। इति पञ्चावयवमनुमानम्। इत्यन्वयव्याप्त्युदाहरणम्। व्यतिरेकव्याप्तेरेतद्व्यतिरिक्तं 'यो धूमवान्नैव न सोऽग्निमान्, यथा ह्रदः'। 'तथा चायम्'। 'तस्मात् तथा'। इति।

अथ हेतुरुपलब्ध्यनुपलब्धिभ्यां भिद्यमानो विधि–निषेधयोः सिद्धिनिबन्धनम्। "+विधिः सदंशः"। निषेधोऽसदंशः प्रतिषेधरूपः। "*स चतुर्धा–प्रागभावः, प्रध्वंसाभावः, इतरेतराभावः, अत्यन्ताभावश्च"।

---

× प्रमाणनयतत्त्वालोकः ३–४९, पृ० ५३।

卐 पर्वतादिपक्षे साध्यस्योपसंहरणमित्यर्थः।

‡ धूमवाँश्चायं पर्वतः, तस्मात् पर्वतो वह्निमानित्युभयोराकारः।

+ प्रमाणनयतत्त्वालोकः ३–२६।

* प्र० न० त० ३–५८।

"§ यन्निवृत्तावेव कार्यस्य समुत्पत्तिः सोऽस्य प्रागभावः" **यथा मृत्पिण्डो घटस्य ।** " + यदुत्पत्तौ कार्यस्यावश्यं विपत्तिः सोऽस्य प्रध्वंसाभावः " **यथा कपालकदम्बकं कलशस्य ।** " ×स्वरूपान्तरात् स्वरूपव्यावृत्तिरितरेतराभावः" **यथा स्तम्भादन्यः कुम्भः । कालत्रयापेक्षिणी तादात्म्यपरिणामनिवृत्तिरत्यन्ताभावः,** " ‡ यथा चेतनाऽचेतनयोः " **इति । इत्यनुमानम् ।**

## आगमप्रमाणनिरूपणम् ।

**अथागमः ।** " 卐आप्तवचनादाविर्भूतमर्थसंवेदनमागमः " । **आप्तो द्विधा—लौकिको लोकोत्तरश्च । लौकिको वप्तादिकः [वप्त्रादिकः ?] । लोकोत्तरस्तीर्थकृत् सर्वज्ञः ।** " * वर्णपदवाक्यात्मकं वचनम् " । " अकारादिः पौद्गलिको वर्णः " **भाषावर्गणापुद्गलपरमाणुभिरारब्धः पौद्गलिकः शब्दो ध्वनिरिति ।** " वर्णानामन्योऽन्यापेक्षाणां निरपेक्षा संहतिः पदम्, पदानां तु वाक्यम् " । " स्वाभाविकसामर्थ्यसमयाभ्यामर्थबोधनिबन्धनं शब्दः" । " आकाङ्क्षायोग्यतासंनिधिश्च

---

§ **प्र० न० त०** ३–५९ ।

+ **प्र० न० त०** ३–६१ ।

× **प्रमाणनयतत्त्वालोकः** ३–६३ ।

‡ **प्र० न० त०** ३–६६ ।

卐 **प्र० न० त०** ४–१ ।

* इत्यतः " स्वाभाविक..." इतियावत् चत्वारि सूत्राणि **प्रमाणनयतत्त्वालोकस्य** तुर्यपरिच्छेदस्य ८, ९, १०, ११ क्रमशः सन्ति ।

वाक्यार्थज्ञाने हेतुः" (तर्कसंग्रहः)। आकाङ्क्षारहितं यथा— 'गौरश्वःपुरुषो हस्ती' इति न प्रमाणम्। योग्यताविरहाद् 'अग्निना सिञ्चेद्' इति। सन्निध्यभावात् प्रहरे २ असहोच्चारितानि 'गामानय' इति पदं न प्रमाणम्।

## सप्तभङ्गीनिरूपणम्।

अथ सप्तभङ्गी। यथा—स्यादस्ति १, स्यान्नास्ति २, स्यादस्ति नास्ति ३, स्यादवक्तव्यं ४, स्यादस्ति अवक्तव्यं ५, स्यान्नास्ति अवक्तव्यं ६, स्यादस्ति नास्ति अवक्तव्यं ७ इति वचनभङ्गाः सप्तैव; न न्यूनाधिकाः। स्वपरद्रव्यादिचतुष्टयेन विधिनिषेधाभ्यां युगपद्वा सप्तैवैते। यथा—घटो द्रव्येण मृण्मयः, क्षेत्रेणैतद्देशीयः, कालेन शैशिरो, भावेन गौरः। इति स्यादस्तिप्रथमो भङ्गः।

परद्रव्यादिना [1] नास्तिभेदेन यथाऽयं घटो न धातुमयः, क्षेत्रेण परदेशीयः—नैतद्देशीयः, कालेन वासन्तिको न, भावेन श्यामः—न गौरः। स्व[2]द्रव्या[+]दिभिः [ परद्रव्यादिभिः ? ] द्वितीयो नास्तितारूपेण

1 "नास्तित्वभेदेन" इति क—पुस्तकपाठः।

2 "स्वपरद्रव्यादिभिः" इति क—पाठः।

"परद्रव्यादिचतुष्टयेन...नास्तिरूपतां प्रकटयतीति द्वितीयो भङ्गः" इति प्रत्यन्तरे पाठः।

+ "अत्र परद्रव्यादिभिः" इति भाव्यम्, स्वद्रव्यादिना नास्तित्वाऽसंभवात्, संभवे च स्वरूपहानिः स्यात्।

भङ्गोऽस्ति । ‡ युगपद्वक्तव्यतया तृतीयः । विधिनिषेधयुगपत्कल्पनया स्यादवक्तव्यं चतुर्थो भङ्गः । *स्वपरद्रव्यचतुष्टयेन युगपद्विधिनिषेधकल्पनयाऽग्रेतनाऽस्ति–नास्ति–युगपदवक्तव्यादित्रयो भङ्गाः । सोदाहरणा सप्तभङ्गी §स्याद्वादमञ्जरीतो विज्ञेया। इत्यागमः । इति प्रमाणस्वरूपम् ।

## प्रमेयप्ररूपणम् ।

प्रमाणसङ्ख्यां समाख्याय प्रमेयं परिच्छिनत्ति । द्रव्यपर्यायवद्वस्तु प्रमेयं प्रमाणस्य गोचरो विषय इति यावत् । यावदेव द्रव्यं तत् सर्वं प्रमेयरूपमनेकान्ताऽऽत्मकं सामान्य–विशेषाऽऽत्मकं भावाभावात्मकं च वस्तु । तथाऽऽत्मा प्रमाता, प्रमेयमन्यत् सर्वम् । ज्ञानमात्मस्थमेव सर्वं वस्तु परिच्छिनत्ति, अप्राप्यकारित्वात्। यदाहुर्हरिभद्रपादाः—

“ गंतूण न परिच्छिदइ नाणं नेयं तयंमि देसंमि ।
आयत्थं चिय नवरं अचिंतसत्तीउ विन्नेयं ॥ ”

---

‡ स्यादस्त्येव स्यान्नास्त्येवेति क्रमाद् विधिनिषेधाभ्यां तृतीयो भङ्ग इत्यर्थः ।

* स्यादस्त्येव, स्यादवक्तव्यमेवेति विधिना, युगपद्विधिनिषेधाभ्यां च पञ्चमः । स्यान्नास्त्येव, स्यादवक्तव्यमेवेति षष्ठः । स्यादस्त्येव, स्यान्नास्त्येव, स्यादवक्तव्यमेवेति क्रमतो युगपत्कल्पनया चेति सप्तमो भङ्गो बोध्यः ।

§ २३ कारिका–टीकायाम् ।

"[1]एअमिय नाणसत्ती आयत्था चेव हंदि लोअंतं[2] [ लोअंतं? ] ॥ "×

इतिवचनात्। तथा च सामान्यविशेषौ स्वतन्त्रौ [?] "+स्वतोऽनुवृत्तिव्यतिवृत्तिभाजो भावा न भावान्तरनेयरूपाः"। इतिवचनात् ।

सामान्यं द्विभेदं—तिर्यगूर्ध्वताभेदात् । प्रतिव्यक्ति तुल्या परिणतिस्तिर्यक्सामान्यं; शबलशाबलेयादिपिण्डेषु गोत्वम् । व्यक्तिं प्रतिगतं पूर्वापरसाधारणपरिणामद्रव्यमूर्ध्वतासामान्यं; कटककङ्कणानुगामिकाञ्चनवत् पर्यायपरिगतम् । विशेषो द्विभेदः, गुणपर्यायभेदात् । 卐" गुणः सहभावी धर्मो,

---

1 "एवमिह" इति पाठान्तरम् ।

2 "लोगंतं" इति पाठान्तरम् ।

---

× "गन्तुं ण परिच्छिन्दइ" इति **स्याद्वादमञ्जरी**स्थितगाथापाठः। **धर्मसंग्रहणी**गाथा ३७१, ३७३ ।

गत्वा न परिच्छिनत्ति ज्ञानं ज्ञेयं तस्मिन् देशे।
आत्मस्थमेव किन्तु अचिन्त्यशक्तेर्विज्ञेयम् ॥ ३७१ ॥
एवमिह ज्ञानशक्तिरात्मस्थैव हंहो ! लोकान्तम् ।

इतिच्छाया। गाथाऽर्धं त्वेतत्—

जइ परिच्छिन्दइ सम्मं कोणु विरोहो भवे एत्थं ? ॥ ३७३ ॥
( यदि परिच्छिनत्ति सम्यक् को नु विरोधो भवेदत्र ॥ )

+ श्रीहेमचन्द्रसूरिरचिताऽ**न्ययोगव्यवच्छेद**द्वात्रिंशिकापद्यं ४।

卐 **प्रमाणनयतत्त्वालोकः** ५–७ ।

यथा—आत्मनि विज्ञानव्यक्तिशक्त्यादिः ” इति । पर्यायः क्रमभावी, यथाऽऽत्मनि सुखदुःखहर्षविषादाऽऽदिः । इति सामान्यविशेषौ ।

नित्यानित्यादित्वम्—उत्पादव्ययपरिगतमनित्यत्वम् । द्रव्यध्रौव्यपरिगतं नित्यत्वमेव । विरुद्धधर्माध्यासस्तु परैरङ्गीकृतम–[ ०तोऽ० ? ] पेक्षाभेदान्न दोषपोषाय । “ चित्रमेकमनेकं च...” इतिवचनात् ।

§“यदु–[ ०द्यु ० ? ]त्पादाद्यपेक्षातः कथं नैकं त्रयात्मकम् ? ।
कथञ्चिद्भिन्नवैशद्यात् कथं नैकं त्रयात्मकम् ? ॥ १ ॥”

भावा उ–[ ० औ० ? ] पशमिकादयः पञ्च । [१]उपशमिक–[[२]औपशमिक–?][२]औदयिक-[३]मिश्र-[४]क्षायिक–[५]पारिणामिकाः । तत एषामुत्तरोत्तरभेदास्त्रिपञ्चाशदिति कर्मग्रन्थप्रतीताः । अन्ये जीवपुद्गलसंयोगजन्या गुणस्थानकचतुर्दशभेदभिन्ना यथासम्भवं विज्ञेयाः । अभावाः पूर्वोपात्ताः । इति प्रमेयपरिच्छेदः ।

---

§ उत्पादो व्ययध्रौव्यमपेक्षते । व्ययश्चोत्पादध्रौव्यम् । ध्रौव्यं चोत्पादव्ययानुगमिति नोत्पादादयः परस्परानपेक्षाः । परस्परमेषामनपेक्षत्वे वन्ध्यास्तनन्धयवदसत्त्वापत्तिः । तस्मात् वस्तुमात्रं त्रयात्मकमस्ति । उत्पादादयश्च कथञ्चिद् भिन्ना अभिन्नाश्चेति तत्त्वम् ।

## फलनिरूपणम् ।

अथ प्रमाणफलाऽऽदेशः । अज्ञाननिवृत्तिः प्रमाणफलम् । तद्द्वेधा—आनन्तर्येण १, पारम्पर्येण २ वा । स्वपरव्यवसायित्वरूपं फलम् । पारम्पर्येण केवलज्ञानस्य तावत् फलमौदासीन्यमेव । [1]प्रमाणस्य फलं व्यवहारः सकलपुरुषार्थसिद्धिहेतुः । इति फलाऽऽदेशः ।

## आभासनिरूपणम् ।

अथ प्रमाणविपर्ययरूपमज्ञानं तदाभासत्वेन प्रतिपादितम् । निर्विकल्पसमारोपाः प्रमाणस्वरूपाऽऽभासाः प्रत्यक्षाऽऽभासाः । शिवराजर्षेः सप्तसमुद्रादिज्ञानम् । विकलसकलादीनां तथा चानुमानादीनामाभासाः सोदाहरणा +रत्नाकरावतारिकातो विज्ञेयाः । सल्लक्षणलक्षिता [?] हेत्वाभासाः[2] । ‡" असिद्धविरुद्धानैकान्तिकास्त्रयो हेत्वाभासाः " । असिद्धश्चतुर्विंशतिधा । 卐 " यस्यान्यथाऽनुपपत्तिः प्रमाणेन न प्रतीयते सोऽसिद्धः । " विरुद्धोऽष्टधा । साध्य-

---

1 " प्रमाणस्य फलव्यवहारः " इति पाठान्तरम् ।

2 " हेत्वाभासा यथा " इति पाठान्तरम् ।

---

+ षष्ठपरिच्छेदे ।

‡ प्रमाणनयतत्त्वालोकः ६–४७ ।

卐 प्र० न० त० ६–४८ ।

विपर्ययेणैव यस्यानुपपत्तिरध्यवसीयते स विरुद्धः। अनेकान्तिको द्विभेदः—“ ×यस्यान्यथाऽनुपपत्तिः सन्दिह्यते सोऽनैकान्तिकः ” नैयायिकैरुपाधिरित्यभिधीयते। सपक्षादिभेदिताष्टौ भेदाः । अन्ये दृष्टान्ताऽऽभासाद्या आगमाऽऽभासा अपि सोदाहरणा विज्ञेयाः ।

## नयनिरूपणम् ।

अथ नयस्वरूपम् । नयो द्वेधा—द्रव्यार्थिकपर्यायार्थिकभेदात् । तत्राऽऽद्यस्त्रेधा—[१]नैगम—[२]सङ्ग्रह—[३]व्यवहारभेदात् । पर्यायार्थिकश्चतुर्धा—[१]ऋजुसूत्र—[२]शब्द—[३]समभिरूढ—[४]एवम्भूतनयाः । प्रमाणसंगृहीतार्थैकदेशग्राही प्रमातुरभिप्रायो नयः, सर्वेषां सामान्यलक्षणम् । नैगमः—धर्मधर्मिणोर्विवक्षणं ते [?] नैकगमः, इति लक्षणम्; चैतन्यमात्मनि। सामान्यमात्रग्राही सङ्ग्रहः; सत्तैव तत्त्वं, न विशेषः। सङ्ग्रहसङ्ग्रहीतपरामर्शो व्यवहारः; यत् सत् तद् द्रव्यम् । पर्यायार्थिकः—त्रिकालकौटिल्यवैकल्पिक ऋजुसूत्रः; सम्प्रति सुखादिरेव। ध्वनेरर्थस्य भेदः शब्दनयः; इन्द्रः शक्रः पुरन्दरः । पर्यायभेदतो [1]भिन्नमर्थं प्रकाशते समभि-

---

1 “भिन्नं भिन्नमर्थं प्रकाशते स समभिरूढः” इति क-पुस्तकपाठः ।

---

× प्र० न० त० ६–५४ ।

रूढः; इन्दनादिन्द्रः । स्वप्रवृत्तिनिर्वृत्तात्मभूतक्रिया-प्रवर्त्तकमेवम्भूतनयः, यथेन्दनमनुभवन् इन्द्रः । इति सङ्क्षेपतः सप्त नयाः ।

## नयाभासनिरूपणम् ।

अथ नयाभासाः । नैगमाभासा योग-[1] [यौग-?] वैशेषिकाः । सङ्ग्रहाभासोऽद्वैतवादी । व्यवहाराभासश्चार्वाकदर्शनम् । अथ षड्दर्शन-प्रमाणानि । यथोक्तम्—

"चार्वाकोऽध्यक्षमेकं, सुगतकणभुजौ सानुमानं, सशाब्दं
तद् द्वैतं पारमर्षः, सहितमुपमया तत् त्रयं चाक्षपादः ।
अर्थापत्त्या प्रभाकृद् वदति, च निखिलं मन्यते भट्ट एतत्
साभावं, द्वे प्रमाणे जिनपतिसमये स्पष्टोऽस्पष्टतश्च ॥१॥ "

卐 " जैनं साङ्ख्यं तथा बौद्धं मीमांसकमथापरम् ।
लौकायितकमौलूक्यं षडेता दृष्टयः स्मृताः ॥ "

---

1 " योगा वैशेषिकाः " इति क—पाठः ।

---

+ इदं पद्यं रत्नाकरावतारिकादिषु दृश्यते ।

卐 इदं पद्यं प्रमेयरत्नकोशे पाठभेदेन पृ० ७२ वर्तते ।

जैनस्याष्टादशदोषरहितोऽबाध्यसिन्द्धान्तस्त्रैलोक्यपूज्यः केवलज्ञानी +देवाधिदेवः । सर्वसङ्गपरित्यागी पञ्चमहाव्रतधारी गुरुः । क्षान्त्यादिदशविधो धर्मः । सम्यक्त्वमूलद्वादशव्रतधारक *उपासकः । षड्द्रव्यम् । सप्त तत्त्वानि । ज्ञानक्रियाभ्यां कृत्स्नकर्मविप्रमोक्षो मोक्षः । इति जिनशासनाऽऽम्नायः । इति श्रेयःश्रेणयः ॥

## ग्रन्थकारप्रशस्तिः ।

शैलाशुगसभूपाब्दे षो-[सो० ?]ज्वलप्रतिपद्दिने ।
जैनी सप्तपदार्थीयं प्रमाणनयनिर्मिता ॥ १ ॥
यशःसागरशिष्येण सागरेण यशस्वता ।
विचारसागरोद्बोधसिद्धये [1]श्रुतसम्मता ॥ २ ॥

**इति जैनी सप्तपदार्थी पूर्णा ।**

---

1 " इतिश्रीतपगच्छीयपंडितश्री**यशःसागर**गणिशिष्यपं०-**यशस्वत्सागर**विशेषितेयं **सप्तपदार्थी** प्रस्फुर्त्तिभावमबीभजत् । संवत् १७५८ वर्षे **समुदयपुरवरे श्रीजयसिंह**राज्ये " ॥ इति **क**-पुस्तकेऽधिकं दृश्यते ॥

---

\+ अर्हन्-तीर्थकरः ।

* श्राद्धः—श्रावकः ।

# પરિશિષ્ટો.

अर्हम्.

# જૈની સપ્તપદાર્થી

## તે ઉપર નોટો અને વિચારણા.

( A )

( ૧ )

પૃ૦ ૩ પંક્તિ ૨ स्याद्वाद...વસ્તુમાં રહેલા સંભવિત અનેક ધર્મો ( ગુણો ) નું, જૂદા જૂદા દેશકાળ અને અવસ્થા આદિની દષ્ટિથી, પ્રતિપાદન કરનાર સિદ્ધાંતનું નામ **સ્યાદ્વાદ** છે. ( 'एकस्मिन् धर्मिणि सापेक्षरीत्या नानाधर्मस्वीकारः स्याद्वादः' ). 'સ્યાત્' એ સંસ્કૃતનો અવ્યય છે. નિત્ય–અનિત્ય, સત્–અસત્, સારો–ખરાબ, વાચ્ય–અવાચ્ય, વિગેરે અનેક વિરુદ્ધ કે અવિરુદ્ધ ધર્મોનો સ્વીકાર કરવો એ 'સ્યાત્' શબ્દનો અર્થ છે. તેનો વાદ—કહેવું તે 'સ્યાદ્વાદ' કહેવાય.

સંસ્કૃતને નહિ જાણનાર કે અપૂર્ણ જાણનાર લોકો 'સ્યાત્' શબ્દનો અર્થ 'શાયદ–ઘણું કરીને' એવો સંદિગ્ધ અર્થ કરી સ્યાદ્વાદને યથાર્થ રીતે નહિ સમજવા–સમજાવવાની ભૂલ કરે છે. સ્યાદ્વાદ એ પૂર્ણ અને સમદષ્ટિનું નામ છે. ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે અને જગતના વિચારોનો વિરોધ શમાવવા માટે આ એક અપૂર્વ

સિદ્ધાન્ત છે. એ સિદ્ધાન્તને યથાર્થ રીતે જાણનાર વસ્તુમાં જૂદી જૂદી અપેક્ષાએ રહેલ અનેક-તમામ ધર્મોનું નિરીક્ષણ કરી શકે છે. ગમે તેવા વાંધા ભરેલા વાદ-વિવાદોનો ઉકેલ સ્યાદ્વાદથી આણી શકાય છે. તેથી આનું બીજું નામ '**અનેકાન્તવાદ**' પણ છે. જૈનોમાં **એ** વિષયના સેંકડો ગ્રંથો છે; પણ વર્તમાનમાં તેના ઉંડા અભ્યાસીઓ વિરલ છે. બધા ધર્મોનો સમન્વય કરવા-તથા સાચું તત્ત્વ જાણવા માટે દરેકે સ્યાદ્વાદનું અવલંબન લેવું જોઈએ.

( ૨ )

૩-૪ विज्ञान......અહિં 'विज्ञान सारस्व'નો અર્થ બેસતો નથી, એના બદલે विज्ञानसर्वस्व० પાઠ ઠીક લાગે છે.

( ૩ )

૩-૭ जैनी वाच्...જૈન વાણી એટલે શ્રુતજ્ઞાન. જૈન સિદ્ધાન્તની દૃષ્ટિએ જ્ઞાનમય કે જ્ઞાન દેનારી કોઇ દેવલોકની વિશિષ્ટ દેવી નથી. તીર્થંકરની વાણીને જ ( શ્રુતજ્ઞાન અથવા વાણીવાળા શાસ્ત્રને ) જૈનો '**સરસ્વતી**' કહે છે. તેથી આ ગ્રંથના કર્તાએ મંગલમાં તેની ઉપાસના-સ્તુતિ કરી છે.

( ૪ )

૪-૭ अस्तिकाय......અહિં अस्ति અને काय એમ બે શબ્દો છે. अस्ति નો અર્થ પ્રદેશ ( ભાગ ) છે. પ્રદેશ એટલે જેના બે ભાગ ન થઇ શકે એવો નાનામાં નાનો ભાગ. અને काय નો અર્થ થાય છે જથ્થો-સમૂહ. અર્થાત્ જે અનેક પ્રદેશોનો જથ્થો હોય ત્યાં 'અસ્તિકાય' શબ્દ વપરાય છે. કાળમાં તે નથી માટે તેમાં 'અસ્તિકાય' શબ્દ વપરાય નહિ.

( ૫ )

૭–૫ चैतन्यस्वरूप......ચૈતન્ય એટલે જ્ઞાન. જ્ઞાન એ આત્માનું અસાધારણ લક્ષણ ( ધર્મ ) છે. ન્હાનામાં ન્હાના–નિગોદના જીવમાં પણ જ્ઞાનની માત્રા થોડા ઘણા અંશે જરૂર હોય છે. જો તે ન હોય તો તે સિવાય પોતાના આહારાદિ લેવાની ક્રિયા તે સ્વતંત્ર રીતે કરી શકે નહિ. મુક્તાવસ્થામાં જ્ઞાનનો સંપૂર્ણ વિકાસ થએલો હોય છે. **નૈ**યાયિકો જ્ઞાનને આત્માથી તદ્દન જૂદું પણ આત્મામાં સમવાય સંબંધથી રહેલું માને છે, એટલે કે જ્ઞાનને આત્માનો સ્વભાવ ( ધર્મ ) નથી માનતા. તેના વિરોધ માટે આ વિશેષણ અપાયું છે. **સાં**ખ્યો આત્માને अकर्त्ता, अभोक्ता, અને अपरिणामी માને છે. ( જૂઓ–**સાં**ખ્યતત્ત્વ કૌમુદી ). **નૈ**યાયિક વિગેરે આત્માને સર્વત્ર व्यापक અને एकरूप ( નિત્ય ) માને છે. ( જૂઓ–**મુક્તાવલી** ). **અ**દ્વૈત વેદાન્તી બધા આત્માઓને એકજ ' બ્રહ્મ ' માને છે. એ બધી કલ્પનઓનો વિરોધ કરવા આત્માને માટે આ બધાં વિશેષણો જૈનોએ આપ્યાં છે.

( ૬ )

૭–૧૭ दश प्राण...પાંચ ઇંદ્રિય, મન, વચન, કાય, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય, એ કુલ દશ પ્રાણ છે. ( જૂઓ–નવતત્ત્વ. ગાથા ૭ મી). આ દશ પૈકીના ચાર પ્રાણ તો ઓછામાં ઓછા કોઇપણ સંસારી જીવને હોયજ. પર્યાપ્તિ પૈકીના ઘણાખરા ભેદ પ્રાણમાં પણ ગણાવ્યા છે. તો તેમાં શો ભેદ છે ? એના ઉત્તરમાં સમજવાનું કે પર્યાપ્તિ એટલે નિષ્પત્તિ, તે પ્રાણોને ઘડે છે, એટલે તે કારણ છે અને પ્રાણો કાર્ય છે. કર્મ યુક્ત–સંસારી જીવના આ દ્રવ્ય પ્રાણો છે. ભાવપ્રાણો તો દરેક જીવના જ્ઞાન દર્શનાદિ છે. જે જીવમાત્રમાં હમેશાં હોય છે, એટલેજ જ્ઞાનાદિ એ જીવનું અસાધારણ લક્ષણ છે.

( ૭ )

૮–૨ नित्य......'પોતાના મૂળ સ્વરૂપનો નાશ ન થવો' એ નિત્યનું લક્ષણ છે ('तद्भावाऽव्ययं नित्यम्'). જ્ઞાનવાન્ આત્મા તરીકે બધાં જન્મ અને અવસ્થામાં આત્મા સરખો છે; એટલે કે કોઇ પણ સ્થળે આત્માનું ચેતનાવત્ત્વ મૂળ સ્વરૂપ નષ્ટ થતું નથી. તેથી મૂળ સ્વરૂપની દૃષ્ટિએ તે નિત્ય છે.

આત્માની સાથે દૂધપાણીની જેમ ગાઢ સંબંધ ધરાવનાર (જૂઓ **ભ**ગવતી સૂત્ર.) શરીર વિગેરેનાં રૂપાન્તરો–ફેરફારો થાય છે. એકના વિનાશ અને બીજાના ઉત્પાદમાં નવાજૂનાપણું અનુભવાય છે. એ બધા આત્માના જ પર્યાયો (રૂપાન્તરો) કહેવાય, એ દૃષ્ટિએ 'આત્મા અનિત્ય છે' એમ કહેવામાં પણ કશો બાધ જણાતો નથી. દાખલા તરીકે–મનુષ્યનો આત્મા દેવગતિમાં જન્મ્યો; તો મનુષ્યનું રૂપ, જન્મ, વય, સુખદુ:ખ, ભોગ વિગેરે બધું બદલાયું–નષ્ટ થયું; તેથી મનુષ્યઆત્માનો વ્યય–વિનાશ થયો. દેવનું વય, જન્મ, રૂપ, સુખદુ:ખ, ભોગ વિગેરે બધું નવું થયું, તેથી દેવ રૂપે તે આત્મા ઉત્પન્ન થયો કહેવાય. જ્યારે બંને જન્મોમાં આત્મવ્યક્તિ તો તેની તે જ (જ્ઞાનવાળી) રહી, તેથી પર્યાય–અવસ્થાની દૃષ્ટિએ અનિત્ય અને મૂળ સ્વરૂપથી આત્મા નિત્ય એટલે ધ્રુવ ઠર્યો. કેવળજ્ઞાન જેવી વસ્તુમાં પણ **સન્મતિપ્રકરણકાર** ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ઘટાવવાનું કહે છે (જૂઓ–બીજા કાંડની ૩૫ અને ૩૬ મી ગાથા). મુક્તાવસ્થામાં પણ ઉત્પાદાદિ ઘટે છે, તે વાત તો ગ્રંથમાં આગળ **सिद्धत्वनिरूपण** માં ગ્રંથકાર જ (પૃ૦ ૮) લખે છે. મતલબ કે જગત્‌ની તમામ ચીજોમાં ઉત્પાદાદિ ઘટાવી શકાય છે. કારણ કે તે વસ્તુનું લક્ષણ જ છે. ('उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' તત્ત્વાર્થસૂત્ર ૫–૨૯) એથી જ બધે સ્થળે સ્યાદ્વાદની સિદ્ધિ થાય છે.

( ૮ )

( ૯-૪ साकार...જેમાં વસ્તુનો વિશેષ આકાર વિગેરે સ્પષ્ટ જણાય તે જ્ઞાન સાકાર ( આકાર—સહિત ); અને જેમાં વસ્તુના વિશેષ આકાર વિગેરેનું ભાન ન થાય તે નિરાકાર ( નિર્—આકાર—આકાર વગરનું ) છે. ' સાકાર ઉપયોગ ' એટલે વિશેષ જ્ઞાન અને ' નિરાકાર ઉપયોગ ' એટલે દર્શન—તદ્દન સામાન્ય જ્ઞાન. આ બંને ઉપયોગના બાર પ્રકારો પૈકી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળ, એ પાંચ જ્ઞાન અને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવધિઅજ્ઞાન, એ ત્રણ અજ્ઞાન મળી આઠ સાકાર ઉપયોગ (જ્ઞાન)ના; તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન એ ચાર નિરાકાર ઉપયોગના પ્રકારો કહેવાય. મુક્તાવસ્થામાં તો આ બારમાંથી ફક્ત કેવળજ્ઞાન અને કેવળ-દર્શન જ હોય છે.

પંદર આકાર—પ્રકારના જીવો મોક્ષ મેળવવાના અધિકારી છે. એ દૃષ્ટિએ **મોક્ષના પંદર ભેદો** કહ્યા છે. મુક્તાવસ્થામાં વ્યક્તિત્વ—સંખ્યા સિવાયનો બીજો કોઇ જાતનો ભેદભાવ રહેતો નથી, કારણ કે ત્યાં ભેદનું કોઇ પણ કારણ ( કર્મ ) રહ્યું નથી.

મુક્ત જીવો લોકના અગ્રભાગે—છેડે જઇને રહે છે. તેઓને જૈનો ' સિદ્ધ ' કહે છે. લોક પછી—અલોકમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નથી એટલે ત્યાં કોઇની ગતિ કે સ્થિતિનું સાધન નહિ હોવાથી આત્મા અલોકમાં જઇ કે રહી શકે નહિ; એ જૈનસિદ્ધાંત છે. છતાં કેટલાક નવા અને જૂના જૈનેતર પંડિતોએ ' જૈનોના મુક્ત જીવો હમેશાં આગળ ને આગળ ગતિ કર્યા કરે છે—નિત્ય દોડ્યા જ કરે છે ' (જૂઓ—અદ્વૈત સિદ્ધિગ્રન્થ) એમ પૂર્વપક્ષ કરી જૈનધર્મનું ખંડન અને ઉપહાસ્ય કર્યું છે—કરે છે. તે તેમની મોટી ભ્રાન્તિ છે. કારણ કે જૈનધર્મ

તેવું માનતો જ નથી. એમ હું મારી લાંબા કાળની તપાસથી કહું છું. તમામ કર્મોનો મૂળથી ક્ષય થયા પછી શરીરમાંથી છૂટી ('कृत्स्नकर्मक्षयो मोक्षः' त० १०–३) મુક્ત જીવ બહુ જ ટૂંકા સમયમાં ઊર્ધ્વ લોકના અગ્ર ભાગમાં જઇને સ્થિર રહે છે. ('तदनन्तरमूर्ध्वं गच्छति आलोकान्तात्' तत्त्वार्थ સૂત્ર ભાષ્ય ૧૦–૫) એમ જૈનોના બધા સંપ્રદાયોનું માનવું છે. આ સંબંધમાં ન્યાય અને વેદાન્તના મહાન્ વિદ્વાન્ કાશીવાળા શ્રીયુત પંડિત **રાજેશ્વર શાસ્ત્રીજી**ની સાથેના મ્હારા પત્રવ્યવહારમાં તેમણે મને જણાવેલું કે–' પ્રાચીન વૈદિક વિદ્વાનોએ કયા આધારે તેવો પૂર્વપક્ષ કરી ખંડન કર્યું છે તે મ્હારી જાણમાં નથી માટે હું એ વિષે કંઇ પણ કહી શકું નહિ.' વિદ્વાનોએ તો અમુક દર્શનકાર શું માને છે, એ સંપૂર્ણ રીતે જાણીને જ તેના ખંડન મંડનમાં ઉતરવું જોઇએ.

(૯)

૯–૧૬ स्कन्धदेशप्रदेश......અવયવો–પરમાણુઓનો મોટો જથ્થો–વસ્તુ તે સ્કંધ. સ્કંધનો અમુક ભાગ તે દેશ અને સ્કંધ (જથ્થા) સાથે જોડાએલો નાનામાં નાનો કે જેના બે ભાગ ન થાય તેવો અંશ તે પ્રદેશ કહેવાય છે. જ્યારે સ્કંધ એટલે જથ્થાથી પ્રદેશ જૂદો પડે ત્યારે તે પ્રદેશનું જ નામ 'પરમાણુ' કહેવાય છે, તેથી પુદ્ગલના ચાર ભેદો થાય છે. જ્યારે ધર્મ, અધર્મ, આકાશ અને જીવાસ્તિકાયના પ્રદેશો મૂળદ્રવ્ય–અવયવીથી કદી પણ વિખૂટા પડતા નથી, માટે તે ચારે ના ત્રણ ત્રણ ભેદ જ છે. કેમકે **આ** ચારે દ્રવ્ય અરૂપી સંબદ્ધ અને વ્યાપક છે. પુદ્ગળ (જડ) ના પ્રદેશો જૂદા થઇ શકે છે. જૂદા પડેલા પ્રદેશોનું નામ 'પરમાણુ' કહેવાય. પરમાણુ એ એક ઝીણામાં ઝીણો પદાર્થ અને જડચીજનું છેલ્લામાં છેલ્લું કારણ છે. પુદ્ગલનો સ્વભાવ વધવું, ઘટવું,

પૂર્ણ થવું, નવું જૂનું થવું વિગેરે છે. પરમાણુ અને તેથી બનેલ દ્વયણુકાદિ સ્કંધ એ બંને 'પુદ્દગલ' કહેવાય છે. ( **તત્ત્વાર્થ ૫–૨૫**, તથા **ભ**ગવતી સૂત્રની ટીકા **શતક ૧** ઉદ્દેશક ૪ ). પુદ્ગલનો સ્કંધ બેથી લઈ અનંતાનંત પરમાણુનો હોઈ શકે છે, જ્યારે બીજા દ્રવ્યોનો સ્કંધ નિયતાકારનો જ હોય છે.

**સાંખ્ય** દર્શન પૃથ્વીને ગન્ધતન્માત્રા–( પ્રકૃતિનો એક ભેદ ) જન્ય માને છે. ( જૂઓ–**સાંખ્ય**તત્ત્વકૌમુદી કારિકા ૩ ). અંધકાર અને છાયાને **નૈ**યાયિક દર્શન તેજ–આતપનો અભાવ માને છે. (જૂઓ–મુક્તાવળી). તેમ પૃથ્વી વિગેરેમાં સ્પર્શ, વર્ણ, રસાદિ બધા ગુણો માનતા નથી. **બૌદ્ધો** આત્માના અર્થમાં પુદ્ગલ શબ્દ વાપરે છે, તેથી ગ્રંથકારે કહ્યું છે કે ' मूर्त्तिमन्तः पुद्गलाः स्पर्शवर्णरसगन्धवन्तश्चेति ' 'પુદ્ગલો મૂર્ત્ત અને સ્પર્શાદિવાળા છે.' તથા ' ततः पृथिव्यातप...' પૃથ્વી તડકો અંધારૂં, પ્રકાશ, છાયા વિગેરે પુદ્ગલના રૂપાન્તરો છે" ( પૃ. ૯–૧૬ ). જગત્‌ની તમામ નાની મોટી રૂપી જડ ચીજોનું મૂળ કારણ પરમાણુરૂપ પુદ્ગલ છે અને પરમાણુ સ્વરૂપથી કદી પણ નષ્ટ નહિ થતું હોવાથી તે નિત્ય છે. જ્યારે સ્કંધ રૂપ પુદ્ગલમાં કારણપણું અપેક્ષિત છે. કાર્યપણું નિશ્ચિત છે. ઉત્તરના સ્કન્ધ ( જથ્થા ) નું પૂર્વસ્કંધ કારણ છે. પરન્તુ પૂર્વના પરમાણુ અથવા પોતા કરતાં નાના સ્કન્ધોથી મોટો સ્કન્ધ ઉત્પન્ન થયો હોઇ કરી તે કાર્ય છે. તેથી સ્કન્ધ અનિત્ય કહેવાય છે. **જૈ**નશાસ્ત્રકારોએ પુદ્ગલના આઠ પ્રકારો માન્યા છે. જેમાં જગત્‌ની તમામ ચીજો, કર્મ, ભાષા, મન વિગેરે રૂપીપદાર્થોનો સમાવેશ થાય છે. **જૈન**, **નૈ**યાયિક, **વૈશૈ**ષિક અને **બૌદ્ધો** રૂપી ભૌતિક જગત્‌નું છેલ્લું કારણ પરમાણુ માને છે, જ્યારે **સાંખ્ય**, **યોગ** અને **વે**દાન્તના બધા સંપ્રદાયો પ્રકૃતિ માને છે, તેથી તેઓ પ્રકૃતિવાદી કહેવાય છે.

( ૧૦ )

૧૦–૫ ધર્મદ્રવ્ય...જીવ અને પુદ્ગલ એ બંને મળેલાં કે જૂદાં જૂદાં પોતપોતાના સ્વભાવબળથી ગતિ કરતાં હોય તેમાં **મદદ** રૂપે ગતિમાં સહાય કરનાર જે નિમિત્ત રૂપ પદાર્થ તેનું નામ છે ધર્મદ્રવ્ય–ધર્માસ્તિકાય. તેમ પોતાના સ્વભાવથી જ સ્થિરતા કરતાં જીવ અને પુદ્ગલની સ્થિરતામાં જે નિમિત્ત રૂપ દ્રવ્ય તે છે અધર્મદ્રવ્ય–અધર્માસ્તિકાય. અહિં ગતિથી હાલવું, ચાલવું, ચઢવું, ઉતરવું, કૂદવું, ગોળ ફરવું, વિગેરે શરીરની તમામ જાતની ક્રિયા સમજવી. તેમ સ્થિતિથી શરીરની તમામ ક્રિયાઓનો અભાવ સમજવો. આ બંને દ્રવ્યો નિત્ય, સ્થિર, સંપૂર્ણ લોકવ્યાપી, અને અસંખ્યાત પ્રદેશવાળા છે. ( ભગવતી સૂત્ર શતક ૨, ઉદ્દેશક ૧૦ માં એ વિષે સારી ચર્ચા છે. )

કેટલાક લોકો આ બંને દ્રવ્યોને ધર્મ–પુણ્ય અને અધર્મ–પાપ તરીકે માને અને મનાવે છે; પણ જૈનસિદ્ધાન્તની દૃષ્ટિએ એ તેમની ભ્રાન્તિ છે. દરેક કાર્યમાં ઉપાદાન ( મૂળ ) કારણ–અસાધારણ કારણ સિવાય નિમિત્ત કાર્યની પણ અવશ્ય અપેક્ષા રહે છે. નિમિત્ત કારણ સિવાય કોઇપણ કાર્ય સિદ્ધ થતું નથી એ રીતે જીવ અને પુદ્ગલ ( જડ ) ગતિ અને સ્થિતિ કરે, તેમાં ઉપાદાન કારણ તો તે પોતે જ છે; પણ તેમાં નિમિત્ત કારણ કોણ? તે માનવું તો પડશે જ. તેથી જીવ અને પુદ્ગલને ગતિ અને સ્થિતિમાં જે નિમિત્ત રૂપ સહાયક કારણ હોય તેનું નામ જૈનદર્શને અનુક્રમે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય રાખ્યું છે. વળી જો ગતિ અને સ્થિતિને મર્યાદિત કરવામાં કોઈપણ કારણ ન માનીએ તો જીવ અને પુદ્ગળ પોતાના સ્વભાવથી ગતિ કરતાં કોઇ કાળે સાવ વિખૂટા પડી જશે. એટલે કે એક દ્રવ્ય લોકમાં અને બીજું દ્રવ્ય અલોકમાં ચાલ્યું જશે. આ આપત્તિને

ટાળવા માટે જીવ અને પુદ્ગલની ગતિ અને સ્થિતિને મર્યાદિત કરવાનું કોઇ પણ કારણ માનવું જોઇએ. અને તે જે કારણ હોય તેનું નામ ધર્મ–ધર્માસ્તિકાય અને અધર્મ–અધર્માસ્તિકાય છે. નામ ગમે તે રાખો. નામમાં કોઇનો વિરોધ નથી; પણ પદાર્થ તો માનવો જ જોઇએ. આગમ સિવાય તર્કથી પણ તે બન્ને દ્રવ્યો સિદ્ધ થાય છે. અનેકાર્થક શબ્દ હોવાથી ધર્મનો અર્થ પુણ્ય અને અધર્મનો અર્થ પાપ થાય છે ખરો, પણ દ્રવ્ય નિરૂપણના પ્રસંગમાં તો અહિં ગતિ સ્થિતિમાં સહાયક દ્રવ્યોનો જ અર્થ કરવો જોઇએ. 'હરિ' શબ્દના કૃષ્ણ, ઇન્દ્ર, ઘોડો, વાંદરો વિગેરે અનેક અર્થો થવા છતાં કૃષ્ણના પ્રસંગમાં તો હરિનો અર્થ કૃષ્ણ જ કરાશે અને ઇન્દ્રના પ્રસંગમાં ઇન્દ્ર જ કરાશે. બીજો નહિ.

( ૧૧ )

૧૧–૧૬ नित्यश्च लोकाऽऽकाशप्रमाणोऽसङ्ख्यातप्रदेशकः......કાળ માટે અહિં લખ્યું છે કેઃ—'તે નિત્ય, લોકવ્યાપ્ત અને અસંખ્યાત પ્રદેશવાળો છે' આ ઉલ્લેખથી કેટલાકને આશ્ચર્ય થશે અથવા ગ્રન્થકારની ભૂલ જણાશે. કેમકે અત્યારે આપણામાં આવી એકાંત માન્યતા છે કેઃ—'કાળ દ્રવ્ય નથી, સમયરૂપ હોવાથી તેના પ્રદેશો પણ નથી.' પણ આશ્ચર્ય લગાડવાની કશી જરૂરત નથી. શ્વે૦ જૈન આગમોમાં પર્યાય–(ભેદ) નયની દૃષ્ટિએ કાળને પણ દ્રવ્ય માન્યું છે. જેમઃ— 'कति णं भंते! दव्वा पण्णत्ता? गोयमा! छ दव्वा पण्णत्ता, तं जहा– धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगासत्थिकाए, पुग्गलत्थिकाए, जीवत्थिकाए, अद्धासमए' ભગવાન્ મહાવીરને પુછ્યું કેઃ—કેટલા દ્રવ્યો છે? ત્યારે તેઓએ કહ્યું કેઃ—'હે ગૌતમ! છ દ્રવ્યો છે, તે આ પ્રમાણેઃ— ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, પુદ્ગળ, જીવ અને કાળ.'

કાળને દ્રવ્ય માનવાવાળાની યુક્તિ છે કેઃ–વૃદ્ધજુવાનપણાનું જ્ઞાન, કાળકૃત

પહેલા પછીનું જ્ઞાન, સાથે અને ક્રમનું તથા વ્હેલા મોડાનું જ્ઞાન આપણને થાય છે એનું નિમિત્ત કારણ કોઈ હોવું જોઇએ. તે નિમિત્ત કારણ કાળ સિવાય બીજું ઘટતું નથી, માટે કાળને દ્રવ્ય માનવું જોઇએ.

લાંબા તથા પૂર્વકાળને લીધે વૃદ્ધ–મોટા, પહેલા, જલ્દી વિગેરેનો વ્યવહાર થાય છે. તેમ ટૂંકા તથા પાછળના કાળને લીધે જુવાન–નાનો, પછી, મોડું વિગેરે કહેવાય છે અને તેથી આપણને તેવું જ્ઞાન થાય છે. કલાક, દિવસ, મહિના, વર્ષ, ઋતુ, ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ વિગેરે વ્યવહારનું કારણ પણ કાળ પદાર્થ જ છે. 'એકાન્ત રીતે કાળ દ્રવ્ય નથી' એમ જૈનો કહી શકે જ નહિ. અને તેથી પર્યાયનયની દૃષ્ટિએ કાળને દ્રવ્ય માની ત્રણે કાળમાં તેના અનન્ત સમય–પર્યાયો હોવાથી તેમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણું તથા ગુણપર્યાયયુક્તપણું પણ તત્ત્વાર્થ–ભાષ્યની મોટી ટીકામાં (૫–૩૮, પૃ. ૪૩૧) ઘટાવ્યું છે. તેમ કાળમાં પ્રદેશો અવયવો તથા પરિણામિપણું પણ શ્રીસિદ્ધસેનગણિએ ત૦ સૂ૦ ની ટીકામાં સિદ્ધ કર્યું છે. ('सप्रदेशः कालो द्रव्यत्वाद्, आत्माकाशादिवत्, ततश्च परिणाम्यपि प्रदेशवत्त्वात् तद्वदेवेति।...क्षेत्रतो भावतश्च सावयव एव' પૃ. ૪૩૪) પ્રદેશો માનવાથી કાળમાં અસ્તિકાયતા પણ માની છે. ('न चैतावताऽस्यास्तिकायतापह्नोतुं शक्या' ત૦ સૂ૦ પૃ. ૪૩૪).

મતલબ કે દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ કાળને દ્રવ્ય માન્યું નથી. જ્યારે પર્યાયાર્થિક નયથી માન્યું છે. તેથી દિગંબરો જ કાળને દ્રવ્ય માને છે. એમ માની શ્વેતામ્બરોએ વિરોધ કરવાની કશી જરૂર નથી. અથવા ગ્રન્થકાર ઉદાર હોવાથી તેમ આ ગ્રન્થ સર્વોપયોગી હોવાથી આમાં પહેલા શ્વે. ની અને પછી દિગંબરોની એમ બંને ૨૯ માન્યના લખી છે એમ પણ કહી શકાય.

વર્ત્તના...જ્યારે કાળને નયાન્તરની દૃષ્ટિએ જૂદું દ્રવ્ય માન્યું છે

ત્યારે તેનું કાર્ય, તેનો ઉપકાર વિગેરે બધું તેમાં માનવું જોઇએ. એથી વર્ત્તના વિગેરે કાળનાં કાર્યો બતાવ્યાં છે, અર્થાત્ વર્તનાદિ બીજા પદાર્થો ઉપર કાળનો ઉપકાર છે. વર્ત્તનાનો અર્થ ઉત્પત્તિ, ક્રિયા કરવી, વર્ત્તવું અથવા ગતિ થાય છે. ધર્માસ્તિકાય, જીવ, પુદ્ગળ વિગેરે દ્રવ્યો પોતપોતાના સ્વભાવથી પ્રતિસમય જે કાર્ય કરે છે તેમાં ઉપાદાન કારણ તો તે પોતે જ છે પણ નિમિત્ત ( અપેક્ષા ) રૂપે પ્રેરણા કરવી તે વર્ત્તના છે અને આવી વર્ત્તના કાળ સિવાય બીજામાં ઘટી શકે નહિ, માટે તે કાળનું લક્ષણ કહેવાય છે.' असाधारणधर्मो हि लक्षणम् '.

( ૧૨ )

૧૨–૪ पुण्याश्रव...અહિં આશ્રવના બે ભેદ બતાવ્યા છે. સુખાદિ અભીષ્ટ વસ્તુ પ્રાપ્તિનું કારણ તે પુણ્યાશ્રવ, ને તેથી વિપરીત પાપાશ્રવ. પુણ્યાશ્રવ વિષયસુખરૂપ ફલને આપનાર હોવાથી આત્મિક દૃષ્ટિએ સોનાની બેડીની જેમ ઉપાધિ રૂપ હોઇ કરી તે પણ ત્યાજ્ય છે. द्विचत्वारिंशद्भेदभिन्नः पौर्वः આ સ્થળે ' પૌર્વ ' શબ્દથી પહેલો પુણ્યાશ્રવ સમજવાનો છે. પુણ્ય ૪૨ પ્રકારે ભોગવાય છે. માટે તેના બેતાલીસ ભેદો છે. ( નવતત્ત્વમાં ૧૫ થી ૧૭ મી ગાથા સુધી તે ૪૨ ભેદો બતાવ્યા છે ). પાપનું ફળ ૮૨ પ્રકારે ભોગવાય છે માટે પાપઆશ્રવના ૮૨ ભેદો છે. ( નવતત્ત્વ ગાથા ૧૮ થી ૨૦ સુધીમાં ) બંનેના આ ભેદો કાર્ય હોવા છતાં પુણ્ય અને પાપને બાંધવાના કારણો પણ થઇ શકે છે. એટલે તે કાર્ય અને કારણ બંને કહી શકાય છે.

આગળ ઇંદ્રિય કષાય વિગેરેના બેતાલીસ ભેદો ગ્રંથકારે લખ્યા છે. તે કર્મ બાંધવાના હેતુ હોવાથી આશ્રવ છે. આશ્રવના દ્રવ્ય અને ભાવ બે ભેદો છે. કર્મનું આવવું તે દ્રવ્યાશ્રવ, અને આત્માનો કર્મ આણવા યોગ્ય જે વિચાર તે ભાવાશ્રવ. એવી રીતે કર્મને રોકવાની

ક્રિયા કરવી તે દ્રવ્યસંવર. અને આત્માના તેવા સારા અધ્યવસાયો-વિચારો તે ભાવસંવર છે, નવે તત્ત્વના દ્રવ્ય ભાવ ભેદો થઈ શકે છે.

( ૧૩ )

૧૩–૭ चारित्राणि......ચારિત્ર એટલે આત્મિક ક્રિયા. અથવા આત્માના સ્વભાવમાં તલ્લીનતા–સ્થિરતા. તેના ભેદો પાંચ છે. તે આ પ્રમાણેઃ–સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત.

( ૧૪ )

૧૩–૧૨ सकामा......ઇચ્છા પૂર્વક સ્વતંત્રાથી તપસ્યાદિ દ્વારા કર્મનો ક્ષય કરવો તેનું નામ સકામ નિર્જરા, અને ઇચ્છા વગર પરાધીનતા કે શૂન્યતાથી કષ્ટો સહન કરી કર્મનો ક્ષય કરવો તેનું નામ અકામ નિર્જરા છે. નિર્જરા એટલે કર્મનું ઝરવું–ક્ષય થવું. તપ વિગેરે તેના કારણોને પણ નિર્જરા કહી શકાય છે. નિષ્કામ ઉપાસના, શુદ્ધ ચારિત્ર વિગેરેનો સમાવેશ સકામ નિર્જરામાં કરી શકાય.

( ૧૫ )

૧૫–૩ योग......આત્માના સહયોગથી મન વાણી અને શરીરના વ્યાપારને અહિં યોગ કહ્યો છે. ( ' शरीरवाङ्मनःकर्म योगः ' તત્ત્વાર્થ-સૂત્ર ૬–૧ ). મનના ચાર, વાણીના ચાર, અને શરીરના સાત પ્રકારના વ્યાપાર (ક્રિયા) હોઈ કરી ત્રણેના કુલ પંદર ભેદો છે. (જૂઓ. દંડક.)

( ૧૬ )

૧૫-૬ संतपयपरूवणया...સત્પદપ્રરૂપણા વિગેરે આ બધું મોક્ષનું સ્વરૂપ નથી, પરંતુ મોક્ષ સંબંધી સ્પષ્ટ વિચાર કરવાનું–મોક્ષને સારી

રીતે ઓળખવાનું સાધન ( ઉપાય ) છે. જૈનપરિભાષામાં આને દ્વાર પણ કહે છે. મોક્ષ સિવાય બીજા પદાર્થોનું પણ સ્ફુટ જ્ઞાન આ નવ સાધનોથી કરાય છે. ( જૂઓ તત્ત્વાર્થ ભાષ્યટીકા ૧–૮ ). મોક્ષ છે કે નહિ? અને છે તો કેવો? વિગેરે પ્રશ્નો–શંકાઓ કરી મોક્ષની સત્તાનો નિર્ણય કરવો એનું નામ છે સત્પદપ્રરૂપણા. એ રીતે દ્રવ્ય, ક્ષેત્ર વિગેરેથી પણ મોક્ષનો વિચાર કરી શકાય છે. મોક્ષનું સ્વરૂપ તો બધાં કર્મોનો મૂળથી ક્ષય કરવો તે છે.

( ૧૭ )

૧૫–૧૪ सम्यक्त्व...સમ્યક્ત્વનો અર્થ અહિં સાચા તત્ત્વ ઉપર સાચી શ્રદ્ધા થવી તે થાય છે. આ વસ્તુ દોષોના ઉપશમ ક્ષયોપશમ તથા આત્માના આધ્યાત્મિક વિકાસથી આત્મામાં પ્રગટે છે. ( જૂઓ તત્ત્વાર્થ અધ્યાય ૧ લો ). યોગશાસ્ત્રમાં આચાર્ય શ્રી હેમચંદ્ર, સાચા દેવ, ગુરૂ અને ધર્મ ઉપર શુદ્ધ શ્રદ્ધા થવી તેવો સમ્યક્ત્વનો અર્થ કરે છે. પણ વિચારક દૃષ્ટિએ પહેલો અર્થ સારો લાગે છે. સમ્યક્ત્વ એ આત્માનો મોટો ગુણ છે. આત્માની વિકસિત દશાનું એક ચિહ્ન છે. આ ગુણ પ્રાપ્ત થતાં આત્માને વસ્તુ અને તેના ધર્મોની સાચી ઓળખાણ થાય છે. અને ઓળખાણ થયા પછી તે ઉપર સજ્જડ શ્રદ્ધા–રુચિ ઉત્પન્ન થાય છે. જૈનકુળમાં ઉત્પન્ન થનારને જ આ ગુણ ઉત્પન્ન થાય એમ આગ્રહ પૂર્વક કહી શકાય નહિ, તેમ અન્ય ધર્મ કુળ કે વિદેશમાં ઉત્પન્ન થનારને સમ્યક્ત્વ ન જ હોય એમ પણ ભાર દઇને કહેવાય નહિ. આત્મગુણના વિકાસનો કોઇએ ઈજારો લીધો નથી. ઉન્નત વિચાર, પવિત્ર આચાર અને સતત પ્રયત્નના દૃઢ સંસ્કારોથી આ વસ્તુ મળી શકે છે. વૈદિક ગ્રંથોમાં કહ્યું છે કેઃ—દર્શન ( સમ્યગ્દર્શન ) યુક્ત જીવ નવાં કર્મોથી લિપ્ત થતો

નથી.' બૌદ્ધો પણ આને જૂદા નામથી માને છે. આનું બીજું નામ સમ્યગ્દર્શન પણ છે. દોષોનો ઉપશમ વૈરાગ્ય અને આસ્તિકભાવ થવો, તથા તત્ત્વ બુદ્ધિ જાગવી વિગેરે એના ક્રમિક પરિણામો છે. ઉત્પત્તિ કારણોના ભેદથી ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, વિગેરે એના ભેદો છે. સત્તા રૂપે સમ્યક્ત્વ જીવ માત્રમાં હોય છે, પણ બાહ્ય સાધનોથો અથવા નિસર્ગ (આન્તરિક પરિણામ) થી તેનો આવિર્ભાવ અને વિકાસ અમુક જીવોમાં જ થાય છે. તેવા જીવો જૈનશાસ્ત્રમાં ભવ્ય કહ્યા છે, બાકીના અભવ્ય છે. આ બંને અનાદિ કાળથી તેવા જ સ્વભાવવાળા છે. કોઈના કરવાથી થયા નથી. ભવ્ય મોક્ષમાં જવાને યોગ્ય છે. અભવ્ય યોગ્ય નથી. કારણ કે તેનામાં સમ્યક્ત્વનો આવિર્ભાવ–ઉત્પાદ અને વિકાસ ન જ થઇ શકે એમ જૈનતત્ત્વજ્ઞોની માન્યતા છે. બહુ ઊંચી સ્થિતિએ પહોંચેલ યોગી, કેવળી અને મુક્ત જીવો સમ્યગ્દર્શની નહિ પણ સમ્યગ્દષ્ટિ કહેવાય છે. અને તે સાદી અનંત છે જૂઓ તત્ત્વાર્થ ભાષ્યની ટીકા.

( ૧૮ )

૧૬–૩ પ્રમાણ...જેથી વસ્તુ સંપૂર્ણ પારખી શકાય તેનું નામ પ્રમાણ છે. સંપૂર્ણ પારખવાનું કામ જ્ઞાનથી જ થાય; જડથી નહિ; માટે જ્ઞાન જ પ્રમાણ થઈ શકે. વળી તે જ્ઞાન પોતાનો પ્રકાશ પણ દીવાની પેઠે પોતે જ કરે છે. દીવો જેમ પોતેજ પોતાને પ્રકાશિત કરતો ઘરમાં રહેલી ચીજોને પ્રકાશિત કરે છે, તેમ જ્ઞાન પોતાની મેળે પ્રકાશિત થતું બીજી ચીજોનું પણ જ્ઞાન કરે છે. આ સંબંધમાં સ્યાદ્વાદરત્નાકર અને સન્મતિતર્કમાં ઘણું વિશદ વર્ણન કરવામાં આવ્યું છે. જૈનો પ્રત્યક્ષ અને પરોક્ષ મુખ્ય બે પ્રમાણ માને છે. પ્રમાણ વિષે દાર્શનિકોની જૂદી જૂદી માન્યતાઓ છે. તે માટે જૂઓ ૩૦ મું પેજ.

( ૧૯ )

૧૬-૮ अनुभव......ઇન્દ્રિયાદિ અને જ્ઞાનના વ્યાપાર પછી આત્મામાં નીપજેલું પરિણામ-ફળ તે અનુભવ કહેવાય. તે સાચો અને જુઠ્ઠો એમ બે પ્રકારનો હોઈ શકે. જેવા પ્રકારની વસ્તુ છે તેવા પ્રકારનુંજ જ્ઞાન થવું તે સાચો-યથાર્થ અનુભવ કહેવાય. ( ' तद्वति तत्प्रकारकोऽनुभवो यथार्थः ' ). તેનાથી ઉલટો તે અયથાર્થ-જુઠ્ઠો કહેવાય. અથવા પ્રમાણથી ઉત્પન્ન થએલ જે પ્રતીતિ ( જ્ઞાન ) તે છે અનુભવ; અને તેનુંજ નામ વ્યવસાય છે. જૈનગ્રન્થોમાં સાચા અનુભવને પ્રમાણજ્ઞાન ( વ્યવસાય ) કહ્યું છે. અને જુઠ્ઠા-ખોટા અનુભવને સમારોપ ( અપ્રમાણજ્ઞાન ) કહ્યો છે. સંશય, વિપર્યય અને અનધ્યવસાય એ સમારોપના ભેદો છે.

( ૨૦ )

૧૬-૧૪ अनध्यवसाय......અનધ્યવસાય એટલે અસ્પષ્ટ-ઝાંખું જ્ઞાન. ( જો કે આ જ્ઞાન જૂઠું કે સંદિગ્ધ નથી હોતું, છતાં વ્યવહારમાં ઉપયોગી નહિ તેવું સામાન્ય અસ્પષ્ટ હોવાથી તેને સમારોપમાં દાખલ કર્યું છે. ) **જૈન ગ્રન્થોમાં ( આગમાદિમાં )** આનું નામ દર્શન પણ છે. **બૌદ્ધો** આને નિર્વિકલ્પ કહે છે, અને આ જ જ્ઞાન સાચું પ્રત્યક્ષ પ્રમાણ છે, એમ તેમનો સિદ્ધાન્ત છે. જૂઓ-ન્યાયબિંદુ.

( ૨૧ )

૧૭-૭ लक्षण......જે ધર્મ બીજે ઠેકાણે ન મળે તે ધર્મ ( ગુણ ) ' લક્ષણ ' કહેવાય. લક્ષણના બે ભેદ છે. એક તો આત્મભૂત-એટલે હમેશાં વસ્તુ સાથે તાદાત્મ્યથી રહેનારું. અને બીજું

અનાત્મભૂત-એટલે વસ્તુથી ભિન્ન પણ તે વસ્તુ સાથે જ સંબંધ રાખ-નારું. 'સ્વપરવ્યવસાયિપણું' એ પ્રમાણનું આત્મભૂત લક્ષણ છે. 'સામાન્ય' અને 'વિશેષ' એમ આ બન્નેના બબ્બે પ્રકાર છે.

( ૨૨ )

૧૭-૧૧ उपादान...નૈયાયિક વિગેરે આને 'સમવાયિકારણ' કહે છે. સહકારિને 'અસમવાયી' અને અપેક્ષાને 'નિમિત્ત' કારણથી ઓળખે ઓળખાવે છે. 'ઉપાદાન' એટલે મૂળ દ્રવ્ય, જેનાથી વસ્તુ બને છે તે પદાર્થ

( ૨૩ )

૧૭-૧૪ कार्य...માટી વિગેરે મૂળ દ્રવ્યનો જે આકાર ( ઘટાદિ ) તે 'કાર્ય' અને તે આકાર (કાર્ય)નું જે પૂર્વ રૂપ (માટી વિગેરે) છે તે 'કારણ દ્રવ્ય' કહેવાય. મતલબ કે જે ઉત્પન્ન થાય તે વસ્તુ 'કાર્ય' અને જેમાંથી ઉત્પન્ન થાય તે વસ્તુ 'કારણ' છે.

( ૨૪ )

૧૮-૧ प्रमाण...અહિં 'प्रमाणं द्विप्रभेदं' ને બદલે 'प्रत्यक्षप्रमाणं द्विप्रभेदं' જોઇએ. કેમકે 'સાંવ્યવહારિક' અને 'પારમાર્થિક' એ બન્ને ફક્ત પ્રત્યક્ષના ભેદો છે.

( ૨૫ )

૧૮-૭ मतिश्रुती...ઇન્દ્રિયો અને મનના મુખ્ય વ્યાપારથી જે જ્ઞાન થાય તે 'મતિજ્ઞાન' તથા ઉપદેશ અને પુસ્તકોથી જે જ્ઞાન ઉપજે તે 'શ્રુતજ્ઞાન' છે. 'મતિ' વર્તમાન વિષયનું જ હોય છે, જ્યારે 'શ્રુતજ્ઞાન' ત્રણે કાળના વિષયનું હોય છે. આંખ, નાક, કાન

અને મન વિગેરે ઈંદ્રિયોની સહાયતાથી આત્માને રૂપાદિ અને સુખાદિનું જે જ્ઞાન થાય છે તે બધું ખરી રીતે તો 'પરોક્ષ' જ કહેવાય. ઇન્દ્રિયો અને મન જડ છે. તે ચૈતન્ય ( જ્ઞાન ) સ્વરૂપ આત્માથી પર–જૂદાં છે એટલે પરોક્ષ કહેવાય છે. તત્ત્વદષ્ટિથી આમ હોવા છતાં વ્યવહારમાં આંખ, કાન વિગેરેથી ઉત્પન્ન થતું રૂપાદિનું જ્ઞાન પ્રત્યક્ષ મનાય છે, તેમ **નૈયાયિક, વૈશેષિક, બૌદ્ધ** અને **સાંખ્યાદિ** દર્શનો પણ પ્રસ્તુત જ્ઞાનને પ્રત્યક્ષ માનવા લાગ્યા તેથી શ્રી-ઉમાસ્વાતિ પછીના **જિનભદ્રક્ષમાશ્રમણ, દેવવાચક**, હરિભદ્રસૂરિ વિગેરે જૈનલેખકોએ આ પરોક્ષ જ્ઞાનને '**સાંવ્યવહારિક** પ્રત્યક્ષ' તરીકે માન્યું છે. 'સાંવ્યવહારિક પ્રત્યક્ષ' એટલે વ્યવહારિક દષ્ટિથી–લૌકિક પ્રત્યક્ષ.

( ૨૬ )

૧૮–૧૭ ધારણા...યાદ કરી શકાય તેવું જ્ઞાન. ધારણ કરવું તેનું નામ 'ધારણા'. નિશ્ચિત જ્ઞાનનું નામ 'અવાય' છે. (**તત્ત્વાર્થાદિમાં** 'અપાય' લખ્યું છે) જે અવાય ભવિષ્યમાં સ્મરણ કે પ્રત્યભિજ્ઞાન કરવા જેટલો મજબૂત થાય તેનું નામ છે 'ધારણા'. તેના અનંત ભેદો થઇ શકે છે. મતલબ કે ધારણા એ અવાયના સંસ્કારોનું વિકસિત પરિણામ છે. **નૈયાયિકો** ધારણાને 'સંસ્કાર' કહે છે. પણ તેઓ સંસ્કારને જડ માને છે. ધારણાથી કાળાન્તરમાં સ્મૃતિ–સ્મરણ પ્રત્યભિજ્ઞાનાદિ થાય છે. 'अविच्युति' એ અવાય પછી થનારો ધારણાનો જ એક ભેદ છે. આ બધા જ્ઞાનના જ પર્યાયો–આકારો છે. ધારણા વધારેમાં વધારે અસંખ્ય વર્ષો સુધી ટકી શકે છે. જૂઓ–**વિશેષાવશ્યકભાષ્ય**.

પ્રત્યક્ષની જેમ પરોક્ષમાં પણ ધારણા થાય છે, અવધાન, કલ્પના, તર્ક, સમસ્યાપૂર્ત્તિ વિગેરેમાં ધારણાની બહુ મોટી સહાયતા છે. વિજળી

કરતાં પણ હજારો ગણો વેગ આ જ્ઞાનનો છે. તે પોતાના સ્થાનમાં રહી ગમે તેટલી દૂર રહેલ વસ્તુને ક્ષણમાત્રમાં જાણવાની યોગ્યતા ધરાવે છે. જ્ઞાનને દબાવનાર વિરોધી પદાર્થ ( જ્ઞાનાવરણીય કર્મ ) ને સતત અભ્યાસ અને તપસ્યાદિ દ્વારા દૂર કરવાથી દરેકને તેવી યોગ્યતા સાંપડી શકે છે.

( ૨૭ )

૧૯–૧ મતિજ્ઞાન...મતિજ્ઞાનના ટૂંકાણમાં ૨૮ અને વિસ્તારથી ૩૩૬ ભેદો આ પ્રમાણે છે:—દરેક ઇંદ્રિય અને મનના અવગ્રહ વિગેરે ચાર ચાર ભેદો થાય છે. ઇંદ્રિયો પાંચ અને એક મન એમ કુલ છ છે. એને ચારે ગુણતાં ચોવીસ ભેદો થયા. મન અને આંખ સિવાય ચારનો રસ, ગંધ, શબ્દ અને સ્પર્શ સાથે સંયોગ થયા પછી જ્ઞાન થાય છે; તે જ્ઞાનને જૈન પરિભાષામાં ' વ્યંજનાવગ્રહ ' કહે છે. ચોવીસમાં ચાર ઇંદ્રિયના આ ચાર ભેદ ઉમેરતાં ૨૮ ભેદો થયા. આ ૨૮ ભેદોના દરેકના **બહુ બહુવિધ ( તત્ત્વાર્થસૂત્ર** ભાષ્ય ૧–૧૬ ) વિગેરે બાર બાર ભેદો થાય છે. પેલા અઠ્ઠાવીસ ને આ બાર સાથે ગુણતાં મતિજ્ઞાનના કુલ ૩૩૬ ભેદો થયા. ઔત્પાદિકી, વૈનયિકી, કર્મજા અને પારિણામિકી; બુદ્ધિના આ ચાર ભેદ પણ મતિજ્ઞાનના જ માનવામાં આવે છે. જૂઓ **વિ.** આ. ભાષ્ય.

( ૨૮ )

૧૯–૨ વ્યઞ્જનાવગ્રહ...'વ્યંજન' એટલે ' ઇંદ્રિયનો વસ્તુ સાથેનો સંયોગ ' ( અડકવું ). તે સંયોગથી થએલ જ્ઞાન તે ' વ્યંજનાવગ્રહ ' કહેવાય. એ પ્રાથમિક જ્ઞાન છે. આ જ્ઞાન એટલું બધું ઝાંખુ હોય છે કે ' આ કંઈક છે ' એવું ભાન પણ આત્માને સ્પષ્ટ થતું નથી. આ

જ્ઞાનનો વિકાસ થતાં આત્માને 'કાંઈક છે' એવું સામાન્ય જ્ઞાન થાય છે. આને જૈનો 'દર્શન' કહે છે. તે પછી જે અવગ્રહ–જ્ઞાન થાય છે. તેનું નામ 'अर्थावग्रह' છે. અર્થાવગ્રહ પછી જ્ઞાનની સામગ્રી મળતાં ધારણા સુધી જ્ઞાન થાય છે. ઇન્દ્રિયો અને જ્ઞાનવિષે મહત્ત્વની વિચાર-પૂર્વક ચર્ચા વિશેષાવશ્યકભાષ્ય અને પ્રજ્ઞાપનાસૂત્રમાં કરી છે. જિજ્ઞાસુએ ત્યાંથી જોઇ લેવી.

( ૨૯ )

૧૯–૭ देवनारक...દેવ અને નરક ભવમાં ત્યાંના દરેક જીવને જન્મથી જ 'અવધિજ્ઞાન' હોય છે. સારા જીવને સમ્યક્ અને ખરાબને 'મિથ્યાજ્ઞાન' હોય છે. તેમને આ જ્ઞાન મેળવવા ત્યાં કોઇજાતનો પ્રયાસ કરવો પડતો નથી. તેથી જ તેમનું અવધિજ્ઞાન 'भवप्रत्यय' ભવ–જન્મ કારણવાળું કહેવાય છે. જ્યારે મનુષ્ય અને તિર્યંચને તેમ હોતું નથી. તેઓને તો તપસ્યાદિ સાધનો દ્વારા અવધિજ્ઞાનને રોકનાર કર્મોનો નાશ કર્યાથી અવધિજ્ઞાન સાંપડે છે. તેથી કરીને તેમનું ( મનુષ્ય અને તિર્યંચનું ) જ્ઞાન 'गुणप्रत्यय' ગુણજન્ય કહેવાય છે. ( જૂઓ તત્ત્વાર્થભાષ્ય ૧–૨૩. ) 'ગુણપ્રત્યય અવધિ સાધુને જ થાય' એમ આ મૂળ ગ્રંથકારે કહ્યું છે તે તથ્ય જણાતું નથી. વિશિષ્ટ ગુણોથી ગૃહસ્થ અને તિર્યંચ સુદ્ધાંને પણ આ જ્ઞાન થઇ શકે છે. હાં 'મનઃ-પર્યવજ્ઞાન તે વિશિષ્ટ સાધુને જ થાય' એમ કહી શકાય ( જૂઓ પ્રમાણમીમાંસા ૧–૧–૨૦ સૂત્રની ટીકા, આર્હત મત પ્ર૦ ની આવૃત્તિ પૃષ્ઠ ૨૬ ). અવધિનો અર્થ 'હદ' થાય છે. અમુક કાળ કે પ્રદેશની હદ સુધીનું જ્ઞાન તે 'અવધિજ્ઞાન'. મનથી કરેલ વિચારોનું જેથી નિશ્ચિત જ્ઞાન થાય તે 'મનઃપર્યાય જ્ઞાન' કહેવાય. આ બંનેમાં ઇન્દ્રિય વિગેરે બાહ્ય સાધનોની જરૂર પડતી નથી તેથી તે પ્રત્યક્ષ કહેવાય છે.

'**યતિ**' શબ્દ ( પૃ. ૧૯–૮ ) ની જેમ '**યતિન્**' શબ્દ પણ સાધુવાચક છે. જૂઓ હૈમકોષ.

( ૩૦ )

૨૧–૧૬ प्रतिज्ञा...**નૈ**યાયિકો પ્રતિજ્ઞા વિગેરે પાંચ અવયવોને અનુમાનના ખાસ અંગો માને છે. તેઓનો એવો આગ્રહ છે કેઃ– 'બીજાની સામે અનુમાન કરતાં આ પાંચે અવયવોનો પ્રયોગ ચોક્કસ કરવો જ જોઇએ, જો ન કરાય તો 'न्यून' નામનું **નિગ્રહસ્થાન** (વાદમાં પરાજય પમાડનારો એક દોષ) થાય છે.' 'हीनमन्यतमेनाप्यवयवेन न्यूनम्' (ગૌતમનું **ન્યાય** દર્શન, પાંચમો અધ્યાય બીજું આહ્નિક). **જૈ**નો **નૈ**યાયિકોના આ આગ્રહને વખોડી કાઢે છે. **જૈ**નોનું કહેવું છે કેઃ–પરાર્થાનુમાનમાં 'પ્રતિજ્ઞા' અને 'હેતુ'ના કથનથી જ સામેના માણસને જ્ઞાન થઇ શકતું હોય તો પછી બાકીના ત્રણ અવયવો માટે આટલો આગ્રહ શા માટે? 'ધુમાડો હોવાથી આ પર્વત અગ્નિવાળો છે' આ વાક્યથી જ માણસને અનુમિતિ–અગ્નિનું જ્ઞાન થઇ જાય છે. હાં જો સામેનો માણસ તદ્દન ભોટ–મૂર્ખ હોય તો કવચિત્ દૃષ્ટાંતાદિનો ઉપયોગ કરવામાં વાંધો નથી. ( જૂઓ **પ્ર**માણ મીમાંસા ૨–૧–૩૪ ).

આ ગ્રંથમાં પૃ૦ ૨૨–૨ માં 'बुद्धीनामवयवसंज्ञा' લખ્યું છે તેમાં 'બુદ્ધિ'નો અર્થ સમજાતો નથી. હું ધારૂં છું કે તેનો અર્થ પ્રતિજ્ઞાદિનું જ્ઞાન હશે.

( ૩૧ )

૨૨–૮ सोऽग्निमान्...અહિં 'स सोऽग्निमान्' હોવું જોઇએ.

( ૩૨ )

૨૬–૩ सामान्य...'સામાન્ય' એટલે 'જેનાથી એક સરખું

જ્ઞાન થાય તેવો વસ્તુમાં રહેલો ધર્મ અને એક સરખું નામ'. જેમઃ- 'હાથ, પગ, આંખ, કાન, વિગેરે અમુક વિશેષતાવાળો મનુષ્ય કહેવાય' એવું જ્ઞાન થયા પછી તેવા લક્ષણ અને નામવાળાને આપણે મનુષ્ય સમજીએ છીએ. સામાન્યના 'ગૌણ' અને 'મુખ્ય' એમ બે ભેદો છે. 'વિશેષ' એટલે 'જેનાથી વસ્તુમાં બીજા કરતાં કાંઇક ભેદ જણાય-વિશેષ જ્ઞાન થાય તેવો વસ્તુનો ધર્મ'. જેમઃ-માણસમાં પશુ કરતાં હાથ વિગેરેની વિશેષતા છે. પશુમાં શિંગ પૂછની વિશેષતા છે. સામાન્ય એટલે 'અન્વય' અને વિશેષ એટલે 'વ્યતિરેક'. આ બંને ધર્મો વસ્તુના જ હોઇ કરી વસ્તુથી સાવ જૂદા-સ્વતંત્ર નથી. એમ **જૈન દર્શન** કહે છે; છતાં આ ગ્રંથમાં 'सामान्यविशेषौ स्वतन्त्रौ' (૨૬-૩) 'સામાન્ય અને વિશેષ સ્વતંત્ર છે' એમ લખ્યું છે. જો 'તે સર્વથા જૂદા છે' એવો અર્થ અહિં હોય તો તે **જૈન દષ્ટિએ** ઉચિત જણાતો નથી. મને લાગે છે કે તેમાં લહીઆની ભૂલ હશે. કેમકે ગ્રંથકાર જ આગળ જતાં શ્રી અન્યયોગ વ્ય૦ દ્વા૦ **સ્યાદ્વાદ** મંજરીના શ્લોક ચોથાનું પ્રમાણ આપે છે, કે જે શ્લોકમાં સામાન્ય વિશેષના વસ્તુથી જૂદાપણાનું ખંડન છે, એટલા માટે આના **સંપાદનમાં** મેં તે સ્થલે શંકાચિહ્ન [ ? ] કર્યું છે. બાકી વસ્તુથી કોઇ દૃષ્ટિએ ધર્મોને જૂદા માનવામાં વાંધો નથી.

**વૈ**શેષિક **નૈ**યાયિકો દ્રવ્ય, ગુણ, કર્મ, સમવાય અને અભાવથી સામાન્ય વિશેષ ને સર્વથા જૂદા માને છે. **સ્યા**દ્વાદ મંજરી શ્લોક ૧૪ પૃષ્ઠ ૧૧૧ માં આનો વિસ્તારથી વિરોધ કર્યો છે.

( ૩૩ )

૨૮-૨ अज्ञाननिवृत्ति...અજ્ઞાનનો અભાવ-સાચું જ્ઞાન. પ્રમાણનો ઉપયોગ થયા પહેલાં જે અભીષ્ટ વસ્તુના વિષયનું અજ્ઞાન હોય છે

તે પ્રમાણથી દૂર થાય છે, એટલે ‘અજ્ઞાન દૂર કરવું’ એ તમામ પ્રકારના પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણોનું મુખ્ય ફળ અથવા કાર્ય છે. કેમકે દરેક જીવ વસ્તુની ચોકસાઇ કરવાને માટે પ્રમાણનો આશ્રય લે છે. અજ્ઞાન નિવૃત્તિ થયા પછી પરંપરા–ગૌણફળમાં અધિકારીના ભેદથી બે ભેદ પડે છે. એટલે કે વીતરાગને સર્વત્ર સમભાવ હોવાથી વસ્તુનું જ્ઞાન થયા પછી તે ઉપર રાગદ્વેષ નહિ થતાં આત્મામાં સુખ અને માધ્યસ્થવૃત્તિ થાય છે. તેથી તેમના પ્રમાણનું બીજું (પરંપરા) ફળ, ‘સુખ અને માધ્યસ્થભાવ–ઉપેક્ષા’ હોય છે. જ્યારે આપણે (વીતરાગ સિવાયના બધા જીવો) રાગદ્વેષ વાળા હોઇ કરી વસ્તુનું જ્ઞાન થયા પછી ઇષ્ટ વસ્તુને સ્વીકારવાની, અનિષ્ટને તજવાની અને જે કાંઇ કામની ન હોય તે વસ્તુ ઉપર ઉપેક્ષા કરવાની પ્રવૃત્તિ કરીએ છીએ, તેથી આપણા જ્ઞાનનું બીજું એટલે પરંપરા ફળ વીતરાગના ફળ કરતાં જૂદું છે. દેવ, તિર્યંચ અને નરકના જીવો માટે પણ તેમજ સમજવું. પ્રમાણ ‘જ્ઞાન-સ્વરૂપ’ છે. અને તેનું ફળ પણ અજ્ઞાનનો અભાવ એટલે ‘જ્ઞાન સ્વરૂપ’ છે. પણ ‘પ્રમાણ’ એ ‘સાધન’ અને ‘ફળ’ એ ‘સાધ્ય’ હોઇ કરી બંનેને ભિન્ન માનવામાં કશો બાધ જણાતો નથી. બૌદ્ધો પ્રમાણ અને ફળ એ બંનેને સાવ અભિન્ન–એકજ માને છે. પણ તે ઠીક નથી, કેમકે જેમ દીવો પ્રકાશ સ્વરૂપ છે અને તેનાથી પદાર્થો પણ પ્રકાશિત થાય છે છતાં ‘પદાર્થોનો પ્રકાશ’ અને ‘દીવો’ જૂદાં છે. ‘પ્રમાણ’ એ પૂર્વકાળમાં હોય છે, અને ‘ફળ’ પાછળથી નીપજે છે. એટલે એક ‘કારણ’ અને બીજું ‘કાર્ય’ હોવાથી અલગ મનાય છે. એ બંને એક–જ પ્રમાતાને થતાં હોવાથી ‘કથંચિત્ અભિન્નપણ’ કહી શકાય છે. તેથી નૈયાયિકો આ બંનેને સાવ જૂદાં માને છે તેમના આગ્રહને પણ જૈનો વખોડી કાઢે છે.

( ૩૪ )

૨૮-૧૧ सप्तसमुद्र—**જૈનો**ની દૃષ્ટિએ સમુદ્રો અને દ્વીપો ( સ્થલ ભાગ ) અસંખ્ય છે. જે એક પછી એક બંગડીના આકારે વીંટાએલા છે. **શિવરાજ** નામના એક રાજર્ષિ થયા છે. તેમના અધુરા અવધિજ્ઞાનમાં સાત સમુદ્ર અને સાત દ્વીપોનું જ જ્ઞાન ભાસ્યું હતું; તેથી તેમનું જ્ઞાન ' અવધિજ્ઞાનાભાસ' કહેવાય. કેવળજ્ઞાનમાં તો આભાસને સ્થાન જ નથી. પ્રમાણનું સ્વરૂપ, ફળ, સંખ્યા, તથા હેતુ, દષ્ટાંત વિગેરેના જે લક્ષણો કહ્યાં છે તેનાથી ઉલટાં-જૂદાં લક્ષણોનું સમજવું કે કહેવું તે બધું ' આભાસ ' કહેવાય. આભાસ એટલે ખોટું જ્ઞાન. જેમ પ્રમાણાભાસ, ફળાભાસ, દષ્ટાંતાભાસ, હેત્વાભાસ, નયાભાસ વિગેરે.

( ૩૫ )

૨૮-૧૪ असिद्धविरुद्ध...**નૈ**યાયિકો અને **વૈ**શેષિકો સવ્યભિચાર ( અનૈકાન્તિક ), વિરુદ્ધ, સત્પ્રતિપક્ષ, અસિદ્ધ અને બાધિત એ પાંચ હેત્વાભાસ માને છે ( જૂઓ **તર્કસંગ્રહ** ). જ્યારે **જૈનો**એ ત્રણ જ હેત્વાભાસ કેમ માન્યા ? એ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે ' સત્ પ્રતિપક્ષ' અને 'બાધિત' એ બંનેને; **જૈનો**એ સાધ્યનું લક્ષણ બનાવતાં; ' अनिराकृत ' વિશેષણથી દૂર કર્યા છે. ( ' अप्रतीतमनिराकृतमभीप्सितं साध्यम् ' પ્રમાણનય ત૦ ૩-૧૪ ) તેથી આ બેને હેત્વાભાસોમાં ફરીથી **જૈનો**એ માન્યા નથી. **દિગંબરો** ચાર હેત્વાભાસ માને છે. એટલે કે અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાન્તિક એ ત્રણ કરતાં '**અકિંચિત્કર**' નામનો હેત્વાભાસ જૂદો માને છે. તેનું લક્ષણ તેઓ ' अप्रयोजको हेतुरकिञ्चित्करः ' ( **ન્યાય**દીપિકા પૃ. ૩૨ ) એ પ્રમાણે કરે છે. **શ્વે**તામ્બરોએ એવી યુક્તિઓ આપી છે કે તેને ત્રણથી જૂદો માનવાની જરૂર નથી, ઉપર કહેલ તે ત્રણમાં જ બધા હેત્વાભાસો સમાઇ જાય છે. જૂઓ રત્નાકરાવતારિકા ૬-૫૭. પેજ ૧૧૪.

( ૩૬ )

૨૮–૧૫ असिद्धश्चतुर्विंशतिधा...જૈન ન્યાયની દૃષ્ટિએ તો 'અસિદ્ધ'ના બે જ ભેદો છે. એક 'ઉભયાસિદ્ધ' (જે હેતુ વાદી અને પ્રતિવાદી બન્નેને અસિદ્ધ હોય તે) અને બીજો 'વાદી અસિદ્ધ'. બીજા દર્શનવાળાઓએ (નૈયાયિકાદિએ) અસિદ્ધના વિસ્તારની જાલ ફેલાવી 'સ્વરૂપાસિદ્ધ' વિગેરે તેના ઘણા ભેદો માન્યા છે. તેની સંખ્યા ચોવીસ નહિ પણ પચ્ચીસની છે. જૈનોએ તે ભેદોમાંથી જે સાચા છે તેનો સમાવેશ તો ઉપર કહ્યા તે બેમાં જ કર્યો છે, ને બાકીના જે હેત્વાભાસ તરીકે નથી ઘટતા તેનું ખંડન રત્નાકરાવતારિકા (જૂઓ ૬–૫૧ સૂત્રની વ્યાખ્યા પૃ૦ ૧૦૨ થી ૧૦૯ સુધી) વિગેરેમાં કર્યું છે. એટલે કે 'આ ગ્રંથમાં અસિદ્ધના ૨૪ ભેદો છે' એવો ઉલ્લેખ છે; તે બીજાની માન્યતાની દૃષ્ટિએ હોય એમ લાગે છે.

( ૩૭ )

૨૯–૩ नैयायिकैरुपाधि...'અનૈકાન્તિક'ને નૈયાયિકો 'ઉપાધિ' કહે છે, એમ આ સ્થળે કહ્યું છે તે ઘટિત જણાતું નથી. મૂળ વાત એવી છે કે:-જૈનોએ અનૈકાન્તિક હેત્વાભાસના જે બે ભેદો માન્યા છે (જૂઓ પ્ર૦ ન૦ ત૦ ૬–૫૫) તેમાંથી બીજા ભેદની વ્યાખ્યા કરતાં શ્રી-રત્નપ્રભસૂરિએ **રત્નાકરાવતારિકા**માં 'મૈત્રનો છોકરો હોવાથી તે શ્યામ છે' એ ઉદાહરણને પણ બીજા ભેદનું બતાવ્યું છે. તે પછી તેઓએ ત્યાં ૬–૫૭ સૂત્રની ટીકામાં લખ્યું છે કે:–'सोपाधिरयमिति नैयायिकाः' એટલે કે 'स श्यामो मैत्रपुत्रत्वात्' આ સ્થળે "તે શ્યામ છે, મૈત્રનો પુત્ર હોવાથી" આ હેતુ 'સોપાધિ'–ઉપાધિ વાળો છે. એટલે જૈનોએ "સંદિગ્ધ વિપક્ષવૃત્તિ' નામનો અનૈકાન્તિકનો ભેદ માનવો ઉચિત નથી." એવો નૈયાયિકોનો મત બતાવીને; સિદ્ધાન્તી રત્નપ્રભસૂરિએ સચોટ

યુક્તિથી તે મતનું ખંડન કર્યું છે. **સોપાધિ હેત્વાભાસને તો નૈયાયિકો અસિદ્ધનો એક પેટાભાગ માને છે.** તેનું લક્ષણ પણ તેઓ અનૈકાન્તિક હેત્વાભાસ કરતાં જૂદું કરે છે, ('सोपाधिको हेतुर्व्याप्यत्वासिद्धः । साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वमुपाधिः' તર્કસંગ્રહ), તેથી સામાન્ય 'અનૈકાન્તિક હેત્વાભાસ' સાથે 'સોપાધિક હેત્વાભાસ'ની તુલના ઘટતી નથી. 'સંદિગ્ધ વિપક્ષવૃત્તિ' સાથે કદાચ તુલના કરી શકાય. આ ગ્રંથકાર શ્રી **યશસ્વત્સાગરે** આમાં અને '**સ્યાદ્વાદમુક્તાવળી**'માં તેમ કયા આધારે લખ્યું હશે ? તે કળી શકાતું નથી.

( ૩૮ )

૨૯–૭ નય...વસ્તુમાં રહેલ અમુક ધર્મ (ગુણ કે પર્યાય) વિષેના અભિપ્રાયનું નામ 'નય' છે. અભિપ્રાય અનેક હોઈ શકે તેથી નયો પણ તેટલા જ થઇ શકે છે. ('जावइआ वयणपहा तावइआ चेव हुंति नयवाया'.) સંક્ષેપમાં જૈનશાસ્ત્રકારોએ નયના બે ભેદો પાડી તે વિષે ગંભીર વિચાર કર્યો છે. બે ભેદોમાં એક તો '**દ્રવ્યાર્થિક**' અને બીજો '**પર્યાયાર્થિક**' છે. 'દ્રવ્ય' એટલે ત્રણે કાળમાં રહેનારૂં મૂળતત્ત્વ (કારણ). તેને ઉદ્દેશીને કરાતો વિચાર (અભિપ્રાય) તે 'દ્રવ્યાર્થિકનય' કહેવાય. 'પર્યાય' એટલે મૂળતત્ત્વ (વસ્તુ) નાં બદલાતાં રૂપાન્તરો (આકારો કાર્યો), તે સંબંધી અભિપ્રાય તે 'પર્યાયાર્થિકનય' કહેવાય. અભિપ્રાય એ એક જ્ઞાન છે એટલે નય પણ જ્ઞાન સ્વરૂપ છે.

નયના સાત અથવા તેથી વધારે જેટલા ભેદો છે તે બધાનો સમાવેશ આ બેમાં થઈ જાય છે; એટલે કે 'દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના તે બધાય પેટા ભેદો છે' એમ **સન્મતિતર્ક** ટીકામાં (કાંડ ૧ ગાથા ૩) કહ્યું છે. દ્રવ્યાર્થિકનય એ અભેદ દૃષ્ટિવાળો હોઇ કરી વસ્તુની 'નિત્યતા' બતાવે છે. 'સંગ્રહનય' અને 'વ્યવહારનય' પણ

એનાજ ભેદો છે. (સન્મતિ તર્ક ૧–૪). જૂદા જૂદા કાળ **વિગેરે** કારણોથી વસ્તુમાં થતા પર્યાયો એક બીજાથી ભિન્ન હોય છે; **તે** પર્યાયો સંબંધીનય તે 'પર્યાયાર્થિક નય'. આ નય વસ્તુના વર્તમાન **પર્યાય** (૩૫) ને જ ગ્રહણ કરતો હોવાથી ભિન્ન દૃષ્ટિવાળો છે એટલે **તે** વસ્તુને અનિત્ય–ક્ષણિક બતાવે છે. પહેલા–દ્રવ્યાર્થિકનો વિષય 'સામાન્ય' છે અને બીજા–પર્યાયાર્થિકનો વિષય 'વિશેષ' છે. શ્રી**સિદ્ધ**સેનદિવાકર 'સન્મતિતર્કમાં' લખે છે કેઃ–'ઋજુસૂત્ર' એ પર્યાયાર્થિકનયનો મૂળ આધાર છે તથા **શબ્દનય**, સમભિરૂઢનય અને એવંભૂતનય એ **ત્રણે** ઋજુસૂત્રના પેટાભેદો છે. (**સન્મતિ** કાંડ ૧–૫). સાત **નયોમાં** પહેલાના ત્રણ, દ્રવ્ય (મૂળતત્ત્વ) નો વિચાર કરતા **હોવાથી** '**દ્રવ્યાર્થિક નય**' છે. અને બાકીના ચાર, વસ્તુના અથવા શબ્દના પર્યાયોની ચર્ચા કરતા હોવાથી '**પર્યાયાર્થિક નય**' છે.

આ બધા નયો જ્યાંસુધી પોતપોતાના વિષયનું પ્રતિપાદન કરવાના જ કાર્યમાં તત્પર રહે ત્યાંસુધી તો તે '**નય–સાચાનય**' કહેવાય **છે.** (વસ્તુના એક દેશ–ધર્મનું પ્રતિપાદન કરવું એ તેમનું કાર્ય છે.) **પણ** જ્યારે તે નયો પોતાને જ સ્વતંત્ર રીતે સાચા ઠરાવી બીજા નયને વખોડી કાઢે ત્યારે તે કદાગ્રહી હોઇ કરી '**મિથ્યાનય–નયાભાસ**' કહેવાય છે. **જો** એક નય પોતાના વિષયનું અમુક દૃષ્ટિએ પ્રતિપાદન કરતો; વસ્તુના **બીજા** પણ બધા ધર્મોનું બીજી દૃષ્ટિએ પ્રતિપાદન કરે તો તેજ નય '**પ્રમાણ**' કહેવાય છે. તે પૂર્ણ છે. પ્રમાણ વસ્તુમાં રહેલા બધા ધર્મોનું જૂદાં જૂદાં દૃષ્ટિબિંદુઓથી પ્રતિપાદન કરે છે; એટલે તે પૂર્ણ છે. આ **પ્રમાણનું જ નામ 'સ્યાદ્વાદ' કે 'અનેકાન્તવાદ' છે.** (જૂઓ **અન્યયોગ** વ્ય૦ દ્વાત્રિંશિકા ૨૮). પ્રમાણવાક્યને 'સકલાદેશ વાક્ય' અને નયવાક્યને 'વિકલાદેશ વાક્ય' કહેવામાં આવે છે. 'સ્યાત્ નિત્ય' વિગેરે **સપ્તભંગી** (સાતભાંગા) **પ્રમાણ અને નય બન્નેમાં ઘટાવાય છે.**

# જૈની સપ્તપદાર્થીમાં આવતાં

## ઉલ્લેખો અને તેનાં સ્થાનો.

( અકારાદિક્રમથી )

( B )

| પેજ નં. | ઉલ્લેખ વાક્યો. | સ્થાનનિર્દેશ. |
|---|---|---|
| ૨૩ | अकारादिः पौद्गलिको वर्णः । | प्रमाणनयतत्त्वालोकः ४—९ । |
| १९ | अणुगामिवड्ढमाणय .... । | कर्मविपाककर्मग्रन्थगाथा ८ । |
| ९ | अशरीरा जीवघना ज्ञान-दर्शनशालिनः ... । | ( पूर्णपद्यम् ) ... । |
| २८ | असिद्धविरुद्धानैकान्तिका-स्त्रयो हेत्वाभासाः ... । | प्र० न० त० ६—४७ । |
| २३ | आकाङ्क्षायोग्यतासंनिधिश्च-वाक्यार्थज्ञाने हेतुः ... । | तर्कसंग्रहस्य शब्दखण्डः पृ० ९० । |
| २३ | आप्तवचनादाविर्भूतमर्थसं-वेदनमागमः ... । | प्र० न० त० ४—१ । |
| २६ | एअमियनाणसत्ती आयत्था चेव हंदि लोअंतं ... । | धर्मसंग्रहणीगाथा ३७३ । |
| ६ | एकविंशतिभावाः स्युर्जीव-पुद्गलयोर्मताः ... । | ( पूर्णपद्यम् ) ... । |

| | | |
|---|---|---|
| १२ | काइय अहिगरणीआ...। | नवतत्त्वगाथा २२ । |
| २५ | गंतूण न परिच्छिन्दइ...। | (पूर्णपद्यम्) । धर्म सं. गा. ३७१ । |
| २६ | गुणः सहभावी धर्मो, यथा— आत्मनि विज्ञानव्यक्तिशक्त्यादिः ... ...। | प्र० न० त० ५–७ । |
| ३० | चार्वाकोऽध्यक्षमेकं ...। | (पूर्णपद्यम्) । इदं रत्नाकरावतारिकादिषु दृश्यते । |
| २७ | चित्रमेकमनेकं च ....। | वीतरागस्तोत्रम् । |
| १४ | जं अन्नाणी कम्मं ...। | पुण्यधनकथा । |
| ९ | जिण अजिण ....। | नवतत्त्वगाथा ५५ । |
| ३०. | जैनं साङ्ख्यं तथा बौद्धं...। | (पूर्णपद्यम्) । प्रमेयरत्नकोशः पृ. ७२ । |
| ४ | द्रवत्यदुद्रुवत् ...। | (पूर्णपद्यम्) ...। |
| ४ | द्रव्यं पर्यायवियुतं ....। | ( ,, ) ...। |
| २१ | निश्चिताऽन्यथाऽनुपपत्त्येकलक्षणो हेतुः ...। | प्र. न. त. ३–११ । |
| १४ | पई सहावा वुत्ता (?) । | नवतत्त्वगाथा ३७ । |
| २१ | परोपदेशसापेक्षं ...। | (पूर्णपद्यम्) ....। |
| २१ | प्रतिबन्धप्रतिपत्तेरास्पदं दृष्टान्तः ...। | प्र. न. त. ३–४३ । |
| १४ | मिच्छे सासण ...। | द्वितीयकर्मग्रन्थगाथा २ । |

| | | | |
|---|---|---|---|
| २३ | यथा चेतनाचेतनयोः ....। | प्र. न. त. | ३–६६ । |
| २३ | यदुत्पत्तौ कार्यस्यावश्यं वि-पत्तिःसोऽस्य प्रध्वंसाऽभावः। | प्र. न. त. | ३–६१ । |
| २७ | यदु (द्यु ?) त्पादाद्यपेक्षातः। | ( पूर्णपद्यम् ) | ...। |
| २३ | यन्निवृत्तावेव कार्यस्य समु-त्पत्तिः सोऽस्य प्रागभावः। | प्र. न. त. | ३–५९ । |
| २८ | यस्यान्यथाऽनुपपत्तिः प्रमा-णेन न प्रतीयते सोऽसिद्धः। | प्र. न. त. | ६–४८ । |
| २९ | यस्यान्यथानुपपत्तिः सन्दि-ह्यते सोऽनैकान्तिकः ...। | प्र. न. त. | ६–५४ । |
| १६ | याथार्थ्यानुभवः प्रमा ...। | तर्कसंग्रहः | पृ. ३४ । |
| २३ | वर्णपदवाक्यात्मकं वचनम्। | प्र. न. त. | ४–८ । |
| २३ | वर्णानामन्योऽन्यापेक्षाणां निरपेक्षा संहतिः पदं, प-दानां तु वाक्यम् ...। | प्र. न. त. | ४–१० । |
| २२ | विधिः सदंशः ...। | प्र. न. त. | ३–५६ । |
| १६ | विपरीतैककोटिनिष्टङ्कनं विपर्ययः... ...। | प्र. न. त. | १–९ । |
| ४ | शम्भुः सप्तपदार्थभङ्गिघट-नामासूत्रयन् जृम्भते ...। | कैरवाकरकौमुदी | । |
| २२ | स चतुर्धा–प्रागभावः, प्रध्वं- | | |

| | | |
|---|---|---|
| | साभावः, इतरेतराभावः, अत्यन्ताभावश्च ... । | प्र. न. त. ३–५८ । |
| १५ | संतपयपरूपणया ( ०वणया ) ... । | नवतत्त्वगा. ४३, तथा विशेषावश्यकभाष्यगाथा ४०६ । |
| १३ | समई ( समिई ? ) गुत्ती परीसह ... । | नवतत्त्वगाथा २५ । |
| २६ | स्वतोऽनुवृत्तिव्यतिवृत्तिभाजो भावा न भावान्तरनेयरूपाः ... । | अ. व्य. द्वात्रिंशिकापद्यं ४ । |
| १६ | स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम् ... ... । | प्र. न. त. १–२ । |
| २३ | स्वरूपान्तरात् स्वरूपव्यावृत्तिरितरेतराभावः ... । | प्र. न. त. ३–६३ । |
| २३ | स्वाभाविकसामर्थ्यसमयाभ्यामर्थबोधनिबन्धनं शब्दः । | प्र. न. त. ४–११ । |
| २२ | हेतोः साध्यधर्मिण्युपसंहरणमुपनयः ... । | प्र. न. त. ३–४९ । |

# મૂળ ગ્રંથમાં આવતા કઠિન શબ્દોનો કોશ.

## ( અકારાદિક્રમથી ).

( C )

| શબ્દ. | અર્થ. |
|---|---|
| **અ.** | |
| **अक्षपाद** | ન્યાયદર્શનના પ્રવર્તક ગૌતમઋષિ. (નૈયાયિકો ના ગુરૂ ). |
| **अदृष्ट** | કર્મ, ભાગ્ય, વાસના. |
| **अध्यक्ष** | પ્રત્યક્ષ, વર્તમાનમાં જણાય તે, મુખ્ય. |
| **अनुवृत्ति** | સામાન્ય, અન્વય, એકસરખો વસ્તુમાં રહેલ ધર્મ—જાતિ. |
| **अनेककोटि** | અનેક ધર્મ, વસ્તુના એકથી વધારે પર્યાય. |
| **अनेकान्त** | સ્યાદ્વાદ. |
| **अनैकान्तिक** | સાધ્ય સિવાય બીજે સ્થલે પણ રહે તેવો હેત્વાભાસ. |
| **अवकाश** | જગ્યા, સ્થાન. |
| **अवक्तव्य** | શબ્દથી નહિ કહેવા યોગ્ય, અનિર્વચનીય |
| **अविनाभाव** | વ્યાપ્તિ, સાથે રહેવાપણું. |
| **अविष्वग्भाव** | કોઇ દૃષ્ટિએ અભિન્નપણું, એકપણું. |
| **આ.** | |
| **आप्त** | વિશ્વાસ કરવા લાયક પુરૂષ, હિતૈષી, મુરબ્બી. |
| **आम्नाय** | પૂર્વપરંપરા, શાસ્ત્ર, સંપ્રદાય. |
| **आवली** | એક નાનો કાળ, જેમાં અસંખ્યસમય ( ક્ષણ ) વીતે તેવો કાળ. |
| **आसूत्रयन्** | કરતો, રચતો. |
| **आस्रव (०श्रव)** | કર્મ બાંધવાનું નિમિત્ત, કર્મબંધન. |
| **ઈ.** | |
| **ईर्यासमिति** | દૃષ્ટિથી બરાબર જોઇને ચાલવું તેવી સારી ગતિ. |
| **ઉ.** | |
| **उपक्रम** | પ્રારંભ. |
| **उपयोग** | જ્ઞાન, જાણવાની ક્રિયા કરતું સામાન્ય તથા વિશેષજ્ઞાન. |

**उपादान** વસ્તુનું મૂળકારણ, મૂળ-દ્રવ્ય, સમવાયિકારણ.

**ઔ.**

**औदासीन्य** ઉપેક્ષા, ઉદાસીનતા, સમભાવ.

**औपचारिक** કલ્પિત, ગૌણ, અતાત્ત્વિક.

**औलुक्य** કણાદઋષિસંબંધી, વૈશેષિક દર્શન.

**ક.**

**कटक** કડું, બલોયું, વલય.

**कणभुज्** કણાદઋષિ, વૈશેષિકદર્શનના પ્રવર્તક.

**कथञ्चित्** કોઇદૃષ્ટિએ, કોઇરીતે, ગમે તે પ્રકારે.

**कलश** ઘડો.

**कुट** ઘર, ઘડો, ઝાડ.

**कूर्च** દાઢી, મૂચ્છ.

**कृत्स्न** બધું, સઘળું.

**ગ.**

**गुप्ति** મર્યાદામાં રાખવું, ગોપવવું, રક્ષણ કરવું.

**गोचर** વિષય, જ્ઞેય, લક્ષ્ય.

**गौर** ધોળું, ઉજ્વલ.

**ચ.**

**चतुष्टय** ચાર.

**चरम** છેલ્લો, પાછલનો.

**चाक्षुष** આંખથી જોઇ શકાય તેવું, રૂપ, ચક્ષુષથી ઉત્પન્ન થએલ જ્ઞાન.

**चेतना** જ્ઞાન, બુદ્ધિ.

**चैतन्य** જ્ઞાન, બુદ્ધિ, આત્મત્વ.

**જ.**

**जिनपति** તીર્થંકર.

**જ્ઞ.**

**ज्ञप्ति** જાણવું, નિશ્ચય કરવો, જ્ઞાન.

**ત.**

**तर्क** વિચાર, પરામર્શ, પદાર્થ.

**तर्क्य** વિચારકરવા યોગ્ય, વસ્તુ.

**तुर्य** ચોથું.

**तृतीय** ત્રીજું.

**त्रय** ત્રણ.

**त्रितय** ત્રણ.

**દ.**

**दर्शन** સાચા પદાર્થો ઉપર સાચી શ્રદ્ધા, સામાન્ય જ્ઞાન, દેખવું.

**दाक्षिणात्य** દક્ષિણ દેશનું.

**दृष्टि** દર્શન, મત, આંખ.

**द्रव्य** મૂળવસ્તુ, ઉપાદાનકારણ, અનુગત પદાર્થ.

**द्वैत** બે, જોડલું, બેપણું.

**ધ.**

**धूमलेखा** ધૂમાડાની રેખા, ધૂમની પરંપરા.

**ध्रुव** નિત્ય, શાશ્વત.

**ध्रौव्य** નિત્યપણું, મૂળદ્રવ્ય.

**ध्वनि** શબ્દ, અવાજ.

**ન.**

**निर्जरा** કર્મના ક્ષયનું કારણ, કર્મક્ષય.

**निष्टङ्क** જાણવું, નિશ્ચય કરવો.

**પ.**

**पर्याय** વસ્તુનો ફેરફારવાળો ગુણ કે ધર્મ, રૂપાન્તર, અવસ્થા.

**पारमर्ष** કપિલમુનિ, તેનું સાંખ્યદર્શન અથવા તેને માનનાર

**पुरन्दर** ઇન્દ્ર.

**पौर्व** પૂર્વનું, પહેલું.

**प्रकृति** કર્મનો પ્રકાર, સ્વભાવ.

**प्रतिपद्** એકમ.

**प्रत्यक्ष** ઇન્દ્રિયમન અને આત્માથી સાક્ષાત્ જણાય તેવું જ્ઞાન, સ્પષ્ટ જ્ઞાન.

**प्रत्यभिज्ञान** ભૂત અને વર્તમાનનું મિશ્રિતજ્ઞાન.

**प्रमाण** જેથી વસ્તુ જણાય તે, સાચું જ્ઞાન.

**प्रमातृ** વસ્તુને પારખનાર આત્મા.

**प्रमिति** પ્રમાણનું ફળ. ઇન્દ્રિય મનઆદિની સહાયતાથી ઉત્પન્ન થએલ જ્ઞાન.

**प्रमेय** પ્રમાણથી જાણવા યોગ્ય, પદાર્થ.

**प्रामाणिक** પ્રમાણને માનનાર કે કહેનાર, આપ્ત.

**ભ.**

**भट्ट** કુમારિલ ભટ્ટ, મીમાંસક.

**મ.**

**मठाकाश** સાધુ કે વિદ્યાર્થીઓના રહેવાનું સ્થાન તે મઠ; તેથી ઘેરાએલું આકાશ તે મઠાકાશ, મઠની જગ્યા.

**महित** પૂજ્ય.

**महानस** રસોડું, રાંધવાનું સ્થાન.

**मानस** મનદ્વારા—મનથી ઉત્પન્ન થએલ જ્ઞાન, મનસંબંધી.

**मारवीय** મારવાડ દેશમાં થએલ, મારવાડનું.

**मिथ्यात्व** આત્મા ઉપર ચોટેલ ખરાબ પુદ્ગલો, જૂઠ, જૂઠપણું, પદાર્થ ઉપર

यथार्थ श्रद्धा नहि थवा देनारी अतत्त्वબુદ્ધિ, અજ્ઞાન.

**मुहूर्त्त** બે ઘડી, ૪૮ મિનિટ જેટલો કાળ.

**मृण्मय** માટીથી બનેલ.

**मृत्पिण्ड** માટીનો લોચો.

**य.**

**यतिन्** સાધુ, જૈનસાધુ.

**युगपत्** એકસાથે.

**योग** મન, વાણી અને શરીરની ક્રિયા, યોગ દર્શન, આત્મસાધના.

**यौग** નૈયાયિક દર્શન અને તેનો અનુયાયી.

**र.**

**रजत** ચાંદી, રૂપું.

**रासन** જીભથી ઉત્પન્ન થએલ સ્વાદનું જ્ઞાન, રસજ્ઞાન.

**ल.**

**लक्ष्य** જેનું લક્ષણ કરવું છે તે, જાણવાયોગ્ય.

**लौकायितक** ચાર્વાકદર્શન, નાસ્તિકવાદ અને તેનો માનનાર.

**व.**

**वक्तव्य** શબ્દથી કહેવાય તેવું.

**वप्तृ** પિતા, ઉત્પન્ન કરનાર.

**वर्ण** 'અ' વિગેરે અક્ષર, રૂપ.

**वाच्** વાણી, સરસ્વતી, જ્ઞાન.

**वासान्तिक** વસન્તઋતુમાં થએલ.

**विकल** અપૂર્ણ, અધુરૂં.

**विप्रमोक्ष** મૂળથી વિનાશ, ક્ષય.

**विशेष** કોઇ પ્રકારની વિશેષતા, નવીનતા, વ્યતિરેક, વ્યાવૃત્તિ, વ્યતિવૃત્તિ.

**विषय** — કોઇપણ ચીજ, જ્ઞાનથી જાણવા યોગ્ય ( પ્રમેય ઘટાદિ પદાર્થ, ) રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ.

**वीर्य** આત્મશક્તિ, બળ.

**व्यतिकीर्ण** ભિન્ન, જૂદું જૂદું.

**व्यतिरेक** સાધ્યના અભાવમાં સાધનનો અભાવ.

**व्यतिवृत्ति** જૂઓ વિશેષ.

**व्यवसाय** નિશ્ચય.

**व्याप्ति** અવિનાભાવ, સાધ્ય અને હેતુનો સંબંધ.

**व्यावृत्ति** વિશેષધર્મ, વ્યતિરેક.

**श.**

**शक्र** ઇન્દ્ર.

**शाब्द** આગમ પ્રમાણ, શબ્દથી થએલ જ્ઞાન.

**शाश्वत** નિત્ય, સ્થિર.

**शिवराजर्षि** તે નામનો એક સાધુ.

**शुक्तिका** છીપ, શુક્તિ.

**शैल** પર્વત.

**शैशिर** શિયાળાની ઋતુમાં બનેલ.

**श्रावण** કાનથી ઉત્પન્ન થએલ જ્ઞાન, શબ્દજ્ઞાન.

**श्रुत** શ્રુતજ્ઞાન, શાસ્ત્રથી થએલ જ્ઞાન, શાસ્ત્ર, આપ્ત વાણી.

**श्रुति** શ્રુતજ્ઞાન, શાસ્ત્ર.

## સ.

**संकलन** જોડવું, મેળવવું.

**संयोग** બે રૂપી દ્રવ્યનું જોડાણ, ભેગું કરવું, અડવું.

**संनिकर्ष** ભેગુ મળવું, સંયોગ-સંબંધ.

**सन्निधि** પાસે રહેવું, સમીપ.

**सन्निभ** તુલ્ય.

**सपक्ष** પક્ષ-( સાધ્યના મૂળ આધાર- ) જેવું બીજું સ્થાન.

**सप्तभङ्गी** સાત ભાંગા, સાત ભેદનો સમૂહ.

**समय** શાસ્ત્ર, સિદ્ધાન્ત, જેના બે ભાગ ન થઇ શકે તેવો નાનો કાળ, ક્ષણ.

**समारोप** અપૂર્ણ જ્ઞાન, ખોટું જ્ઞાન.

**सम्प्रति** હમણાં, વર્તમાનમાં.

**सम्भार** સમૂહ, જથ્થો.

**सम्यक्त्व** યથાર્થ પદાર્થને યથાર્થ રીતે ઓળખાવનાર આત્માનો ગુણ, તત્ત્વ ઉપર સાચી શ્રદ્ધા, સાચાપણું.

**सहकारिन्** સાથે રહેનાર, નિમિત્ત-કારણ, સહાયક.

**सहभाव** સાથે રહેવું, સાથેપણું.

**साक्षात्कारिन्** પ્રત્યક્ષ કરાવનાર, દેખાડનાર, પ્રત્યક્ષજ્ઞાન.

**सामान्य** સમાનતા, અન્વય, જાતિ.

**सितपट** શ્વેતામ્બર.

**सिद्ध** કર્મથી છૂટેલ જીવ, મુક્ત.

**सुगत** બુદ્ધ, બૌદ્ધધર્મ.

**स्थाणु** ઠૂંઠું.

**स्पार्शन** સ્પર્શથી થએલ જ્ઞાન.

**स्याद्वाद** અનેક દૃષ્ટિથી વસ્તુને પારખનાર સિદ્ધાન્ત.

## હ.

**हेत्वाभास** જૂઠો હેતુ.

# મૂળ ગ્રંથ અને સંપાદકીય નોટોમાં આવતા

# ગ્રંથોનાં નામો.

## (અકારાદિક્રમથી).

( D )

### મૂળમાં

કર્મગ્રંથ
કૈરવાકરકૌમુદી
રત્નાકરાવતારિકા
સ્યાદ્વાદમંજરી

### નોટોમાં

અદ્વૈતસિદ્ધિ
અન્યયોગવ્યવચ્છેદકદ્વાત્રિંશિકા
કર્મવિપાકકર્મગ્રંથ
તત્ત્વાર્થસૂત્ર
,, ભાષ્ય
,, ,, ટીકા
તર્કસંગ્રહ
દંડક
દ્વિતીયકર્મગ્રન્થ
ધર્મસંગ્રહણી
નવતત્ત્વ
ન્યાયદર્શનસૂત્ર
ન્યાયદીપિકા
ન્યાયબિન્દુ
પુણ્યધનકથા
પ્રજ્ઞાપનાસૂત્ર
પ્રમાણનયતત્ત્વાલોક
,, પ્રસ્તાવના
પ્રમાણમીમાંસા
પ્રમેયરત્નકોશ
ભગવતીસૂત્ર
,, ટીકા
મુક્તાવળી
યોગશાસ્ત્ર
રત્નાકરાવતારિકા
વિશેષાવશ્યક ભાષ્ય
વીતરાગ સ્તોત્ર
સન્મતિતર્ક
,, ટીકા
સાંખ્યતત્ત્વકૌમુદી
સ્યાદ્વાદમંજરી
સ્યાદ્વાદમુક્તાવળી

---

**छात्राणामानुकूल्याय हिमांशुविजयो मुनिः ।**
**कृतवान् सप्तपदार्थ्यां परिशिष्टचतुष्टयम् ॥**

# શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા.

| નંબર | નામ | ભાષા | કર્તા યા સંપાદક | કિંમત |
|---|---|---|---|---|
| ૧ | વિજયધર્મસૂરિ સ્વર્ગવાસ પછી. | ગુજરાતી. | શ્રીવિદ્યાવિ. | ૨–૮–૦ |
| ૨ | ધર્મવિયોગમાળા | સં. કાવ્ય. | શ્રીહિમાંશુવિ. | ૦–૨–૦ |
| ૩ | પ્રમાણનયતત્ત્વાલોક (સટીક) | સં. ન્યાય | ,, | ૦-૧૪-૦ |
| ૪ | શ્રાવકાચાર | હિન્દી | શ્રીવિદ્યાવિ. | ૦–૪–૦ |
| ૫ | વિજયધર્મસૂરિ કે વચનકુસુમ | ,, | ,, | ૦–૪–૦ |
| ૬ | ,, | ગુજરાતી | ,, | ૦–૪–૦ |
| ૭ | સેઈંગ્ઝ ઑફ વિજયધર્મસૂરિ | અંગ્રેજી | ડૉ. ક્રૌઝે | ૦–૪–૦ |
| ૮ | જયન્તપ્રબન્ધ | સંસ્કૃત-ગુ. | શ્રીહિમાંશુવિ. | ૦–૩–૦ |
| ૯ | વિજયધર્મસૂરિઅષ્ટપ્રકારીપૂજા | હિન્દી | શ્રીવિદ્યાવિ. | ૦–૪–૦ |
| ૧૦ | આબૂ ( ૭૦ ફોટા સાથે ) | ગુજરાતી | શ્રીજયન્તવિ. | ૨–૮–૦ |
| ૧૧ | વિજયધર્મસૂરિ | ,, | ધી. ટો. શાહ | ૦–૨–૦ |
| ૧૨ | શ્રાવકાચાર | ,, | શ્રીવિદ્યાવિ. | ૦–૩–૦ |
| ૧૩ | રાણી સુલસા | ,, | ,, | ૦–૩–૦ |
| ૧૪ | સમયને ઓળખો ભાગ ૨ જો | ,, | ,, | ૦-૧૦-૦ |
| ૧૫ | ,, ભાગ ૧ લો | ,, | ,, | ૦-૧૨-૦ |
| ૧૬ | એન આઇડીયલમંક | અંગ્રેજી | એ.જે. સુનાવાલા | ૫–૦–૦ |
| ૧૭ | સમ્યક્ત્વપ્રદીપ | ગુજરાતી | ઉ.શ્રીમંગલવિ. | ૦–૪–૦ |
| ૧૮ | વિજયધર્મસૂરિઅષ્ટપ્રકારીપૂજા | ,, | ,, | ૦–૪–૦ |
| ૧૯ | જૈન સપ્તપદાર્થી | સં.ન્યાય | શ્રીહિમાંશુવિ. | ૦–૫–૦ |
| ૨૦ | બ્રહ્મચર્ય દિગ્દર્શન | ગુજરાતી | શ્રીવિ.ધર્મસૂરિ | ૦–૩–૦ |
| ૨૧ | પ્રમાણનયતત્ત્વાલોકપ્રસ્તાવના | સંસ્કૃત | શ્રીહિમાંશુવિ. | ૦–૩–૦ |
| ૨૨ | ઉત્તરાધ્યયન ભાગ ૪ થો ( કમળસંયમી ટીકા ) | સં. | શ્રીજયન્તવિ. | ૩–૮–૦ |

# અગત્યના ગ્રંથો.

**સમયને ઓળખો:**—( ભાગ ૧ લો ને ૨ જો ) સમાજનાશક રૂઢિયોની સ્હામે બેઠો બળવો જગાડનાર, સમાજના પ્રત્યેક અંગમાં રહેલા સડાને જાહેર કરનાર અને સમાજની ઉન્નતિ માટે–સુધારા માટે સમયના સંદેશનું બ્યૂગલ ફૂકનાર લગભગ સાઠ લેખોનો સંગ્રહ આ બન્ને ભાગોમાં આપવામાં આવ્યો છે. એના લેખક છે મુનિરાજશ્રી વિદ્યાવિજયજી, કે જેમની કલમ માટે જૈનસમાજને પરિચય કરાવવાની જરૂર જ ન હોય. પહેલા ભાગની કિંમત ૦–૧૨–૦, જ્યારે બીજાની છે ૦–૧૦–૦

**આબૂ:**—( ભાગ ૧ લો ) હિંદી કે બંગાળી, ગુજરાતી કે મરાઠી, કોઇપણ ભાષામાં આબૂ પહાડની સંપૂર્ણ માહિતી અને તમામ દેખાવોના ફોટા સાથેનું જો કોઇપણ પુસ્તક બહાર પડયું હોય તો આ એક જ છે. આબૂ ઉપરનાં તમામ મંદિરો અને બીજાં તમામ દશ્યો અને તેની સાથે સાથે તેનો ઇતિહાસ, તેમજ આબૂની મુલાકાત લેનારાઓને માટે ન્હાનામાં ન્હાની ને મ્હોટામાં મ્હોટી વસ્તુની માહિતી આ પુસ્તક પૂરી પાડે છે. હિન્દી ભાષામાં પણ છે. લગભગ ૭૫ ફોટાઓ, પાકું બાઇન્ડીંગ સાથે એક બૃહદ્ગ્રન્થ હોવા છતાં કિંમત માત્ર અઢી રૂપિયા. આના લેખક છે પ્રાચીન શોધખોળના અભ્યાસી મુનિરાજશ્રી જયન્તવિજયજી.

**ઉત્તરાધ્યયન સૂત્ર:**—(કમલસંયમી ટીકાયુક્ત) ઉત્તરાધ્યયનસૂત્રનો ચોથે ભાગ બહાર પડી ચૂકયો છે. જેઓએ ત્રણ ભાગો ટપોટપ ઉપાડી લીધા હતા, તેમણે જલદી જ ચોથો ભાગ મંગાવી લેવો. આ ભાગની કિંમત પણ સાડાત્રણ રૂપિયા જ છે. અને તેના સંપાદક પણ મુનિરાજશ્રી જયન્તવિજયજી છે.

પ્રાપ્તિસ્થાન—

**મંત્રી:-શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા.**
છોટા સરાફા, **ઉજ્જૈન** ( માળવા )

## ‘प्रमाणनयतत्त्वालोक (सटीक)’

આના કર્ત્તા વાદિદેવસૂરિ છે. જૈની સપ્તપદાર્થી પછી આ ગ્રંથ ભણવાથી ન્યાયનો અભ્યાસ આગળ વધે છે. મુનિશ્રી હિમાંશુવિજયજીએ આને નવી પદ્ધતિએ સંપાદિત કરી આમાં અનેક વિશેષતાઓ દાખલ કરી છે. ટીકા સહેલી અને સુંદર છે. અનેક જૈન અજૈન સંસ્થાઓએ આ ગ્રંથને પાઠ્યક્રમમાં દાખલ કર્યો છે. પૃ. ૨૪૦ ની કિંમત ૦-૧૪-૦

આ ગ્રન્થ વિષે પત્રકારો શું કહે છે? તે જૂઓ-

जैनदर्शनतत्त्वस्य शृङ्गग्राहिकया परिज्ञानं सम्पादयितुमिच्छतां अतीवोपयुक्तोऽयं ग्रन्थः। एतद्ग्रन्थकारस्य श्रीवादिदेवसूरेः वैक्रमे ११४३ वर्षे जन्मेति, पूर्णचन्द्र इति मातापितृभ्यां कृतं नामधेयमिति, एकविंशे वयसि, ‘देवसूरिः’ इति बिरुदेन सम्भाव्य आचार्यपदे स्थापित इति, अन्येन प्रौढपण्डितेन सह प्रवृत्ते वादे अनेन विजितमिति, एवमाद्यन्यदपि च प्रस्तावनायां तत्रभवता सम्पादकमहाशयेन चतुरं सप्रमाणं निरूपितमस्ति। अत इदं सुस्पष्टं ज्ञायते यत् य एवास्मद्देशे दिग्गजकल्पानां अतिप्रौढानां लोकप्रसिद्धगम्भीरविविधशास्त्रग्रन्थकाराणां महापण्डितानां कालः स एवास्यापि श्रीवादिदेवसूरेरिति। तदातनपण्डितस्वरूपानुगुणाः, प्रौढिः रामणीयकं प्रसन्नतेति सर्वे गुणा अत्र पुष्कला दृश्यन्ते। अस्य ग्रन्थस्य प्राप्तिसमनन्तरमेव कार्यान्तरं परित्यज्य एकमप्यक्षरमविहाय आमूलाग्रं तमवालोकयाम, तेनेदमूर्जितं वक्तुं शक्नुमः यदेतत्तुल्यो जैनदर्शनावगमौपयिकोऽन्यो ग्रन्थः प्रायो नास्तीति। व्याख्याताऽपि अतिसरलां रीतिमवलम्ब्य अन्यूनानधिकं सर्वसुगमं व्याचष्टे। **‘उद्यानपत्रिका’** जूलाई १९३३

જૈન ન્યાયના ગ્રંથોમાં શ્રી વાદિદેવસૂરિ કૃત ઉપરોક્ત ગ્રંથ બહુજ મહત્વનું સ્થાન ભોગવે છે. આ ગ્રંથ કલકત્તા, મુંબઇ અને બીજી અનેક યુનવર્સીટીના ગ્રેજ્યુએટના કોર્સમાં, ન્યાય પ્રથમામાં અને એજ્યુકેશન બોર્ડમાં દાખલ થયેલ છે. એજ એ ગ્રંથની ઉપયોગિતા સિદ્ધ કરે છે. મુનિરાજશ્રી હિમાંશુવિજયજીએ ત્હેને નૂતન દૃષ્ટિથી એડીટ કરેલ છે. એટલુંજ નહિ પણ નોટ, પાઠાંતર, અનુક્રમણિકા આદિ આપી ગ્રંથ, ગ્રંથકાર અને જૈન ન્યાયના વિષયમાં સારો પ્રકાશ પાડયો છે. સાથે શ્રી રામગોપાલાચાર્ય કૃત બાલબોધિની નામની એક અપ્રસિદ્ધ ટીકા પણ છે કે જે ગ્રંથની શોભામાં ઓર વધારો કરે છે. એકંદરે જૈન ન્યાયમાં રસલેતા દરેક વિદ્વાનો માટે આ ગ્રંથ આશીર્વાદ સમાન છે, મુનિરાજશ્રી હિમાંશુવિજયજીની આ સાહિત્ય સેવા પ્રારંભિક છે, છતાં તેમણે ઠીક ઉન્નતિ સાધી છે એમ કબુલ્યા સિવાય ચાલી શકે તેમ નથી. 'પ્રબુદ્ધજૈન'

## प्रमाणनयतत्त्वालोकप्रस्तावना

પ્રમાણનય તત્ત્વાલોક ઉપર તેના સંપાદક મુનિજીએ ગંભીરતાપૂર્ણ વિશાલ પ્રસ્તાવના લખી છે જેમાં જૈન ન્યાય અને વાદિદેવસૂરિના ઇતિહાસ ઉપર સારો પ્રકાશ પાડ્યો છે. તેને અમે જૂદી પણ પ્રકાશિત કરી છે. મૂલ્ય ત્રણ આના.

લખો:—

**મંત્રી:—શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા**

છોટા સરાફા—ઉજ્જૈન ( માળવા )